વિ. સંવત ૨૦૮૧, અષાઢ સુદ - ૧૪

WEDNESDAY
09 JULY 2025

LOKASATTA JANASATTA
VADODARA

(A Leading Gujarati Daily Since 1951)

# લોકસત્તા જનસત્તા

@LoksattaJansatta @loksattajansatta YouTube @theloksatta www.loksattanews.co.in નીડર અને નિષ્પક્ષ

• કુલ પાના ૧૨ • કિંમત ₹ ૫.૦૦ • YEAR-74 • VOL 217 CMD : Sanjay Shah

### બેંકો, વીમા, પોસ્ટ, કોલસા ખાણકામ, હાઇવે, બાંધકામ અને સરકારી પરિવહન વિભાગો બંધ પાળશે : રૂ. ૧૫,૦૦૦ કરોડના વ્યવહારો ઠપ થવાની શક્યતા

# આજે ભારત બંધ : ૨૫ કરોડ કર્મચારી હડતાળ પર

### ગ્રામીણ વિસ્તારોમાં વિરોધ પ્રદર્શન, રેલીઓ અને સભાનું આયોજન : પહેલા નવેમ્બર ૨૦૨૦, માર્ચ ૨૦૨૨ અને ફેબ્રુઆરી ૨૦૨૪ હડતાળ યોજાઇ હતી

નવી દિલ્હી, તા.૮

આવતીકાલે, ૯ જુલાઈના રોજ, દેશભરમાં ૨૫ કરોડથી વધુ કર્મચારીઓ અને સંગઠનો દ્વારા ભારત બંધનું એલાન આપવામાં આવ્યું છે. ૧૦ કેન્દ્રીય ટ્રેડ યુનિયનો અને તેમના આનુષંગિક સંગઠનો દ્વારા કેન્દ્ર સરકારની નીતિઓ, જેને તેઓ મજૂર વિરોધી, ખેડૂત વિરોધી અને કોર્પોરેટ તરફી માને છે, તેના વિરોધમાં આ હડતાળનું આયોજન કરવામાં આવ્યું છે. આ હડતાળના કારણે બેંકો, વીમા, પોસ્ટ, કોલસા ખાણકામ, હાઈવે, બાંધકામ અને સરકારી પરિવહન જેવી મહત્વપૂર્ણ સેવાઓ પ્રભાવિત થઈ શકે છે, જેનાથી અંદાજિત રૂ. ૧૫,૦૦૦ કરોડના વ્યવહારો ઠપ થવાની શક્યતા છે.

આ હડતાળમાં ૨૫ કરોડથી વધુ કર્મચારીઓ જોડાશે. તેમાં બેંકો, પોસ્ટ, કોલસા ખાણકામ, વીમા, પરિવહન, કારખાનાઓ અને બાંધકામ જેવા અનેક ક્ષેત્રોના કર્મચારીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, યુનાઈટેડ કિસાન મોરચા (એસકેએમ) અને કૃષિ કામદારોના સંગઠનોનો પણ આ હડતાળને ટેકો મળ્યો છે, જેઓ ગ્રામીણ વિસ્તારોમાં મોટા પાયે વિરોધ પ્રદર્શન, રેલીઓ અને સભાઓનું આયોજન કરશે. કેટલાક વિરોધ પક્ષો પણ આ હડતાળને ટેકો આપી રહ્યા છે. જોકે, રેલવે અને પર્યટન જેવા કેટલાક મહત્વપૂર્ણ ક્ષેત્રોને આ હડતાળથી દૂર રાખવામાં આવ્યા છે.

આ પ્રકારની દેશવ્યાપી હડતાળો ટ્રેડ યુનિયનો દ્વારા પહેલા પણ યોજવામાં આવી છે, જેમ કે નવેમ્બર ૨૦૨૦, માર્ચ ૨૦૨૨ અને ફેબ્રુઆરી ૨૦૨૪માં, જેમાં લાખો કામદારો અને ખેડૂતોએ ભાગ લીધો હતો. યુનિયનોએ આ હડતાળ શાંતિપૂર્ણ રહેશે અને તેમનો હેતુ સરકારનું ધ્યાન ખેડૂતો અને કામદારોની સમસ્યાઓ તરફ દોરવાનો છે તેમ જણાવ્યું છે.

અત્યાર સુધી, આ હડતાળ પર સરકાર તરફથી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી. જોકે, ભૂતકાળમાં સરકારે આવી હડતાળોને મર્યાદિત અસર વાળી ગણાવી છે. આ વખતે પણ સરકાર અને યુનિયનો વચ્ચે તણાવ વધી શકે છે, કારણ કે યુનિયનો સરકારની નીતિઓમાં પરિવર્તનની માગ કરી રહ્યા છે.

#### ટ્રેડ યુનિયનો શા માટે હડતાળ પર ઉતર્યા છે?

- જાહેર ક્ષેત્રનું ખાનગીકરણ: સરકાર કોર્પોરેટ્સને ફાયદો પહોંચાડવા માટે જાહેર ક્ષેત્રની કંપનીઓનું ખાનગીકરણ કરી રહી છે.
- કામદારોના અધિકારોનું હનન: કામદારોના અધિકારો છીનવી લેવામાં આવી રહ્યા છે.
- શ્રમ સંહિતા: ચાર નવા શ્રમ સંહિતાથી હડતાળ અને સામૂહિક સોદાબાજી જેવા કામદારોના અધિકારોને નબળા બનાવવામાં આવી રહ્યા છે.

#### હડતાળથી કઈ સેવાઓ પ્રભાવિત થશે?

- બેંકિંગ: જાહેર ક્ષેત્રની અને સહકારી બેંકો બંધ રહી શકે છે અથવા મર્યાદિત સેવાઓ આપી શકે છે.
- ટપાલ સેવાઓ: કામગીરી ખોરવાઈ શકે છે, જેના પરિણામે ટપાલ વિતરણમાં વિલંબ થઈ શકે છે.
- પરિવહન: સરકારી બસો અને રાજ્ય પરિવહન સેવાઓ બંધ થઈ શકે છે, જેના કારણે મુસાફરોને અસુવિધા થઈ શકે છે.
- કોલસા ખાણકામ: કોલસા ખાણકામ અને ઔદ્યોગિક એકમોમાં કામ બંધ થઈ શકે છે.
- વીમા ક્ષેત્ર: એલઆઈસી અને અન્ય વીમા કંપનીઓની ઓફિસોમાં કામકાજ પ્રભાવિત થશે.

#### શાળાઓ અને કોલેજો પર પણ અસર

શાળાઓ અને કોલેજો સંપૂર્ણપણે બંધ હોવાની કોઈ સ્પષ્ટ માહિતી નથી. જોકે, પરિવહન સેવાઓમાં વિક્ષેપને કારણે વિદ્યાર્થીઓ અને સ્ટાફને મુસાફરીમાં મુશ્કેલીઓ આવી શકે છે. જો તમે કોઈપણ શાળા કે કોલેજ સાથે સંકળાયેલા છો, તો સ્થાનિક વહીવટીતંત્ર અથવા સંબંધિત સંસ્થાનો સંપર્ક કરવો વધુ સારું રહેશે.

### વિધાનસભાની ચૂંટણી પહેલા બિહારની નીતિશ કુમાર સરકારની યુવાનો, મહિલાઓને મોટી ભેટ

## બિહારમાં સરકારી નોકરીમાં મહિલાઓ માટે ડોમિસાઈલ, રાજ્ય બહારની મહિલાઓને અનામતનો લાભ નહીં મળે

### ૩૫ ટકા અનામતનો લાભ ફક્ત બિહાર રાજ્યની મહિલાઓને જ અપાશે, યુવાનો માટે આયોગની રચના



પટણા, તા.૮

બિહાર સરકારે સરકારી નોકરીઓમાં મહિલાઓ માટે ડોમિસાઈલ નીતિ લાગુ કરી દીધી છે. મંગળવારે યોજાયેલી નીતિશ કેબિનેટની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ નિર્ણય અનુસાર, હવે ફક્ત બિહાર રાજ્યની મહિલાઓને જ ૩૫ ટકા અનામતનો લાભ મળશે. અગાઉ, અન્ય રાજ્યોની મહિલાઓને પણ આ અનામતનો લાભ મળતો હતો, પરંતુ હવે બિહાર બહારની મહિલાઓને સામાન્ય શ્રેણીમાં ગણવામાં આવશે. કેબિનેટની બેઠકમાં કુલ ૪૩ એજન્ડાને મંજૂરી આપવામાં આવી છે.

બિહારમાં પહેલીવાર બિહાર યુવા આયોગની રચના કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ચૂંટણી વર્ષમાં નીતિશ સરકારે લીધેલો આ નિર્ણય વિપક્ષી નેતા તેજસ્વી યાદવના સરકાર બન્યા પછી યુવા આયોગ બનાવવાની જાહેરાત બાદ આવ્યો છે. ઉપરાંત, બિહાર સરકારે દિવ્યાંગ વ્યક્તિઓ માટે નાગરિક સેવા પ્રોત્સાહન યોજના નામની એક નવી યોજના પણ શરૂ કરી છે. આ યોજનાનો લાભ પછાત વર્ગ, સામાન્ય શ્રેણી અથવા આર્થિક રીતે નબળા વર્ગના દિવ્યાંગ ઉમેદવારોને આપવામાં આવશે. જોકે, તેમને રાજ્યની અન્ય કોઈ સિવિલ સર્વિસીસ તૈયારી યોજના માટે પાત્ર ન હોવા જોઈએ. આ યોજના હેઠળ, જો દિવ્યાંગ ઉમેદવારો બીપીએસસી અથવા યુપીએસસીની પ્રારંભિક પરીક્ષા પાસ કરે છે, તો તેમને મુખ્ય પરીક્ષાની તૈયારી માટે રૂ. ૫૦,૦૦૦ ની સહાય રકમ આપવામાં આવશે અને ઈન્ટરવ્યૂની તૈયારી માટે રૂ. ૧ લાખ આપવામાં આવશે. આ યોજના દિવ્યાંગ લોકોને સિવિલ સર્વિસીસમાં સફળતા પ્રાપ્ત કરવા માટે પ્રોત્સાહિત કરવા માટે શરૂ કરવામાં આવી છે.

આ નિર્ણયો બિહાર સરકારની મહિલા સશક્તિકરણ, યુવાનોને રોજગારી અને ખેતી તથા પર્યાવરણ જેવા ક્ષેત્રોમાં સુધારા લાવવાની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

આગામી સમયમાં બિહાર વિધાનસભાની ચૂંટણી આવી રહી છે. ત્યારે ભાજપ દ્વારા બિહાર પર ધ્યાન કેન્દ્રિત કરાયું છે. બીજી તરફ એનડીએના સાથી નીતિશ કુમાર દ્વારા પણ ચૂંટણીને ધ્યાને રાખી મોટી જાહેરાતો કરાઈ રહી છે. આજરોજ મળેલી કેબિનેટ બેઠકમાં પણ ૪૩ જેટલા મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યા છે. જે પણ ચૂંટણી લક્ષી હોવાનો રાજકીય તજજ્ઞોનો મત છે.

#### કેબિનેટ દ્વારા મંજૂર કરાયેલા મહત્વપૂર્ણ એજન્ડા

- બાજરી યોજના: વર્ષ ૨૦૨૫-૨૬ માં ખરીફ સિઝનમાં વરસાદ આધારિત અનાજની ખેતીને પ્રોત્સાહન આપવા માટે રૂ. ૪૬.૭૫ કરોડ ખર્ચ કરવામાં આવશે.
- ડીઝલ સબસિડી યોજના: જો ચોમાસું નબળું હોય, દુષ્કાળ હોય અથવા ઓછો વરસાદ હોય, તો ચોખા, મકાઈ, જુવાર, કઠોળ, તેલીબિયાં, શાકભાજી, ઔષધીય અને સુગંધિત છોડની સિંચાઈ માટે રૂ. ૧૦૦ કરોડની ડીઝલ સબસિડી યોજના અમલમાં મૂકવામાં આવશે.
- ઘઉં બીજ યોજના: રવિ સિઝનમાં સારી ગુણવત્તાવાળા ઘઉંના બીજના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે રૂ. ૬૫ કરોડ ખર્ચવામાં આવશે.
- ગ્રામ (કઠોળ) પ્રોત્સાહન યોજના: રવિ સિઝનમાં ચણાનું ઉત્પાદન વધારવા માટે રૂ. ૩૦.૨૧ કરોડ ખર્ચવામાં આવશે.
- બિહાર શહેર ગેસ વિતરણ નીતિ ૨૦૨૫: શહેરોમાં સ્વચ્છ અને પર્યાવરણને અનુકૂળ કુદરતી ગેસનો ઉપયોગ વધારવા માટે આ નીતિ મંજૂર કરવામાં આવી છે.
- શિક્ષણ વિભાગ: સૈનિક સ્કૂલ નાલંદા અને ગોપાલગંજમાં અભ્યાસ કરતા બિહારના વિદ્યાર્થીઓને પોષણ (ખોરાક) અને શાળા ખર્ચ માટે આપવામાં આવતી નાણાકીય સહાયની રકમ વધારવા માટે મંજૂરી આપવામાં આવી છે. આ ફેરફાર નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ થી લાગુ થશે.

### ભારત સાથે ડીલને લઈને ગુડ ન્યૂઝ આપ્યા

## ડોનાલ્ડ ટ્રમ્પે ભારત માટે ટેરિફની ડેડલાઈન ૧ ઓગસ્ટ સુધી લંબાવી

### બાંગ્લાદેશ-જાપાન સહિત ૧૪ દેશ પર ટેરિફ લાદવામાં આવ્યો



વોશિંગ્ટન ડીસી, તા.૮

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી હતી કે તેઓ વૈશ્વિક ટેરિફ વધારવાની છેલ્લી તારીખ ૯ જુલાઈથી લંબાવીને ૧ ઓગસ્ટ કરી રહ્યા છે. આ સાથે તેમણે બાંગ્લાદેશ અને જાપાન સહિત ૧૪ દેશ પર ટેરિફ વધારવાની જાહેરાત કરી છે. ટ્રમ્પ વહીવટીતંત્રે તમામ અસરગ્રસ્ત દેશોને ઔપચારિક રીતે પત્ર મોકલીને આ નિર્ણયની જાણ કરી હતી. આ નિર્ણય હેઠળ કેટલાક દેશો પર ૨૫%ના દરે કર લાદવામાં આવ્યો છે, જ્યારે કેટલાક પર ૩૦%થી ૪૦% સુધીની ભારે ડ્યૂટી વસૂલવામાં આવી છે. ટ્રમ્પે પહેલા જાપાનના વડાપ્રધાન શિગેરુ ઈશિબા અને દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ લી જે-મ્યુંગને પત્રો મોકલ્યા હતા, પછી અન્ય દેશોને પણ જાણ કરી હતી. રોઈટર્સના અહેવાલ મુજબ, યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ૧૪ દેશ પર નવા ટેરિફની જાહેરાત કરતી વખતે ભારત-અમેરિકા વેપાર સોદા વિશે પણ વાત કરી અને કહ્યું, અમે ભારત સાથે સોદો કરવાની નજીક છીએ. અમે બ્રિટન (યુકે) અને ચીન (ચીન) સાથે સોદો કર્યો છે.

#### ચીને કહ્યું, ધમકી ન આપો

ટ્રમ્પની ટેરિફ ચેતવણીનો બ્રિક્સના મુખ્ય દેશ ચીન દ્વારા વિરોધ કરાયો છે. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા માઓ નિંગે કહ્યું, બ્રિક્સ આંતરરાષ્ટ્રીય રાજકીય મંચ પર એક સકારાત્મક સંગઠન છે. ચીન ટેરિફ અને વેપાર યુદ્ધનો વિરોધ કરે છે. ટેરિફ લાદવાના નામે ધમકીઓ અથવા બિનજરૂરી દબાણનો દરેક સ્તરે વિરોધ કરવામાં આવશે.

#### ૯૦ દેશ વેપાર કરાર માટે તૈયાર: અમેરિકા

અમેરિકાના નાણામંત્રી સ્કોટ બેસન્ટે દાવો કર્યો છે કે ૯૦ દેશ અમેરિકા સાથે વેપાર-સોદો કરવા તૈયાર છે. તેમણે કહ્યું હતું કે વ્હાઈટ હાઉસનો મેઈલ ઈનબોક્સ ડીલ ઓફરોથી ભરેલો છે. બધા દેશો શક્ય એટલી વહેલી તકે ડીલ કરવા તૈયાર છે. ૧૦ એપ્રિલના રોજ અમે ટેરિફ બંધ કરીને ૯૦ દિવસમાં ૯૦ દેશ સાથે વેપાર સોદાઓનું લક્ષ્ય હાંસલ કર્યું છે. મોટા ભાગના દેશો અમેરિકન શરતો સ્વીકારવા તૈયાર છે. અમેરિકા માને છે કે સ્વસ્થ વેપાર હોવો જોઈએ.

#### વોશિંગ્ટનમાં ભારત-અમેરિકાની વાતચીત

ટ્રમ્પે ૨ એપ્રિલે વિશ્વભરના દેશો પર પારસ્પરિક (ટિટ ફોર ટેટ) ટેરિફ લાદ્યો હતો, જેને પાછળથી ૯૦ દિવસ માટે મુલતવી રાખવામાં આવ્યો હતો. એની સમયમર્યાદા ૯ જુલાઈ, ૨૦૨૫ના રોજ સમાપ્ત થઈ રહી છે. આવી સ્થિતિમાં આ ડીલ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. ભારત અને અમેરિકાની ટીમો વોશિંગ્ટનમાં સતત વાટાઘાટો કરી રહી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સોદાના મોટા ભાગના ભાગો પર સંમતિ સધાઈ ગઈ છે અને એની જાહેરાત આજે રાત્રે મોડીરાત્રે અથવા ૮ જુલાઈના રોજ થઈ શકે છે. વાણિજ્યમંત્રી પીયૂષ ગોયલે કહ્યું હતું કે ભારત રાષ્ટ્રીય હિતોને પ્રથમ સ્થાન આપશે.

**ભારત-અમેરિકા વેપાર સોદો ક્યાં અટવાયો છે? :** ભારત અને અમેરિકા વચ્ચે વેપાર કરાર અંગે લાંબા સમયથી ચર્ચા ચાલી રહી છે, પરંતુ કરાર હજુ સુધી અંતિમ સ્વરૂપ પામ્યો નથી. અમેરિકા ભારત પાસેથી એનાં કૃષિ અને ડેરી ઉત્પાદનોની આયાત પર ટેરિફ ઘટાડીને તેના માલ માટે ભારતીય બજાર ખોલવાની માગ કરી રહ્યું છે અને આ સાથે ઓટો સહિત અન્ય ક્ષેત્રોમાં તેના ટેરિફ ઘટાડવાની માગ પણ કરી રહ્યું છે. બીજી તરફ, ભારત સરકારે સ્પષ્ટ કર્યું છે કે તે કૃષિ અને ડેરી ક્ષેત્ર પર કોઈપણ કરારના પક્ષમાં નથી.

| ૨૫% ટેરિફમાં કોણ કોણ? | જાપાન | દક્ષિણ કોરિયા | મલેશિયા | કઝાકિસ્તાન | ટ્યુનિશિયા |
|---|---|---|---|---|---|

### રાષ્ટ્રીય હિતો સાથે સમાધાન નહીં

## અમેરિકાએ ટેરિફ બોંબ ઝિંકતા જાપાનના વડાપ્રધાન નારાજ



ડોનાલ્ડ ટ્રમ્પે ફરી ટેરિફ બોંબ ઝિંકવાની જાહેરાત કરી છે. જાપાનથી લઈને દક્ષિણ કોરિયા પર ૨૫ ટકાથી લઈને ૩૬ ટકા ટેરિફ લાદવાની જાહેરાત કરી છે, જેના કારણે અનેક દેશો નારાજ થયા છે. આ ક્રમમાં જાપાનના વડાપ્રધાન શિગેરુ ઈશિબાએ અમેરિકાની ટેરિફ નીતિથી નારાજ થયા છે. તેમણે મંગળવારે (૮ જૂન) કહ્યું કે, 'ટ્રમ્પનો જાપાન પર ૨૫ ટકા ટેરિફ ઝિંકવાનો નિર્ણય ખૂબ જ નિરાશાજનક છે. સમસ્યાનો ઉકેલ લાવવા અને પરસ્પર લાભ માટે દ્વિપક્ષીય ચર્ચા-વિચારણા કરવાના પ્રયાસો ચાલુ રહેશે.' તેમણે ટ્રમ્પને સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે, અમારો દેશ રાષ્ટ્ર હિત સાથે કોઈપણ પ્રકારનું સમાધાન નહીં કરે. જાપાનના વડાપ્રધાન શિગેરુ ઈશિબા એ ટાસ્ક ફોર્સની બેઠકમાં કહ્યું કે, 'અમેરિકા અને જાપાન વચ્ચે ફાયદાકારક સમજૂતી થઈ શકે તે માટે અમે અમેરિકા સાથે વાતચીત ચાલુ રાખીશું. જોકે અમે અમારા રાષ્ટ્ર હિતોથી પીછેહઠ નહીં કરીએ.'

### સ્માર્ટફોનથી લઈને અવકાશયાન સુધીના દરેક ઈલેક્ટ્રોનિક ડિવાઈસ શક્તિશાળી કમ્પોનન્ટ્સ પર નિર્ભર

## ભારતમાં ઈલેક્ટ્રોનિક કમ્પોનન્ટ્સ બનશે અને હવે એસેમ્બલ પણ થશે

### કેન્દ્ર સરકારને રૂ.૮૦૦૦ કરોડનો પ્રસ્તાવ મળ્યો

નવી દિલ્હી, તા.૮

સ્માર્ટફોનથી લઈને કમ્પ્યૂટર, ટેલિવિઝન, ઓટોમોબાઈલ્સ અને અવકાશયાન સુધીના દરેક ઈલેક્ટ્રોનિક ડિવાઈસ શક્તિશાળી કમ્પોનન્ટ્સ પર નિર્ભર છે. ટેકનોલોજીના વિકાસ સાથે કમ્પોનન્ટ્સ વધુ નાના, કાર્યક્ષમ અને શક્તિશાળી બનતા જાય છે, ત્યારે આ દિશામાં ભારતે હરણફાળ ગતિ પકડી લીધી છે. આ જ ક્રમમાં દેશ-વિદેશની અને કંપનીઓ ભારતમાં રોકાણ કરવા માટે આતુર થઈ ગઈ છે. કેન્દ્ર સરકારને ૮૦૦૦ કરોડ રૂપિયાનો પ્રસ્તાવ મળ્યો છે. વાસ્તવમાં કેન્દ્ર સરકાર દેશમાં ઈલેક્ટ્રોનિક્સને પ્રોત્સાહન આપવા માટે ઈલેક્ટ્રોનિક્સ કોમ્પોનન્ટ્સ મેન્યુફેક્ચરિંગ સ્કીમ (ઈસીએમએસ) ચલાવી રહી છે. મીડિયા રિપોર્ટ મુજબ, આ યોજના હેઠળ દેશમાં ઈલેક્ટ્રોનિક કમ્પોનન્ટ્સ બનાવવા અને તેને એસેમ્બલ કરવા માટે કેન્દ્ર સરકારને ૮૦૦૦ કરોડ રૂપિયાનો પ્રસ્તાવ મળ્યો છે. ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગનો હબ કહેવાતા ચીનમાં મોટી-મોટી કંપનીઓ બોરીયા-બિસ્તરા બાંધી રહી છે અને ભારતને વિકલ્પ તરીકે જોઈ રહી છે, ત્યારે સરકારની આ યોજના હેઠળ અનેક મોટી-મોટી કંપનીઓ ભારતમાં રોકાણ કરવા આતુર થઈ છે.

#### ઓગસ્ટ અથવા સપ્ટેમ્બરમાં મંજૂરી પ્રક્રિયા હાથ ધરાશે

ભારત સરકાર ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં પ્રસ્તાવને મંજૂરી આપશે. ભારતમાં ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ ઈકોસિસ્ટમને પ્રોત્સાહન અને આત્મનિર્ભર ભારત અભિયાનને વેગ આપવા માટે સરકારે ECMS યોજના શરૂ કરી છે. હવે ભારતમાં ઈલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ, સેમિકન્ડક્ટર્સ, ડિસ્પ્લે ફેબ્રિકેશન યુનિટ્સ, ATMP (એસેમ્બલી, ટેસ્ટિંગ, માર્કિંગ અને પેકેજિંગ) એકમો અને અન્ય ઈલેક્ટ્રોનિક ઉપકરણોના ઉત્પાદન માટે સપ્લાય ચેઈનને મજબૂત બનાવવાનો છે.

#### યોજનાના ફાયદા અને મહત્ત્વ શું?

- આત્મનિર્ભરતા: ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદનને પ્રોત્સાહન આપીને આયાત પરની નિર્ભરતા ઘટશે, જે 'આત્મનિર્ભર ભારત' ના લક્ષ્ય સાથે સુસંગત છે.
- રોજગારીનું સર્જન: યુનિટ્સની સ્થાપના અને વિસ્તરણથી સીધી અને આડકતરી રીતે રોજગારીની તકોનું સર્જન થાય છે.
- ઈકોસિસ્ટમનો વિકાસ: તે ભારતમાં મજબૂત ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ ઈકોસિસ્ટમ બનાવવા માટે મદદરૂપ થાય છે, જેમાં સંશોધન અને વિકાસ પણ સામેલ છે.
- વૈશ્વિક સ્પર્ધાત્મકતા: નાણાકીય સહાય દ્વારા ભારતીય કંપનીઓ વૈશ્વિક સ્તરે વધુ સ્પર્ધાત્મક બની શકે છે.

#### ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રે ભારત મજબૂત બનશે

ECMS યોજનાનો ઉદ્દેશ ભારતને ઈલેક્ટ્રોનિક્સ સપ્લાઈ ચેનમાં આત્મનિર્ભર બનાવવાનો ને સ્થાનિક-વૈશ્વિક રોકાણને આકર્ષી મજબૂત ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ ઈકોસિસ્ટમ ઉભી કરવાનો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં યોજાયેલી કેન્દ્રીય મંત્રીમંડળે ઈલેક્ટ્રોનિક્સ સેક્ટરમાં ભારતને આત્મનિર્ભર બનાવવા માટે ૨૨,૯૧૯ કરોડ રૂપિયાના રોકાણની સાથે ઈસીએમએસ યોજનાને મંજૂરી આપી હતી.

#### સરકારને ૮ હજાર કરોડનો પ્રસ્તાવ મળ્યો

ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયે ECMS યોજના હેઠળ અરજી માગી હતી. મંત્રાલયને ૧૦૦થી વધુ વિદેશી-ભારતીય કંપનીઓને પ્રસ્તાવ મોકલ્યો છે. આ પ્રસ્તાવ ૭૫૦૦ કરોડ રૂપિયાથી લઈને ૮૦૦૦ કરોડ રૂપિયા સુધીનો છે. દેશ-વિદેશની કંપનીઓ પ્રસ્તાવ હેઠળ ભારતમાં ઈલેક્ટ્રોનિક કમ્પોનન્ટ બનાવવા તેમજ તેને એસેમ્બલ કરવા ઈચ્છે છે.

### નેતન્યાહૂ-ટ્રમ્પનો મેગાપ્લાન તૈયાર

## પેલેસ્ટાઈનના નાગરિકોને બીજા દેશોમાં શિફ્ટ કરવાની તૈયારી

ઈઝરાયલ,તા.૮

ઈઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ હાલમાં અમેરિકાના પ્રવાસે છે. ગયા સોમવારે, યુએસ પ્રમુખ ટ્રમ્પ અને નેતન્યાહૂએ વ્હાઈટ હાઉસમાં ડીનર કર્યું હતું. આ દરમિયાન, ગાઝામાં યુદ્ધવિરામના મુદ્દા પર ચર્ચા થઈ હતી. રાષ્ટ્રપતિ ટ્રમ્પે ગાઝાવાસીઓને સ્થળાંતર કરવાના વિવાદાસ્પદ પ્રયાસોનો પણ સંકેત આપ્યો છે. ટ્રમ્પ દ્વારા આયોજિત ડીનરની શરુઆતમાં, નેતન્યાહૂએ કહ્યું કે, 'અમેરિકા અને ઈઝરાયલ પેલેસ્ટિનિયનોને અન્ય દેશોમાં વસાવવા માટેના વિકલ્પો પર વિચાર કરી રહ્યા છે. અમે પેલેસ્ટિનિયનોને સારું ભવિષ્ય આપવા માંગીએ છીએ. આવી સ્થિતિમાં ગાઝાના લોકોને પડોશી દેશોમાં શિફ્ટ કરવાનો વિચાર કરવામાં આવી રહ્યો છે.'

નેતન્યાહૂએ વધુમાં કહ્યું કે, 'જો પેલેસ્ટિનિયનો ગાઝામાં રહેવા માંગતા હોય, તો તેઓ રહી શકે છે પરંતુ જો તેઓ સ્થળાંતર કરવા માંગતા હોય, તો તેઓએ જવું જોઈએ. અમે આ લોકો માટે એવા દેશો શોધવા માંગીએ છીએ, જ્યાં તેમને સ્થળાંતરિત કરી શકાય. અમે આવા દેશો શોધવાની નજીક છીએ.

પેલેસ્ટાઈનના નાગરિકોને બીજા દેશોમાં શિફ્ટ કરવા અંગે નેતન્યાહૂએ કહ્યું કે, 'ઈઝરાયલ અને અમેરિકા એવા દેશ બાબતે વિચાર કરી રહ્યા છે જે પેલેસ્ટાઈનના નાગરિકોને શરણ આપવા માટે તૈયાર હોય.'

અગાઉ ટ્રમ્પે ગાઝા માટે ૫-મુદ્દાની યોજના તૈયાર કરી હતી. જેમાં તેમણે કહ્યું હતું કે, 'પેલેસ્ટિનિયનોએ ગાઝા પછી ખાલી કરવી પડશે. તેમણે ઈજિપ્ત, જોર્ડન અને અન્ય દેશોમાં કાયમી રીતે સ્થાયી થવું જોઈએ. હવે ગાઝા રહેવા યોગ્ય નથી. ગાઝા ખાલી કર્યા પછી, અહીં પુનર્નિર્માણ કાર્ય ખૂબ જ જોશથી કરવામાં આવશે અને ગાઝા મધ્ય પૂર્વના રિવેરા બની જશે.'

### ઈ-કોમર્સ ખોટા હાથમાં જાય તો આતંકવાદને પ્રોત્સાહનનું માધ્યમ બને

## પુલવામા એટેક માટે એમેઝોન પરથી વિસ્ફોટકો ખરીદ્યા: FATFનો રિપોર્ટ

### આતંકવાદી સંગઠનો દ્વારા હવે ડિજિટલ માધ્યમોનો ઉપયોગ

નવી દિલ્હી, તા.૮

૨૦૧૯ના પુલવામા આતંકવાદી હુમલામાં વપરાયેલી વિસ્ફોટક સામગ્રી ઈ-કોમર્સ વેબસાઈટ એમેઝોન પરથી ખરીદવામાં આવી હતી. વિશ્વભરમાં આતંકવાદી ભંડોળ પર નજર રાખતી સંસ્થા ફાઈનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સ (FATF)એ તેના રિપોર્ટમાં આ વાતનો ખુલાસો કર્યો છે.

આ રિપોર્ટમાં, FATFએ ૨૦૨૨માં યુપીના ગોરખપુરમાં ગોરખનાથ મંદિર પર થયેલા હુમલાનો પણ ઉલ્લેખ કર્યો છે. આ બંને કિસ્સાઓને ઉદાહરણ તરીકે ટાંકીને સંગઠને ચેતવણી આપી છે કે જો ઈ-કોમર્સ અને ડિજિટલ પેમેન્ટ સેવાઓ ખોટા હાથમાં જાય, તો તે આતંકવાદને પ્રોત્સાહન આપવાનું માધ્યમ બની શકે છે. આ રિપોર્ટમાં આતંકવાદ માટે ઓનલાઈન પ્લેટફોર્મનો ઉપયોગ કેવી રીતે થઈ રહ્યો છે તે સમજાવવામાં આવ્યું છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે આતંકવાદી સંગઠનો હવે પરંપરાગત ભંડોળ પદ્ધતિઓની સાથે ઓનલાઈન પેમેન્ટ્સ, ગેમિંગ પ્લેટફોર્મ્સ, સોશિયલ મીડિયા અને ઈ-કોમર્સ સાઈટ્સ જેવા ડિજિટલ માધ્યમોનો ઉપયોગ કરી રહ્યા છે.

#### પુલવામા હુમલામાં ૪૦ જવાનો શહીદ થયા હતા

૧૪ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ CRPFનો કાફલો શ્રીનગર-જમ્મુ હાઈવે પરથી પસાર થઈ રહ્યો હતો. જ્યારે ટ્રક પુલવામા નજીક પહોંચ્યો, ત્યારે એક આત્મઘાતી હુમલાખોર ૨૦૦ કિલો વિસ્ફોટકોથી ભરેલી મારુતિ ઈકો કાર સાથે ઘૂસી ગયો હતો. વિસ્ફોટ એટલો જોરદાર હતો કે સુરક્ષા દળોને લઈ જતી બે બસોના ટુકડા થઈ ગયા. આમાં ૪૦ સૈનિકો શહીદ થયા.

#### ગોરખનાથ મંદિર હુમલાખોરનું વિદેશી કનેક્શન

FATF રિપોર્ટમાં આપેલું બીજું ઉદાહરણ ૪ એપ્રિલ, ૨૦૨૨ના રોજ યુપીના ગોરખપુરમાં ગોરખનાથ મંદિર પર થયેલો હુમલો હતો. આમાં એક વ્યક્તિએ ત્યાં હાજર સુરક્ષા કર્મચારીઓ પર ધારદાર દાતરડાથી હુમલો કર્યો હતો. આમાં સૈનિક ગંભીર રીતે ઘાયલ થયો હતો. આ ઘટનાના આરોપી મુર્તઝા અબ્બાસીના મોબાઈલ અને લેપટોપમાંથી પોલીસે ધાર્મિક પુસ્તકો, તીક્ષ્ણ હથિયારો, જેહાદી વીડિયો જપ્ત કર્યા હતા.

### નવાયાર્ડ વિસ્તારમાંથી પોલીસે ધરપકડ કરેલા ત્રણ નશેબાજોને છોડાવવા માટે ત્રિપુટીની પોલીસને ખોટા કેસમાં ફસાવવાની ધમકી

# પોલીસ મથકમાં કાચમાં માથું ભટકાવી યુવાનનો હાઈવોલ્ટેજ ડ્રામા

### મારા ભાઈને કેમ પકડી લાવ્યા છો ? તેને છોડી મૂકો તેવી ઉગ્ર દલીલ કરી હતી : ફતેગંજ પોલીસ મથકના કબજામાંથી આરોપીઓને ભગાડવાના પ્રયાસથી દોડધામ

વડોદરા, તા. ૮

શહેરના નવાયાર્ડ વિસ્તારમાં ગત રાત્રે દારૂનો નશો બનીને છાકટા બનેલા ત્રણ યુવકોની ફતેગંજ પોલીસે ધરપકડ કરી હતી. દરમિયાન આ ત્રણ નશેબાજોને છોડાવવા માટે અન્ય ત્રણ યુવકો ફતેગંજ પોલીસ મથકમાં ધસી ગયા હતા અને તેઓએ ત્રણેય નશેબાજોને છોડી દેવા માટે પોલીસ મથકમાં બુમરાણ મચાવી તાયફો મચાવ્યો હતો અને આ પૈકીના એક યુવકે પોલીસ મથકમાં લગાવેલા અરીસા તેમજ કાચના દરવાજામાં માથું ફટકાવી ઈજાગ્રસ્ત થયા બાદ પોલીસને મર્ડર કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી અને પોલીસના કબજામાંથી ત્રણેય નશેબાજોના ભગાડી જવાનો પ્રયાસ કર્યો હતો.

ફતેગંજ પોલીસ ગત રાત્રે પેટ્રોલીંગમાં હતો તે સમયે પોલીસે નવાયાર્ડ ડી-કેબિન અમરનગરની પાછળ જોરજોરથી બુમરાણ મચાવી રહેલાં નવાયાર્ડના મોમીન નગરમાં રહેતાં ૩૨ વર્ષીય સાજીદઅલી અનવરઅલી રાજ, ૨૪ વર્ષીય લુકમાન મહેબુબ પઠાણ અને ૨૪ વર્ષીય સાહિલ નઝીર પઠાણની અટકાયત કરી હતી. પ્રાથમિક તપાસમાં આ ત્રણેયે દારૂનો નશો કર્યો હોવાની જાણ થતાં પોલીસે તેઓની સામે ફરિયાદ નોંધી ધરપકડ કરવા માટે ફતેગંજ પોલીસ મથકમાં લઈ આવી હતી.

આરોપી સાજીદઅલીએ તે દારૂબંધીના ગુનામાં ઝડપાયો છે તેવી તેના ભાઈ સાહિલ અનવર રાજને ફોન પર જાણ કરતાં જ સાહિલ તેના સાગરીતો સાથે રાત્રે પોણા અગિયાર વાગે ફતેગંજ પોલીસ મથકમાં ધસી આવ્યો હતો. તેણે મહિલા એલઆરડી નીશાબેનને મનફાવે તેમ બોલીને તમે મારા ભાઈને કેમ પકડી લાવ્યા છો ? તેને છોડી મુકો તેવી ઉગ્ર દલીલ કરી હતી અને જણાવ્યું હતું કે હું કોણ છું ? તું મને ઓળખે છે? હું નવાયાર્ડ ફુલવાડીનો દાદા છું મારુ મારુ કંઈ બગાડી નહી લે. પોલીસ જવાનોએ સાહિલઅલીને શાંત પાડવા સમજાવ્યો હતો કે તારા ભાઈ સહિત ત્રણેય જણા દારૂ પીધેલી હાલતમાં પકડાયા છે એટલે પોલીસે તેમની સામે કાર્યવાહી કરી છે પરંતુ સાહિલે તેમજ તેના બે સાગરીતો ઈરફાન હમીદ રાઠોડ અને મલેક મહંમદઅનીશ અજમતુલાએ ઉશ્કેરાઈને પોલીસ મથકમાં તાયફો મચાવવાની શરૂઆત કરી હતી. તેઓએ બુમરાણ મચાવી અપશબ્દોનો મારો ચલાવ્યો હતો અને ત્રણેય નશેબાજોને છોડી દેવા ઉગ્ર રજૂઆત કરી હતી. આ હોબાળા વચ્ચે અન્ય પોલીસ જવાનો અને હોમગાર્ડસ આવી જતાં સાહિલે પોલીસ કસ્ટડીમાંથી તેના ભાઈને ભગાડી જવા માટે તેને ખેંચીને બહાર લઈ જવાનો બળપુર્વક પ્રયાસ કર્યો હતો પરંતુ પોલીસ જવાનોએ તેને રોકતા જ સાહિલે પોલીસ સ્ટાફ સાથે ખેંચતાણ કરી હતી અને ત્યારબાદ પોલીસને ગભરાવવા માટે પીઆઈની ચેમ્બર પાસેના અરીસા તેમજ ઓફિસના કાચના દરવાજામાં પોતાનું માથું જાતે પછાડીને કાચ તોડી નાખ્યો હતો. કાચ વાગતા તેના માથામાં લોહી નીકળતાં તે 'હવે હું તમને બધાને મર્ડરના ગુનામાં જેલમાં પુરાવું છું ' તેમ કહી પોલીસ સ્ટેશનની લોબીમાં સુઈ ગયો હતો જેને પગલે પોલીસ સ્ટાફે તેને માંડ માંડ સમજાવીને ૧૦૮ એમ્બ્યુલન્સમાં સારવાર માટે હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો. આ સમગ્ર બનાવની ફતેગંજ પોલીસે દારૂનો નશો કરેલી હાલતમાં ઝડપાયેલાં ત્રણ યુવકો સામે નશાબંધીનો તેમજ તેઓને છોડાવવા માટે પોલીસ મથકમાં આવીને તાયફો મચાવી અને પોલીસ કામગીરીમાં અડચણ ઉભી કરી કાચ તોડી નાખીને ૩૫૦૦નું નુકશાન પહોંચાડનાર ત્રિપુટી સામે ગુનો નોંધી તમામ છ આરોપીઓની ધરપકડ કરી હતી.

#### 'તું માથું પછાડ.. પોલીસે જ તને માર્યો છે તેવું અમે બધા કહીશું'

પોતાના ભાઈ સહિત ત્રણેય નશેબાજોને છોડી દેવા માટે દલીલ કરી રહેલા સાહિલે અપશબ્દો બોલી એવી ધમકી ઉચ્ચારી હતી કે મારા ભાઈને નહી છોડો તો હું માથું પછાડીને મરી જઈશ અને તમે બધાએ મારી નાખ્યો છે એવી મારો ભાઈ તમારી સામે ફરિયાદ કરશે અને બધા પોલીસવાળાને મર્ડર કેસમાં આજીવન જેલ કરાવીશ. આટલું બોલીને તેણે પીઆઈની ચેમ્બર પાસે દોડી જઈ ચેમ્બરની આગળ લગાવેલા અરીસામાં અને ત્યારબાદ સાત નંબરની ઓફિસના કાચના દરવાજામાં જાતે માથું પછાડ્યું હતું.

#### નશેબાજોને છોડાવવા માટે આવેલી ત્રિપુટી પૈકીના બે પણ નશામાં

નવાયાર્ડ વિસ્તારમાં રહેતા માથાભારે યુવકોને પોલીસને અને કાયદાનો જાણે કોઈ ડર જ ના હોય તેવું ચિત્ર ગત રાત્રે પોલીસ મથકમાં બનેલી ઘટનાથી સપાટી પર આવ્યું છે. ફતેગંજ પોલીસે ત્રણ યુવકોની દારૂબંધીના ગુનામાં ધરપકડ કરતાં તેઓને છોડાવવા માટે ત્રણ યુવકો રાત્રે પોલીસ મથકમાં ધસી ગયા હતા અને હોબાળો મચાવ્યો હતો. આ ત્રણ યુવકો પૈકી ૩૩ વર્ષીય ઈરફાન હમીદ રાઠોડ (રેલવે કોલોની, ડી-કેબિન, નવાયાર્ડ) અને ૩૭ વર્ષીય મલેક મહંમદઅનીશ અજમતુલા (ફુલવાડી, નવાયાર્ડ) પણ નશો કરેલી હાલતમાં હોવાની જાણ થતાં પોલીસે આ બંને વિરુધ્ધ દારૂબંધીના ગુનાની અલાયદી ફરિયાદ નોંધી હતી.

---

### રૂપિયા તો તારે આપવા પડશે નહીંતર ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી

# વેપારી પાસેથી ૩.૧૨ લાખની સામે ૩.૬૮ લાખ વસૂલ્યા છતાં વધુ રૂપિયાની માગણી કરતો વ્યાજખોર

### ચાઇનીઝની લારી ચલાવતા વેપારીએ વ્યાજખોર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી

વડોદરા, તા. ૮

ગોરવા વિસ્તારમાં રહેતા અને નિલામ્બર સર્કલ ખાતે પાઉંભાજીની લારી ચલાવતા વેપારીને વ્યાજખોરે ૩.૧૨ લાખ વ્યાજે આપ્યા હતા. જેથી વેપારીએ ૬૦ હજાર વ્યાજ સાથે ૩.૬૮ લાખ વ્યાજખોરને આપ્યા હતા છતા પણ તારે હજુ વ્યાજ તો આપવુ પડશે તેમ કહી ચેક બાઉન્સ કરાવ્યો હતો અને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપતા વેપારીએ વ્યાજખોર વિરૂદ્ધ ફરિયાદ નોધાવી છે. શહેરના ગોરવા વિસ્તારમાં આવેલી શઇવ શક્તિ સોસાયટીમાં રહેતા પ્રકાશ શંકરભાઇ તેલી ફરિયાદ નોંધાવી કે, હું નીલામ્બર સર્કલ ખાતે સુપર બોમ્બે નામની પાઉંભાજીની લારી વર્ષ ૨૦૧૩થી નિલાંબર સર્કલ પાસે ચલાવુ છું. આ લારી ઉપર વર્ષ ૨૦૨૨થી સાહિલ નવલકિશોર અગ્રવાલ શિવાલય હાઇટ્સ ગોત્રી પાણીની ટાંકી પાસે ગોત્રી વડોદરા શહેર અવાર નવાર પાવભાજી ખાવા આવતા હતા. જેથી મારી અને સાહિલ વચ્ચે મિત્રતાનો સંબંધ બંધાયો હતો. મારે ધંધા માટે નાણાંની જરૂરિયાત ઊભી થતા માલ સામાન માટે રોજિંદા વ્યાજ ઉપર રૂપિયા લેતા હતા અને વ્યાજસહિત પરત આપતા હતાં. ત્યારે સાહિલ નવલકિશોર અગ્રવાલ વર્ષ ૨૦૨૨થી ૨૦૨૪ સુધીમાં સાહીલ નવલકિશોર અગ્રવાલે મને મુડી ૩.૧૨ લાખ રૂપિયા આપ્યા હતાં. જે મુડીના વ્યાજરૂપે ૬૦ હજાર મળી કુલ ૩.૬૮ લાખ મારી પાસેથી વસુલ કરી લીધાં હતાં. સાહીલ નવલકિશોર અગ્રવાલે સાહુકારી ધારાનું નાણાં ધીરધાર કરવાનું લાયસન્સ ન હોવા છતા મારી પાસેથી વધુ વ્યાજ મેળવી અવાર નવાર રૂપિયાની માંગણી કરી મને હેરાન પરેશાન કરી વ્યાજના નાણાં બાકી છે તેમ કહી પાંચ ડિસેમ્બરના રોજ રાત્રીના સમયે મારા ઘરે આવી મને ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમારા વાસણા ભાયલી બેંકનો ચેક ખોટી રીતે બાઉન્સ કરાવી ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી પૈસા તો તારે આપવા જ પડશે, બાકી જોવા જેવી થશે. તેમ કહી વેપારીને હેરાન પરેશાન કરી રહ્યો છે. જેથી વેપારીએ ગોત્રી પોલીસ મથકમાં વ્યાજખોર સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

---

### ખાનગીકરણના બીજા દિવસે વડસર પાસેના સ્મશાનમાં ખંભાતી તાળાં જોવા મળ્યાં!

# ગોરવા સ્મશાનના લાકડા બીજે લઈ જવાતાં હોવાની ફરિયાદ ઉઠી

### ખંડેર અવસ્થામાં કોરાણે પડેલા વડસરના સ્મશાનની ભાજપના કાઉન્સિલરે મુલાકાત લીધી

વડોદરા,તા.૮

વડોદરા શહેરના ૩૧ સ્મશાનોના ખાનગીકરણના બીજા દિવસે પણ અસુવિધાઓને લઈને અલગ અલગ જગ્યાએ લોકોએ પરેશાન થવું પડ્યું હતું. ગોરવા સ્મશાનમાં એક મહિલાના મૃતદેહને અંતિમ સંસ્કાર માટે લાવતા પહેલા એના સગાસંબંધીઓ આગોતરી જાણકારી આપવા માટે પહોંચ્યા હતા. જોકે, સ્મશાનના સંચાલકોએ એમને જણાવ્યું હતું કે, લાકડા ભીના થઈ ગયા છે એટલે તમે અંતિમ સંસ્કાર માટે લાકડાની વ્યવસ્થા જાતે કરી લાવો જોકે, કોર્પોરેશનની એકપણ હેલ્પ લાઈન પર કોઈપણ વ્યક્તિની ફરિયાદ આવી નથી.



શહેરના ગોરવા સ્મશાનમાંથી કેટલાક લોકો લાકડા લઈ જતાં હોવાની બૂમ ઉઠી હતી. ગોરવા વિસ્તારના કેટલાક અગ્રણીઓએ સ્મશાનમાંથી લાકડા લઈ જનારા લોકોને રોક્યા હતા અને પછી એમની ફરિયાદ કોર્પોરેશનના અધિકારીઓને કરી હતી. જો કે, ગોરવા સ્મશાનમાંથી લાકડા બીજા સ્મશાનમાં ટ્રાન્સફર કરવા માટે અધિકારીઓએ જ સૂચના આપી હોવાની જાણકારી મળી હતી. આખરે, મામલો થાળે પડ્યો હતો.

આ મામલે બંને પક્ષો વચ્ચે થોડી ચડભડ થઈ હોવાની જાણકારી પણ મળી હતી. વડસર ગામના સ્મશાનની હાલત દયનીય હોવાનુ જાણવા મળ્યું હતું. ભાજપના કાઉન્સિલર કલ્પેશ પટેલ (જય રણછોડ) આજે વડસર ગામના સ્મશાને પહોંચ્યા હતા અને તેમણે સ્મશાનના સમારકામની માગણી ઉઠાવી હતી. ગોરવા સ્મશાનમાં અંતિમ સંસ્કાર માટે આવેલાં પરિવાર સાથે બનેલી ઘટનાની તપાસ થવી જોઈએ એવી માગણી ઊઠી છે. ચોમાસામાં સ્મશાનમાં લાકડાં ભીના થઈ જાય ત્યારે પરિવારજનો પણ લાકડાં ક્યાંથી લાવે એ પ્રશ્ન ઊઠ્યો છે.

#### ખાસવાડીમાં ૭ મૃતદેહોના અંતિમ સંસ્કાર થયા

ખાસવાડી સ્મશાનના બની બેઠેલા સંચાલકો આજે આખોય દિવસ ગાયબ રહ્યા હતા. લોકસત્તા જનસત્તાના અહેવાલ બાદ સેવાના નામે મેવા ખાવાનું કામ કરતા વેપારીઓમાં ભારે ફફડાટ ફેલાયો હતો. ગઈકાલ સુધી જેઓ ખાસવાડી સ્મશાનના નવા સંચાલકોને આડખીલી ઉભી કરતા હતા તેઓ આજે સ્મશાનમાં ફરક્યા જ ન હતા. કોર્પોરેશનના આરોગ્ય અમલદાર ડો. દેવેશ પટેલે જણાવ્યુ હતુ કે, ખાસવાડી સ્મશાનના સંચાલનમાં જો કોઈ વિઘ્ન ઉભુ કરશે તો એની સામે કાયદાકીય પગલા લેવાની તૈયારી પણ અમારી છે. આજે ખાસવાડી સ્મશાનમાં કુલ સાત મૃતદેહોના અંતિમ સંસ્કાર થયા હતા. અને એમાં કોઈ વસ્તુ ખુટી હોય એવી એકપણ ફરિયાદ આવી ન હતી.

---

### પાણીનાં વહેણના કારણે મગર પણ તણાઈ આવતા હોય છે

# જાંબુઆ સન ગોલ્ડ સોસાયટીમાં ગાડીના ટાયર નીચે લપાઈને બેઠેલા મગરનું રેસ્ક્યૂ



વડોદરા તા.૮

આજે વધુ એક અંદાજે બે અઢી ફૂટ નો મગર જામ્બુઆ વિસ્તારમાં આવેલી સોસાયટીમાં પાર્ક કરેલ ગાડીના વ્હીલ નીચે લપાઈ ને બેઠેલો મગર લોક નજરે પડ્યો હતો. જેથી લોકોમાં કુતુહલ સાથે ડરનો માહોલ વ્યાપ્યો હતો. જોકે મગરના રેસ્ક્યુ માટે સેવ વાઈલ્ડ લાઈફ સંસ્થા ને જાણ કરવામાં આવી હતી. આ સંસ્થા દ્વારા મગરનો રેસ્ક્યુ કર્યો કરવામાં આવ્યો હતો.

વડોદરા શહેરના જામ્બુવા વિસ્તારમાં આવેલ સન ગોલ્ડ સોસાયટીમાં અંદાજે બે થી અઢી ફૂટનો મગર ફરતો ફરતો આવી ગયો હતો. તે બાદ તે પાર્ક કરેલી ગાડીના ટાયર નીચે આવીને લપાઈને બેસી ગયો હતો. જોકે સોસાયટીના કેટલાક વ્યક્તિઓની નજરે ટાયર નીચે બેઠેલા મગર ઉપર નજર પડી હતી. મગરના સમાચાર સોસાયટીમાં વાયુવેગે ફેલાઈ જતા અન્ય લોકો દોડી આવ્યા હતા. તે બાદ લોકોમાં મગરને જોઈને કુતુહલ વ્યાપી જવા સાથે ડરનો માહોલ પણ જોવા મળ્યો હતો. તે બાદ સોસાયટીના રહીશોએ સેવ વાઈલ્ડ લાઈફ સંતાનના પ્રમુખ સંદીપ સિંહ ને બનાવની જાણ કરી હતી. જેથી સંસ્થાના પ્રમુખે સંસ્થાના કાર્યકર હરી કિશન, પ્રીત ઠાકોર, તથા તપન સાધુ એ વન વિભાગના કર્મચારી જીગ્નેશ ભાઈ ને જાણ કરીને ઘટના સ્થળે પહોંચ્યા હતા. જ્યાં ગાડીના ટાયર નીચે બેઠેલા મગરને બહાર કાઢી તેનો રેસ્ક્યુ કરવામાં આવ્યો હતો. તે બાદ મગરને વન વિભાગના કર્મચારી જીગ્નેશ ભાઈ ને સોંપવામાં આવ્યો હતો.

---

### બાઇક ચાલકને પાછળથી ટક્કર મારી

# પત્નીએ કરેલી ફરિયાદ પાછી ખેંચી લે તેમ કહી પતિને બે લાફા ઝીંકી દીધા

### ડેકીમાંથી ખંજર કઢવા જતા બૂમાબૂમ

વડોદરા, તા. ૮

વર્ષ ૨૪માં બાપોદ પોલીસ મથકમાં બળાત્કારની ફરિયાદ કરી હતી જે પાછી ખેંચી લે તેમ કહી પતિને દાંડીયાબજારમાં બે લાફા ઝીંકી દીધા તેમજ એક્ટિવા ચાલક ડેકીમાંથી ખંજર કાઢવા જતા બૂમાબૂમ થતા સ્થળ પરથી ફરાર થઈગયો હતો. પોલીસે એક્ટિવા ચાલક સામે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે. નાગરવાડા નવીધરતી ખાતે રહેતા નરેશભાઈ ભોગીલાલ સોલંકીએ રાવપુરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી કે, હું મારી બાઇક લઇને ખંડેરાવ માર્કેટમાંથી શાકભાજી લઈને ટાવર ચાર રસ્તા તરફ જતો હતો તે સમયે સિદ્ધિવિનાયક ગણપતિ મંદીર સામેના રોડ પર દાંડીયાબજાર તરફ જતો હતો. ત્યારે અચાનક મારી બાઈકના પાછળના ભાગે એક એક્ટિવા ચાલકે ટક્કર મારી હતી તેમજ એક્ટિવા ચાલક નીચે ઉતરી આગળ આવી મને બે લાફા ઝીંકી દીધા હતાં. તેમજ મારી સાથે બોલાચાલી કરવા લાગ્યો અને બિભત્સ ગાળો બોલવા લાગ્યો હતો અને કેસ પાછો લઈ લેજે તેવું કહેવા લાગેલ અને એક્ટીવાની ડીકીમાંથી ખંજર જેવું હથીયાર કાઢવા જતો હતો. પરંતુ હથીયાર કાઢ્યા વગર તેણે ડીકી બંધ કરી ત્યાંથી ભાગી ગયો હતો. આ એક્ટિવા ચાલક ચંદ્રકાંત મફતભાઈ પરમાર (રહે, બરાનપુરા)ની સામે મારી પત્નિ મીનાબેને બળાત્કારીની ફરિયાદ વર્ષ ૨૪માં બાપોદ પોલીસ મથકમાં નોંધાઇ હતી. એક્ટિવા ચાલક ચંદ્રકાતે મારી પત્નીએ કરેલ ફરિયાદ પાછી લઈ લેવા બાબેત બોલાચાલી ઝઘડો કર્યો હતો.

---

### મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે સયાજી હોસ્પિટલમાં લાવવામાં આવ્યા

# નેશનલ હાઈવે પર અકસ્માતના બે બનાવમાં ઈજા પામેલ બંનેનાં મોત

વડોદરા તા. ૮

વડોદરા શહેરમાં વીતેલા ૨૪ કલાકમાં માર્ગ અકસ્માતના અલગ અલગ સ્થળોએ બે બનાવો બનવા પામ્યા હતા જેમાં બીજા પામેલ બંને વ્યક્તિઓ નાં મૃત્યુ થયા હતા અકસ્માત મોતના બનાવ સંદર્ભે પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે સયાજી હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા.

બનાવની પ્રાપ્ત વિગત એવી છે કે વડોદરા શહેર નજીક આવેલા નેશનલ હાઈવે તથા રનોલી હાઈવે પર અકસ્માતના બે બનાવો બનવા પામ્યા હતા જેમાં નંદેસરી જીઆઈડીસી વિસ્તારમાં રહેતા ધનંજય હનુમંત ઉર્ફે હનુમાન રાજન ઉંમર વર્ષ ૪૭ ગઈકાલ સાંજે ૭:૩૦ વાગ્યાની આસપાસ તેની કંપનીના કોન્ટ્રાક્ટર દેવેન્દ્ર પરમાર ને બાઈક પર ટિફિન આપવા માટે જતો હતો તે વખતે રનોલી ગામના જૂના મહાદેવ મંદિર પાસે રોડ ઉપર અચાનક ગાય આવી જતા ગાયને બચાવવા જતા તે ગાય સાથે અથડાયો હતો અને ગાયની ટક્કરથી તે રોડ ડીવાઈડર સાથે અથડાયો હતો. આ બનાવમાં તેને શારીરિક ગંભીર ઈજાઓ થઈ હતી જેથી તેને પ્રથમ સારવાર માટે સયાજી હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો તે બાદ તેના પરિવારજનો તેમજ સગા સંબંધીઓ સયાજી હોસ્પિટલ ખાતે આવી પહોંચતા તેને ખાનગી હોસ્પિટલ છાની ખાતે આવેલ શ્રીજી હોસ્પિટલમાં શિફ્ટ કરવામાં આવ્યો હતો જ્યાં ટૂંકી સારવાર દરમિયાન ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો. આ બનાવ ની જાન જવાહર નગર પોલીસને કરવામાં આવતા પોલીસ હોસ્પિટલ ખાતે પહોંચી કાયદેસરની કાર્યવાહી સાથે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સયાજી હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો.

અકસ્માત મોતના બીજા બનાવની પ્રાપ્ત વિગત એવી છે કે ઉત્તર પ્રદેશમાં રહેતો અને ક્લીનર તરીકે ટેમ્પા ઉપર નોકરી કરતો પ્રદીપ રઘુનાથ પાલ ઉંમર વર્ષ ૩૦ ગઈકાલે તે નેશનલ હાઈવે પરના ગોલ્ડન બ્રિજ ઉપર દરજીપુરા આરટીઓના કટ પાસે આઈસર ટ્રકની આગળ ઉભો હતો. તે વખતે આઈસર ટ્રકના ચાલકે ટ્રકની આગળ ઉભેલા પ્રદીપ પાલને જોયા વગર જ ચાલાકે ટેમ્પા ને ચાલુ કરીને એક્સીલેટર આપીને ટ્રક દોડાવતા ટ્રક ની આગળ ઊભેલા પ્રદીપ ઉપર ટ્રકના ટાયરો ગળાના ભાગે ફરી મળતા તેનું ઘટના સ્થળ પર જ મોત નિપજ્યું હતું.

---

### મધ્યપ્રદેશ અલીરાજપુરની હોસ્પિટલમાં પેટમાં આંતરડાની આંટી સાથે જન્મેલી

# એક દિવસની બાળકીનાં આંતરડાની સયાજીમાં સર્જરી

વડોદરા, તા. ૮

અકળ લીલાઓનો ભોગ બનેલ એક પરિવારમાં જન્મ લેનાર બાળકીને જન્મજાત મેડગટ વોલ્યુલસ તરીકે ઓળખાતી બીમારીની સાથે અલીરાજપુરની ડીએચ હોસ્પિટલમાં જન્મી હતી અર્થાત બાળકી પેટમાં આંટી વળી ગયેલ આંતરડાની હાલતમાં જન્મી હતી. જેથી બાળકી ખોરાક લઇ શકતી ન હતી. જેથી આ નવજાત બાળકીને ૧૨મી જૂનના જન્મના પહેલા દિવસે આલિરાજપુર જિલ્લાની હોસ્પિટલમાંથી એસએસજી હોસ્પિટલમાં રીફર કરવામાં આવી હતી. સયાજી હોસ્પિટલના પીડિયાટ્રીક વિભાગમાં બાળકીને દાખલ કરીને તબીબ દ્વારા તેની સારવાર હાથ ધરી હતી. તબીબે એક દિવસની નવજાત બાળકીને જરૂરી શસ્ત્ર ક્રિયા કરીને તેને ઘનિષ્ઠ સારવાર આપીને સ્વસ્થ કર્યા બાદ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી.



સયાજી હોસ્પિટલના તબીબ સૂત્રોના જણાવ્યાનુસાર અલીરાજ જિલ્લાના અંતરિયાળ ગામમાં રહેતી સંગીતાબેન રોહિતભાઈ પઢીયાર પ્રસુતિ માટે સ્થાનિક અલીરાજપુર ખાતે જિલ્લાની ડીએચ હોસ્પિટલમાં ડિલીવરી માટે દાખલ થઈ હતી. જ્યાં તેણીએ ૧૨મી જૂન ના રોજ નવજાત બાળકીને જન્મ આપ્યો હતો. જોકે જન્મ સમયે બાળકીનું વજન ૧.૬૮૦ ગ્રામ હતું.

નવજાત બાળકીને જન્મ જાત આંતરડાની તકલીફને કારણે ફીડિંગ કરી શકતી ન હતી. મધર મિલ્ક બહાર આવી જતું હતું. જેથી તબીબે આ અંગેનું નિદાન કરતા નવજાત બાળકીને તેના પેટના જન્મ થીજ આંતરડામાં આંટી વળી હાલતમાં જન્મી હતી. અલબત્ત નવજાત બાળકીને પેટમાં મીડગટ વોલ્યુલસ તરીકે ઓળખાતી બીમારીનું નિદાન થયું હતું. જેથી અલીરાજપુર ખાતેની હોસ્પિટલના તબીબો એ બાળકીની ઘનિષ્ઠ સારવાર માટે અત્રેની સયાજી હોસ્પિટલમાં રીફર કરી હતી. આ બાળકી ના વાલી બાળકીને લઈને સયાજી હોસ્પિટલ ખાતે આવી પહોંચતા તેને પીડીયાટ્રીક વોર્ડમાં માં દાખલ કરવામાં આવી હતી. જ્યાં એસોસિયેટ પ્રોફેસર ડોકટર રિંકી શાહ, વૈશાલી ચાનપુરા, સિનિ. ડોકટર સાક્ષી સુમન સહિત તેમની તજજ્ઞ તબીબ ટીમે બાળકીની સારવાર હાથ ધરી હતી. જોકે બાળકીનો હિમોડાયનેમિક સ્થિર હોવાથી તાત્કાલિક પહેલો સર્જીકલ ઇન્ટર્વેશન માટે આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ બીજું ઓપરેશન કરવામાં આવ્યું હતું જેમાં બાળકના આંતરડાનો ભાગ કાઢીને બાકીનો ભાગ જોડવામાં આવ્યો હતો.

---

### વડસર બ્રિજ પાસે વહેલી સવારે ગઠિયા ત્રાટક્યાં

# ચાની લારીધારક મહિલાનો અછોડો તોડી ગઠિયાઓ બાઈક પર ફરાર

### મહિલાએ ચા બનાવવા મોડું થશે કહેતા ગઠિયાએ બિસ્કિટ માગીને અછોડો તોડ્યો

વડોદરા, તા. ૮

શહેરના વડસર બ્રિજ પાસે વહેલી સવારે બાઈક પર ત્રાટકેલા બે ગઠિયાઓ રોડ પર ચાની લારી ચલાવતી મહિલાનો એક તોલાનો અછોડો તોડીને ફરાર થઈ જતાં મહિલાએ બંને ગઠિયાઓ સામે માંજલપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

માંજલપુરમાં કોતર તલાવડી પાસે પારસ નગરમાં રહેતા ૪૫ વર્ષીય જૈમીત્રાદેવી રામાશંકર ગીરી વડસર બ્રિજ રોડ પર અભિનંદર માર્બલની બાજુમાં ચાની લારી ચલાવે છે. ગઈ કાલે સવારે સાડા પાંચ વાગે તે લારી પર જઈ ચા બનાવવાની તૈયારી કરતા હતા તે સમયે પોણા છ વાગે એક ગઠિયાએ લારી પર આવી ચા આપવાનું કહ્યું હતું. જૈમીત્રાદેવીએ ચા બનતા વાર લાગશે તેમ કહેતા ગઠિયાએ તેમની પાસે બિસ્કીટની માગણી કરી હતી જેથી તે બિસ્કીટ આપવા માટે ડબ્બો ખોલતા હતા તે સમયે ગઠિયાએ અચાનક તેમના ગળા પર તરાપ મારી હતી અને તેમને પહેરેલો ૫૦ હજારની કિંમતનો એક તોલાનો અછોડો તોડી લીધો હતો.

આ બનાવના પગલે ગભરાયેલા જૈમીત્રાદેવીએ કોઈ પ્રતિકાર નહી કરતાં ગઠિયો તેમની નજર સામે દોડીને રોડ ક્રોસ કરીને બાઈક ચાલુ રાખીને ઉભેલા તેના સાગરીતની પાછળ બેઠો હતો અને બંને ગઠિયા ફરાર થયા હતા. આ બનાવની જૈમીત્રાદેવીની ફરિયાદના પગલે માંજલપુર પોલીસે આ વિસ્તારના સીસીટીવી ફુટેજના આધારે બંને ફરાર ગઠિયાના સગડ મેળવવાની તજવીજ હાથ ધરી છે.

Printed and Published by Sanjay Pravinkumar Shah on behalf of Inkpot Publication Private Limited, Printed at 530 & 533, Narsinh Estate, OPP. Lubi Gel LLP, Near Bus Stand, village Manjusar, Taluka Savli, Dist. Vadodara, Gujarat - 391775 and Published at: 3rd Floor, Satva Avenue, Beside Avsar Party Plot, Sama-Savli Main Road, Vadodara-390008. • Editor*: Sanjay Pravinkumar Shah • RNI NO: 1667/57
All rights reserved Reproduction in any manner, electronic or otherwise, in whole or in part, without prior written permission of the Editor is prohibited.
For News Contact : E-mail : pressnote@loksattajansatta.com | For Advertisement Contact : E-mail : advt@loksattajansatta.com

### ભારે વરસાદ અને વાહનોની સતત અવરજવરના કારણે માર્ગોને ભારે નુકશાન થયું

# R&B હેઠળના માર્ગોનું ૯૦% સમારકામ પૂર્ણ

## માર્ગ અને મકાન વિભાગ દ્વારા મુખ્ય અને નાના પેચવર્કની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે

વડોદરા, તા.૮

ભારે વરસાદ અને વાહનોની સતત અવરજવરના કારણે વડોદરા શહેર અને જિલ્લાના માર્ગોને થયેલા નુકસાન બાદ માર્ગ અને મકાન વિભાગ દ્વારા સમારકામ અને ખાડા પૂરવાની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. અત્યાર સુધીમાં ૭૭ રસ્તાઓ પર પડેલા ૫૪૨ ખાડાઓને પેચવર્ક થકી દુરસ્ત કરવામાં આવ્યા છે.

માર્ગ અને મકાન (ગ્રામ્ય)ના કાર્યપાલક ઈજનેર નૈનેષ નાયકાવાલાએ જણાવ્યું હતું કે, શહેર અને જિલ્લા વિસ્તાર હસ્તક કુલ ૧૦૩૨.૯૧૨ કિલોમીટરના માર્ગો છે.

જેમાં મુખ્ય (મેજર) પેચવર્ક માટે જરૂરી ૨૧.૪૩૦ કિલોમીટર રસ્તાઓ અને નાના (માયનોર) પેચવર્ક માટે જરૂરી ૧૯.૮૦ કિલોમીટર રસ્તાઓની કામગીરી કરવાની થાય છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, તંત્ર દ્વારા પેચવર્કની કામગીરીને અત્યંત ઝડપથી હાથ ધરવામાં આવતા અત્યાર સુધીમાં ૯૦.૭૦% કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. જેમાં ૧૯.૪૩૦ કિલોમીટર મેજર પેચવર્ક અને ૧૨.૦૯૦ કિલોમીટર માયનોર પેચવર્કનો સમાવેશ થાય છે. બાકી રહેલી કામગીરી તાત્કાલિક પૂર્ણ કરવાની પ્રક્રિયા હેઠળ છે.

તેમણે ઉમેર્યું હતું કે, માર્ગ અને મકાન વિભાગ દ્વારા કુલ ૬૩૩ પોટ હોલ્સ (ખાડા) ઓળખીને સમારકામ હાથ ધરવામાં આવ્યું છે. રસ્તાઓને પૂર્વવત બનાવવા માટે ૫૪૨ ખાડાઓ પૈકી વિવિધ સામગ્રીનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જેમાં ૧૯ ખાડાઓ કોંક્રિટ દ્વારા, નવ ખાડાઓ પેવરબ્લોક દ્વારા, ૩૬૬ ખાડાઓ મેટલ દ્વારા, ૧૪૮ ખાડાઓ કોલ્ડ મિક્ષ દ્વારા પૂરવામાં આવ્યા છે. જ્યારે બાકી રહેલા ૯૧ ખાડાઓની કામગીરી પણ ઝડપથી પૂર્ણ કરાશે.





### દેશમાં વખણાતા ગુજરાત રાજ્યના ધોરી માર્ગોની દેખરેખના અભાવે કથળતી હાલત

# હાઈ-વે પર પડેલા ખાડાના કારણે માલની હેરફેરના ખર્ચમાં વધારો

## અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસિયેશન દ્વારા મુખ્યમંત્રીને રજૂઆત

વડોદરા, તા. ૮

ગુજરાત, જે ભારતના "મેન્યુફેક્ચરિંગ સ્ટેટ" તરીકે ઓળખાય છે, ત્યાંના સ્ટેટ અને નેશનલ હાઈવેની કથળતી હાલત ઉદ્યોગો માટે મોટી મુશ્કેલી ઊભી કરી રહી છે.

**ગુજરાતના સ્ટેટ અને નેશનલ હાઈવે ઊબડખાબડ હોવાથી માલ સમયસર પહોંચી શકતો નથી**

રસ્તાઓ પરના ખાડા, તૂટેલા બ્રિજ અને ડાઈવર્ઝનના કારણે ટ્રકોની ગતિ બળદગાડી જેવી ધીમી પડી ગઈ છે, જેના પરિણામે માલની હેરફેરનો ખર્ચ વધી રહ્યો છે અને ગુજરાતના વેપાર-ઉદ્યોગને મોટું આર્થિક નુકસાન થઈ રહ્યું છે.

અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસિયેશને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખીને રસ્તાઓની હાલત સુધારવા માટે તાત્કાલિક પગલાં લેવા વિનંતી કરી છે. પત્રમાં જણાવવામાં આવ્યું છે કે ગુજરાતની અંદરના જુદા જુદા વિસ્તારોમાં નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા અને ગુજરાત સરકાર હસ્તકના હાઈવે અત્યંત બિસ્માર હાલતમાં છે, અને રસ્તાઓ પર મોટા મોટા ખાડાઓ પડેલા છે.

રસ્તાઓ પર પડેલા ખાડા, તૂટી ગયેલા રસ્તાઓ, નવા પુલ અને એલિવેટેડ રોડના નિર્માણ માટે અપાયેલા બાયપાસ, તેમજ નેશનલ હાઈવે ૯ ઉપર ઘણા પુલોના રિસરફેસિંગના કામ માટે કરાયેલા ખોદકામના કારણે રાજ્યમાંથી પસાર થતાં અને રાજ્યમાંથી અન્ય રાજ્યમાં જતાં વાહનો માટે ગંભીર સમસ્યા ઊભી થઈ છે.

**રાજ્યના બિસ્માર થઈ ગયેલા સ્ટેટ હાઈ-વે**

- અમદાવાદથી વડોદરા-મુંબઈનો માર્ગ : આ સૌથી વધુ ટ્રાફિકવાળા અને અવરજવરવાળા રસ્તાની હાલત બદતર છે.
- ભરૂચ-નસવાડી-અંકલેશ્વર-રાજપીપળા હાઈવે : આ હાઈવે પણ અત્યંત ખરાબ હાલતમાં છે.
- કચ્છ તરફ જવાના અને કચ્છના આસપાસના રસ્તાઓ : આ વિસ્તારોના રસ્તાઓની હાલત પણ બિસ્માર છે, જેમાં મોટા મોટા ખાડા પડી ગયા હોવાથી વાહનની ગતિ મર્યાદિત થઈ જાય છે.
- અમદાવાદથી વડોદરા-સુરતનો માર્ગ : આ માર્ગની હાલત પણ ખૂબ જ ખરાબ છે.
- વડોદરાથી વાપી વલસાડ : આ માર્ગની હાલત પણ ખૂબ જ ખરાબ છે.

ખાસ કરીને, વડોદરા અને સુરત વચ્ચેના રોડ પર ચાર બ્રિજની સરફેસ ખોલી નાખવામાં આવી છે, જે ટ્રાફિક જામ અને વિલંબનું મુખ્ય કારણ બની રહી છે.

ગુજરાતના સ્ટેટ અને નેશનલ હાઈવે ઊબડખાબડ હોવાથી માલ સમયસર પહોંચી શકતો નથી, જેના કારણે ગુજરાતના ટ્રેડ અને કોમર્સને મોટું આર્થિક નુકસાન થઈ રહ્યું છે.

ટ્રકને તેના ગંતવ્ય સ્થાન સુધી પહોંચવામાં દોઢાથી બમણો સમય લાગી રહ્યો છે, પરિણામે પરિવહન ખર્ચમાં વધારો થાય છે અને ઉદ્યોગોની સ્પર્ધાત્મકતા પર સીધી અસર પડે છે.

ઘણા રસ્તાઓ એટલા ખરાબ થઈ ગયા છે કે અમુક વિસ્તારોમાં ટ્રકો જઈ શકતી નથી. આ પરિસ્થિતિ ગુજરાતના આર્થિક વિકાસ માટે એક મોટો અવરોધ બની રહી છે, અને સરકાર દ્વારા તાત્કાલિક સમારકામ હાથ ધરવામાં આવે તે અત્યંત જરૂરી છે.

### શહેરમાં ઉત્સાહ અને ઉમંગ સાથે ગૌરી વ્રતનો પ્રારંભ



શહેરમાં અષાઢ સુદ ૧૩ને મંગળવારથી પાંચ દિવસ માટે ગૌરીવ્રતનો પ્રારંભ થયો હતો. આ ગૌરી વ્રત અષાઢ વદ - ૨ સુધી ચાલશે. ગૌરી વ્રતના સંબંધમાં કિશોરીઓ, બહેનો, મહિલાઓ સહિત લોકો શિવ મંદિરોમાં પહોંચ્યા હતા અને પૂજા-અર્ચના કરી હતી. શાસ્ત્રી નયન જોષીએ જણાવ્યું હતું કે, આ વ્રતમાં ગૌરી પૂજન અને શિવ પૂજનનો વિશેષ મહિમા છે. સુયોગ્ય પાત્ર સાથે લગ્ન થાય અને પતિના નિરોગી આયુષ્ય માટે પૂજન અને પ્રાર્થના કરવામાં આવે છે. આ વ્રતને અલુણા કે મોળાકત તરીકે ઓળખાય છે. આ વ્રત દરમિયાન મીઠા વગરનું ફરાર આરોગવામાં આવતું હોય છે. આગામી ૧૨મી જુલાઈના રોજ અંતિમ દિવસે આ વ્રત બાદ જાગરણ કરવામાં આવશે.

### એમજીવીસીએલમાં ૪૦૦થી વધુ જુનિયર આસિસ્ટન્ટની જગ્યાઓ ખાલી

# વિવિધ મુદ્દે નિરાકરણ નહીં આવે તો એજીવિકાસ આંદોલન કરશે

વડોદરા.તા.૮

એમજીવીસીએલમાં ૪૦૦થી વધુ જુનિયર આસિસ્ટન્ટની જગ્યાઓ ખાલી હોવાથી કંપનીની રેવન્યુ પર અસર પડી રહી હોવાનું જાણવા મળે છે,આ જગ્યાઓ ભરવા એજીવિકાસ દ્વારા રજૂઆત કરવામાં આવી છે.

અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘના સૂત્રોએ જણાવ્યું હતું કે, એમજીવીસીએલમાં ૪૦૦ થી વધુ જૂનિયર આસિસ્ટન્ટની જગ્યાઓ ખાલી છે. તમામ જગ્યાઓ મિટર રીડરોની જગ્યા ખાલી છે તેને લીધે એમજીવીસીએલ કંપનીના રેવેન્યૂ ઉપર અસર પડે છે. તદુપરાંત, બીજા કર્મચારીઓ ઉપર કામનું ભારણ વધી રહ્યું છે. કોર્પોરેટ કચેરી ખાતેથી મિટર રીડીંગ પ્રોગ્રામ સમય મર્યાદામાં પૂરો કરવાનો આદેશ આપે છે અને મિટર રીડરોને કાયદેસરની કાર્યવાહી કરવાની ધમકી આપવામાં આવે છે. આ જગ્યાઓ ખાલી હોવાથી કામનું ભારણ ખુબ જ છે. તેમજ દરેક પેટા વિભાગીય કચેરીઓમાં ગ્રાહકોની સંખ્યા દિવસે અને દિવસે વધતી જ જાય છે. જીએસઓ ૪ પ્રમાણે સ્ટાફ આપવામાં આવેલ નથી.

તાજેતરમાં અધિક્ષક (એકાઉન્ટ) સંવર્ગમાં બદલીના ઓર્ડર કાઢવામાં આવેલ છે જેમાં એક મહિલા કર્મચારીને લાલબાગ ડિવિજનમાંથી ગોધરા ખાતે બદલી કરવામાં આવેલ છે.મહિલા કર્મચારીઓને હરીફ યુનિયનની તદન અયોગ્ય કરવામાં આવેલ ફરિયાદ આધારે મહિલા કર્મચારીને અન્યાયી બદલી કરવામાં આવેલ હોય સદર મહિલા કર્મચારી અને સંઘના પ્રતિનિધિને બોલાવી રૂબરૂ ચર્ચા કરી મહિલા કર્મચારીની રજૂઆત સાંભળી ન્યાય આપવા માગણી છે.

**૧૦૩ જેટલા ઈલે.આસિ.ની બદલી થતાં હોબાળો**

તાજેતરમાં એમજીવીસીએલ કંપની દ્વારા ૧૦૩ જેટલા ઈલે.આસી.ની સકલ ચેન્જની બદલીમાં સર્કલ ચેન્જની બદલીના ઓર્ડર કર્યા સિવાય સીધા જ ડિવિઝન ખાતે પોસ્ટિંગ આપી વિનંતીની બદલીનો લાભ મેળવવા માંગતા કર્મચારીઓને અન્યાય કરવામાં આવેલ હોય એમજીવીસીએલના મેનેજમેન્ટ દ્વારા સુંદર ઓર્ડરો તાત્કાલિક અસરથી રદ કરવા અને સર્કલ ખાતે પોસ્ટિંગ આપવા યુનિયને રજૂઆત કરી છે.

### લારી, ગલ્લા, પથારાવાળાને કારણે ટ્રાફિકની સમસ્યા સર્જાય છે

# સ્ટ્રીટ વેન્ડર્સ અને પાર્કિંગની પોલિસી બનાવવા માટે કમિટીની રચના કરાઈ

## કમિટી દ્વારા પાર્કિંગ માટેના નિયમો અને જગ્યાઓ પણ નક્કી કરાશે

વડોદરા, તા.૮

વડોદરા શહેરમાં ઠેર- ઠેર લારી ગલ્લા, પથારાના કારણે અનેક વખત ટ્રાફીક જામના પ્રશ્નો સર્જાય છે. ત્યારે લારી, ગલ્લા, પથારાવાળા માટે યોગ્ય આયોજન કરીને નવેસર થી હોકિંગ ઝોન અને નોન હોકિંગ ઝોન માટેની જગ્યાઓ નક્કી કરવા તેમજ તે માટે નીતિ નિયમોમાં સુધારા વધારા કરવા માટે એક બેઠક પાલિકાની કચેરીમાં યોજાઈ હતી. જેમાં આગામી દિવસોમાં સ્ટ્રીટ વેન્ડરર્સને યોગ્ય જગ્યાઓ ફાળવી શકાય તે માટે તેમજ પાર્કિંગની નવી પોલીસી માટે જગ્યા નક્કી કરવા એક કમિટી બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

મ્યુનિ. કમિશનર અરૂણ મહેશ બાબુના અધ્યક્ષ સ્થાને સબંધિત અધિકારીઓ સાથે એક સંયુક્ત મીટીંગ યોજાઈ હતી. જેમાં પાલિકાની હદમાં ધંધો કરતા લારી, ગલ્લા, પથારા, સ્ટ્રીટ વેન્ડર્સને યોગ્ય આયોજન કરીને નવેસરથી હોકિંગ ઝોન અને નોન હોકિંગ ઝોન માટેની જગ્યા નક્કી કરવા તેમજ તે માટેની નીતિ નિયમોમાં સુધારા વધારા કરવા, વર્ષો અગાઉ અપાયેલા પરવાના ધારકોની હાલની સ્થિતી અંગે સર્વે કરવા તેમજ નાગરિકો માટે વાહન પાર્કિંગ માટેના સ્થળો નક્કી કરવા માટે એક કમિટીનું ગઠન કરવાનું નક્કી કરવામાં આવ્યું હતુ.

આ કમિટીમાં પાલિકાના ડે. કમિશનર ( વહિવટ ), ડે. કમિશનર ( પૂર્વ ઝોન ), ટાઉન ડેવલોપમેન્ટ અધિકારી, અધિક આરોગ્ય અમલદાર, દબાણ શાખા અધિકારી, જમીન મિલ્કત અધિકારી ( કોમર્શીયલ )નો સમાવેશ થાય છે.આ કમિટી સ્ટ્રીટ વેન્ડર્સ માટે તેમજ પાર્કિંગ પોલીસી નક્કી કરવા માટેના નીતિ નિયમો,નવી જગ્યાઓ, વૈકલ્પિક વ્યવસ્થા નક્કી કરવામાં આવશે. આ કમિટીની મીટીંગ નિયમિત મળે અને હોકિંગ ઝોન, નોન હોકીંગ ઝોન માટેના નિયમોમાં સુધારા વધારા કરી યોગ્ય આયોજન કરવામાં આવશે.જેથી આગામી સમયમાં સ્ટ્રીટ વેન્ડર્સને હોકિંગ માટે જગ્યા મળી રહે તેમજ મુખ્ય રસ્તાઓ ઉપર લારી, ગલ્લાના દબાણો દૂર થાય તેમજ સ્વચ્છતાનું ધોરણ જળવાઈ રહે. આ કમિટી પાર્કિંગ પોલીસી માટે નીતિ નિયમો નક્કી કરવા, પાર્કિંગની જગ્યાઓ નક્કી કરવા વિગેરે માટે કામગીરી કરશે.

### ૧૫ના મંજુર મહેકમ સામે માત્ર ૮ જ કર્મચારી

# વડોદરા કોર્પોરેશનમાં ચાર ફૂડ સેફ્ટી ઓફિસરોની હંગામી ધોરણે નિમણૂક

વડોદરા, તા.૮

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગની ખોરાક શાખામાં ફૂડ સેફટી ઓફિસરોની પાછલા અનેક વર્ષો થી ઘટ છે. ત્યારે ચાર ફૂડ સેફટી ઓફિસરોની ત્રણ વર્ષ માટે ફિક્સ પગારથી અજમાયશી ધોરણે નિમણૂક કરવામાં આવી છે. વડોદરા કોર્પોરેશનમાં હાલ આઠ ફૂડ સેફટી ઓફિસરો છે. જોકે કોર્પોરેશનમાં ૧૫ ફૂડ સેફટી ઓફિસરોનું મહેકમ મંજૂર થયેલું છે. જેમાંથી અત્યાર સુધી માત્ર ૮ જ હતા.

હવે આ ચારની નિમણૂક થતા ફૂડ સેફટી ઓફિસરોની સંખ્યા વધીને ૧૨ થશે. મહેકમ મુજબ હજુ ત્રણ ફૂડ સેફટી ઓફિસરોની ઘટ રહેશે. જોકે, પ્રત્યેક વહીવટી વોર્ડ દીઠ એક ફૂડ સેફટી ઓફિસર હોવો જોઈએ.

વડોદરા કોર્પોરેશનમાં ૧૯ વહીવટી વોર્ડ છે, તે જોતાં ફૂડ સેફટી ઓફિસરોની ઘટ તો રહેશે જ. આ ચારની નિયુક્તિ પછી પણ નવી સાત નિમણૂકો કરવી પડશે. કોર્પોરેશન દ્વારા ગયા વર્ષે ફૂડ સેફટી ઓફિસરો માટે ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી હતી, અને ઓક્ટોબરમાં સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવી હતી.

જેમાં પાસ થયેલા ઉમેદવારોના મેરીટના આધારે નિમણૂક કરવામાં આવી છે. ત્રણ વર્ષ દરમિયાન કામગીરીનું મૂલ્યાંકન કર્યા બાદ નિયમિત પગાર ધોરણમાં આ ઓફિસરોને સમાવવા કોર્પોરેશન વિચારણા કરશે.

ઉલ્લેખનિય છે કે, ફૂટ સેફ્ટી ઓફિસરો દ્વારા વિવિધ વિસ્તારોમાં હોટલ, રેસ્ટોરન્ટ, ખાણી-પીણીની લારીઓ સહિત સ્થળે જઈને ખાદ્ય પદાર્થોના નમૂના લેવામાં આવે છે અને એ નમૂનાની તપાસ કરવામાં આવે છે.

## વડોદરામાં મરાઠી વાડ:મય પરિષદ દ્વારા ભવ્ય કવિ સંમેલન

વડોદરા, તા.૮

છેલ્લા નવ દાયકાથી શહેરમાં મરાઠી સંસ્કૃતિનું સંવર્ધન કરી રહેલી મરાઠી વાડ:મય પરિષદ દ્વારા દાંડિયા બજાર સ્થિત સંસ્થાના કાર્યાલય ખાતે એક ભવ્ય કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કવિ સંમેલન વિદર્ભના પ્રસિદ્ધ કવિ નીતિન વાયાળ (શિવાનુજ) ના અધ્યક્ષપદ હેઠળ યોજાયું હતું. સંસ્થાના સેક્રેટરી સંજય બચ્છાવે કવિ શિવાનુજનો વિસ્તૃત પરિચય આપ્યો. ત્યારબાદ સંસ્થાના અધ્યક્ષ મિલિન્દ બોડસેએ તેમને ગ્રંથ ભેટ આપી સન્માનિત કર્યા. સંમેલનમાં સ્વાતી વિનાયક બેડેકર, માનસી મ્હસકર, રેણુકા કુલકર્ણી, સુજ્ઞા રેળેકર, ત્રિવેણી શિર્કે, મનીષા સોનાર, નંદકુમાર સોની, ભાસ્કર નારાયણ માડીકર, ચેતના ધુમાળ, સાયલી કુલકર્ણી દ્વારા કવિતાઓ રજૂ કરાઈ હતી. અધ્યક્ષસ્થાને બિરાજમાન કવિ શિવાનુજે કવિતા અને ગઝલ વિષયે અભ્યાસપૂર્ણ વિવેચન કરી કવિતાઓ અને ગઝલો રજૂ કરી હતી.

### સાંસદ દ્વારા વ્યક્તિ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણનું આહ્વાન

# વડોદરામાં ૧૨૩ શિક્ષણ સહાયકોને નિમણૂક પત્રો એનાયત કરવામાં આવ્યા



વડોદરા, તા.૮

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ અને કમિશનર શાળાઓની કચેરી દ્વારા પ્રેરિત જિલ્લા શિક્ષણાધિકારી કચેરી વડોદરા દ્વારા આજે ૮ જુલાઈ ૨૦૨૫ ના રોજ, બિન-સરકારી ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૧૨૩ નવનિયુક્ત શિક્ષણ સહાયકોને નિમણૂક પત્રો એનાયત કરાયા હતા. કાર્યક્રમ સાંસદ ડો. હેમાંગ જોષી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

સાંસદ ડો. હેમાંગ જોષીએ રાષ્ટ્ર નિર્માણના ભગીરથ કાર્યને નિષ્ઠાપૂર્વક બજાવવા માટે શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે જણાવ્યું હતું કે, શિક્ષકો રાષ્ટ્રના ભવિષ્યના નિર્માતા છે અને યોગદાનથી જ સમાજ અને દેશ પ્રગતિ કરશે. કાર્યક્રમ બાબતે જિલ્લા શિક્ષણાધિકારી મહેશ પાંડેએ જણાવ્યું હતું એક, આ નિમણૂક પ્રક્રિયામાં વિવિધ વિષયોના શિક્ષણ સહાયકોનો સમાવેશ થાય છે. વડોદરામાં કુલ ૧૨૩ શિક્ષણ સહાયકોને નિમણૂક પત્રો એનાયત કરાયા છે. જેમાં બાયોલોજીમાં સાત, કેમેસ્ટ્રીમાં ત્રણ, કોમર્સમાં ૪૦, કમ્પ્યુટરમાં બે, અર્થશાસ્ત્રમાં ૨૦, ઈંગ્લિશમાં ૧૫. ગુજરાતીમાં ૧૮, હિન્દીમાં બે, ગણિત અને ભૌતિક વિજ્ઞાનમાં છ-છ, સમાજશાસ્ત્રમાં એક, આંકડાશાસ્ત્રમાં ત્રણ શિક્ષકનો સમાવેશ થાય છે.

### સમગ્ર કોરિડોર પર નદી પરના ૨૫ પુલોનો સમાવેશ

# બુલેટ ટ્રેન પ્રોજેક્ટ : દમણ ગંગા નદી પર પુલનું નિર્માણ પૂર્ણ

વડોદરા, તા.૮

અમદાવાદ- મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અંતર્ગત વલસાડ જિલ્લામાં દમણ ગંગા નદી પરના પુલની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. આ બ્રિજ ૩૯૦ મી. લાંબો છે.

વલસાડ જિલ્લામાં એમએએચએસઆર રૂટ લગભગ ૫૬ કિમી લાંબો છે દાદરા અને નગર હવેલીમાં ૪.૩ કિમી સહિત જે જરોલી ગામથી શરૂ થાય છે અને વાઘલદરા ગામ ખાતે સમાપ્ત થાય છે. આરૂટમાં વાપી બુલેટ ટ્રેન સ્ટેશન, ૩૫૦ મીટર લાંબી ટનલ, ૫ નદી પુલ અને ૧ પીએસસી પુલ (૨૧૦ મીટર)નો સમાવેશ થાય છે.

દમણ ગંગા નદી પરના આ પૂલની લંબાઈ: ૩૯૦ મી છે. તેમાં ૯ પૂર્ણ-ગાળાના ગર્ડર (દરેક ૪૦ મી) છે.જ્યારે પિઅર ઊંચાઈ - ૧૯ મી થી ૨૯ મી છે. તેમાં ૪ મી નો એક ગોળાકાર પીલર, ૫ મી નો એક અને ૮ ૫.૫ મી વ્યાસનો બનેલો છે. આ પુલ બોઈસર અને વાપી બુલેટ ટ્રેન સ્ટેશન વચ્ચે છે. આ બે સ્ટેશનો વચ્ચે બીજો એક નદી પુલ જે પહેલાથી જ પૂર્ણ થઈ ગયો છે તે છે દરોથા નદી પુલ.

આ નદી વાપી બુલેટ ટ્રેન સ્ટેશનથી લગભગ ૧ કિમી અને બોઈસર બુલેટ ટ્રેન સ્ટેશનથી ૬૧ કિમી દૂર છે. વલસાડ જિલ્લામાં પૂર્ણ થયેલા અન્ય નદી પુલોમાં ઔરંગા (૩૨૦ મીટર), પાર (૩૨૦ મીટર), કોલક (૧૬૦ મીટર) અને દરોથા (૮૦ મીટર)નો સમાવેશ થાય છે.દમણ ગંગા નદી મહારાષ્ટ્રના નાસિક જિલ્લાના વાલવેરી ગામ નજીક સહ્યાદ્રી ટેકરીઓમાંથી નીકળે છે. તે લગભગ ૧૩૧ કિલોમીટર સુધી વહે છે, મહારાષ્ટ્ર, દાદરા અને નગર હવેલી અને દમણમાંથી પસાર થાય છે અને પછી અરબી સમુદ્રમાં મળે છે.

### ઝડપથી લોકપ્રિય થઇ રહેલા બોક્સ ક્રિકેટના પગલે મેદાનો ઉભા થઇ ગયા છે

# બોક્સ ક્રિકેટ માટે સરકારી તંત્ર કે પાલિકા દ્વારા કોઈ નીતિ નિયમો બનાવાયા નથી

## સુરતનો બનાવ નજર સામે હોવા છતાં તંત્ર દ્વારા આ બાબતે કોઈ કાર્યવાહી નહીં

વડોદરા,તા.૮

શહેરના ક્રિકેટ પ્રેમીઓમાં બોક્સ ક્રિકેટનો ક્રેઝ ખુબ જ ઝડપથી વધી રહ્યો છે. પણ ક્રિકેટ બોક્સ બનાવવામાં સરકારના કોઈ નિયમ-કાનૂનનું પાલન કરવામાં આવ્યુ છે કે કેમ ? તે જાણવા માટે કોઈ દરકાર કરતુ નથી.

તાજેતરમાં સુરતમાં ક્રિકેટ બોક્સ દુર્ઘટના સર્જાઈ હતી. ત્યારપછી અમદાવાદ કોર્પોરેશને શહેરમાં ક્રિકેટ બોક્સના સ્ટ્રક્ચરની સ્ટેબિલિટી અંગે ચિંતા શરુકરી છે. પરંતુ, વડોદરા કોર્પોરેશને આ દિશામાં હજીસુધી કોઈ ધ્યાન આપ્યુ નથી. હકીકતમાં વડોદરાના અલગ-અલગ વિસ્તારોમાં ૨૦થી વધારે ક્રિકેટ બોક્સ છે. જે ધંધાકીય પ્રવૃત્તિ કરી રહ્યા છે. અહીં પૈસા ખર્ચીને લોકો ક્રિકેટ રમવા આવી રહ્યા છે અને આખોય વેપાર ચુપકિદીથી ચાલી રહ્યો છે. જો આમા સરકારી તંત્ર હસ્તક્ષેપ નહીં કરે તો વેપારીઓ પૈસા બચાવવાની લ્હાયમાં ક્રિકેટ બોક્સની મજબૂતાઈમાં સમાધાન કરી શકે છે. અને કોઈ મોટી દુર્ઘટના પણ સર્જાઈ શકે છે. વડોદરા શહેરમાં લોકપ્રિય બની રહેલા ક્રિકેટ બોક્સ સુરક્ષા અને નીતિ-નિયમો વગર બેફિકરાઈથી ચાલી રહ્યા હોવાનું સપાટી પર આવ્યું છે. શહેરના વિવિધ વિસ્તારોમાં હાલ ૨૦થી વધુ ક્રિકેટ બોક્સ ધમધમી રહ્યા છે, જેમાંથી મોટાભાગના સ્ટ્રક્ચર સ્ટેબિલિટી વિના ચાલી રહ્યા છે. શહેરમાં અને શહેર નજીકના વિસ્તારોમાં આવેલા ખુલ્લા પ્લોટમાં લોખંડની જાળીના કોર્ડન કરીને ઊભા કરી દેવામાં આવતા હાલ ૨૦થી વધારે ક્રિકેટ બોક્સ છે પરંતુ, ક્રિકેટ બોક્સ બનાવવા અંગે મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગની કોઈપણ કાયદો અથવા નિયમ બનાવવામાં આવ્યા નથી. તાજેતરમાં સુરતના કતારગામમાં ક્રિકેટ બોક્સ ધરાશાયી થયુ હતુ. આ દુર્ઘટનાની અમદાવાદ કોર્પોરેશને ગંભીર નોંધ લીધી છે પણ વડોદરા કોર્પોરેશન આ બાબતે બિન્દાસ્ત છે. અને કદાચ એટલે જ શહેરમાં ક્રિકેટ બોક્સના સ્ટ્રક્ચર અંગે કોઈ વાત કરવા તૈયાર નથી. હવે, સવાલ એ થાય છે કે, સુરત જેવી ક્રિકેટ બોક્સની દુર્ઘટના વડોદરામાં સર્જાય તો જવાબદારી કોની?

**અમદાવાદ પાલિકાએ પોલિસી બનાવી**

સુરતનો બનાવ નજર સામે હોવાથી અમદાવાદ મહાનગર પાલિકાએ બોક્સ ક્રિકેટ માટે નીતી નિયમો અંગે પોલીસી બનાવી છે, આ પોલીસીને મંજુરી માટે ગુજરાત સરકારને મોકલી આપી છે, ગુજરાત સરકાર આ પોલીસે આખા રાજ્યમાં અમલમાં લાવશે તેવો અંદાજ છે.

### અષાઢ સુદ પૂનમના રોજ ગુરુવારે ગુરુપૂર્ણિમા નિમિત્તે

# શહેરમાં ધાર્મિક સંસ્થાઓ તથા શાળા કોલેજોમાં ગુરુ પૂજનની તૈયારીઓ શરૂ

વડોદરા તા. ૮

અષાઢ સુદ પૂનમ ના રોજ ગુરૂવારે ગુરુ પૂર્ણિમા છે. ભારતીય સંસ્કૃતિનો આ એક પવિત્ર પર્વ છે. જે અષાઢ માસની પૂર્ણિમાના દિવસે ઉજવવામાં આવે છે. આ દિવસ ગુરુ પ્રત્યે શ્રદ્ધા, આદર અને કૃતજ્ઞ વ્યક્ત કરવા માટેનો સમર્પિત દિવસ છે. ગુરુપૂર્ણિમા ખાસ કરીને ભગવાન વેદ વ્યાસના જન્મદિવસની ઉજવણી તરીકે ઓળખાય છે. કારણ કે તેમને વેદોનું સંકલન કરી માનવ જાતને જ્ઞાનનો અમૂલ્ય ખજાનો આપ્યો છે. આ દિવસે શિષ્યો પોતાના ગુરુનું પૂજન કરે છે. તેમના આશીર્વાદ મેળવે છે. અને જ્ઞાન માર્ગદર્શન તથા પ્રેરણા માટે તેમનો આભાર માને છે. ગુરુપૂર્ણિમા એ ગુરુ શિષ્ય પરંપરાનું પ્રતીક છે. જે ભારતીય સંસ્કૃતિનો આધાર સ્તંભ છે.

ગુરુ માત્ર પુસ્તકિયા જ્ઞાન આપનાર શિક્ષક નથી, પરંતુ એક એવા માર્ગદર્શક છે. જે યુવાનોને જીવનના પડકારોનો સામનો કરવાની શક્તિ, નૈતિક મૂલ્યો, અને આત્મવિશ્વાસ આપે છે. આજના યુગમાં યુવાનો સોશિયલ મીડિયા ગ્લોબલાઈઝેશન અને માહિતીના અતિરેકથી ઘેરાયેલા છે. જેના કારણે તેઓ ઘણીવાર દીશા હીન અને મૂંઝવણમાં રહે છે. આવા સમયે ગુરુ એક દીવાદાંડી જેમ કાર્ય કરે છે. આધુનિક યુગમાં ગુરુનું સ્વરૂપ બદલાયું છે પરંતુ તેનું મહત્વ ઘટ્યું નથી. આજના યુગમાં શિક્ષકો મેન્ટોર ડિજિટલ પ્લેટફોર્મ્સ આધ્યાત્મિક અને એ આઈ આધારિત શૈક્ષણિક સાધનો યુવાનોને જ્ઞાન પ્રેરણા અને અને નૈતિક મૂલ્યો ની શિક્ષા આપે જ્યારે

આ ગુરુ યુવાનોને અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જાય છે અને તેમને સશક્ત સમાજ નિર્માણ કરવાની પ્રેરણા આપે છે. એટલે જ ગુરુને પ્રભુને પામવાના પાર્થ દર્શક તરીકે ઓળખવામાં આવે છે.

### છોટાઉદેપુરથી વડોદરા અને મધ્ય પ્રદેશને જોડતો આ મુખ્ય માર્ગ છે

# પાવીજેતપુર સિહોદ નજીક ડાયવર્ઝન તૂટી જતાં વેપારને આર્થિક સંકટનો સામનો કરવાનો વારો

## બ્રિજ બે વર્ષ પહેલા ધસમસતા પાણીના કારણે પાયા ધોવાઈ જતાં તૂટી ગયો હતો



બોડેલી,તા.૮

છોટાઉદેપુરથી વડોદરા અને મધ્ય પ્રદેશને જોડતો આ મુખ્ય માર્ગ હોય જે માર્ગ ઉપર , સ્કુલ જવા માટે વિદ્યાર્થીઓ ઇમરજન્સી આરોગ્યલક્ષી સેવાઓ ને ખૂબ મોટી અસર જોવા મળી રહી છે છોટાઉદેપુર જિલ્લાના પાવી જેતપુર ખાતે આવેલ ભારજ નદી ઉપરનો બ્રિજ બે વર્ષ પહેલા ધસમસતા પાણીના કારણે પાયા ધોવાઈ જતાં તૂટી ગયો હતો ત્યારબાદ અઢી કરોડના ખર્ચે ડાઈવર્ઝન બનાવવામાં આવ્યું હતું આઠ મહિનાના સમયમાં ચોમાસામાં નદીમાં પાણી આવતા એ ડાયવર્ઝન પણ તૂટી અને ભૂકો થઈ ગયું હતું ત્યારબાદ તંત્ર દ્વારા ચાર કરોડ કરતાં વધુના ખર્ચે નવી ડિઝાઈન થી નવું ડાયવર્ઝન મંજૂર કરવામાં આવ્યું હતું પણ છ થી સાત મહિનાના સમયમાં ચોમાસામાં પ્રથમ વરસાદી પાણી આવતા એ ડાઈવરઝન પણ બે ટુકડા થઈ ગયું હતું જેને લઈને છોટાઉદેપુર જિલ્લામાંથી પસાર થતો ૫૬ નંબરનો હાઇવે જે જિલ્લાનો સૌથી મોટો હાઇવે હોય રોજની હજારો ગાડીઓ અહીંથી પસાર થતી હોય અને છોટાઉદેપુર ને અને બોડેલી વડોદરા ને જોડતો હાઇવે પર આવેલ પાવીજેતપુર પાસેના ડાઈવરજન ને બંધ કરવામાં આવ્યું હતું અને વૈકલ્પિક અન્ય જગા પરથી ફરીને ડાઈવરજન આપવામાં આવ્યું હતું. જેને લઈને વિકાસની ગતિ છોટાઉદેપુર જિલ્લામાં ધીમી જોવા મળી હતી ગુજરાત - મધ્ય પ્રદેશને જોડતો આ મુખ્ય માર્ગ નેશનલ હાઇવે નં ૫૬ ઉપરનો બનાવવામાં આવેલો ડાઈવરજન અને બ્રિજ તૂટી જતાં મુખ્ય માર્ગ સદંતર બંધ થઈ ગયો છે.

### શહેરા તાલુકામાં ફાર્મર રજિસ્ટ્રીની કામગીરી ૨૯ ટકા જેટલી થઈ

શહેરા,તા.૮

શહેરા તાલુકામાં ફાર્મર રજીસ્ટ્રી ની કામગીરી ચાલી રહી હોવા સાથે ૨૯ ટકા જેટલી થઈ હતી.જ્યારે ખેતીવાડી શાખા , ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી અને ગ્રામ સેવકો તેમજ ગ્રામ પંચાયતના વીસી આ કામગીરી માં જોડાયા હોવા સાથે તાલુકા ખેતીવાડી શાખાના વિસ્તરણ અધિકારી ભુપેન્દ્રભાઈ બારીયા એ પણ તમામ ખેડૂતોને ફાર્મર રજીસ્ટ્રી કરવા અપીલ કરી હતી.

શહેરા તાલુકામાં ફાર્મર રજીસ્ટ્રી ની કામગીરી ચાલી રહી છે તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં આવેલી ગ્રામ પંચાયત કચેરી ખાતે તેમજ ગ્રામ સેવકો અને ખેતીવાડી વિભાગ દ્વારા ખેડૂતોનો સંપર્ક કરીને માર્ગદર્શન આપીને ફાર્મર રજીસ્ટ્રીની કામગીરી કરવામાં આવી રહી હતી. તાલુકામાં અત્યાર સુધી ૨૯ ટકા ની આસપાસ

ફાર્મર રજીસ્ટ્રી ની કામગીરી પૂર્ણ થઈ હતી.

### બોડેલી બાર એસોસિયેશને તાત્કાલિક મીટિંગ બોલાવી

# રાજપીપળા ન્યાયાલયમાં જતાં વકીલોને રોકાતા વિવાદ : બોડેલી બાર એસોસિયેશનનો વિરોધ

## તમામ વકીલો ભેગા થયા અને આ મુદ્દે કડક ઠરાવ પસાર



બોડેલી,તા.૮

રાજપીપલા નર્મદા જિલ્લાના ન્યાયાલય સંકુલમાં વકીલોને પ્રવેશ ન આપવામાં આવ્યા હોવાના વિરોધમાં બોડેલી બાર એસોસિયેશને તાત્કાલિક મીટીંગ બોલાવી હતી. વકીલ ગોપાલભાઈ ઈટાલિયા પોતાના અસીલના કેસમાં કોર્ટમાં રજુઆત કરવા જઈ રહ્યા હતા, ત્યારે તેમને અને અન્ય વકીલોને ન્યાયાલયમાં પ્રવેશથી રોકવામાં આવ્યો હતો. વકીલોને સુપ્રીમ કોર્ટ દ્વારા 'કોર્ટ ઓફિસર' તરીકે માન્યતા આપવામાં આવી છે અને તેમના કોર્ટમાં હાજર રહેવાનો અધિકાર બંધારણ તથા કાયદાના જોગવાઈઓ દ્વારા સુરક્ષિત છે. બાર એસોસિયેશ ને આ ઘટનાની કડક નિંદા કરી અને જણાવ્યું કે આથી પક્ષકારોને ન્યાય પ્રક્રિયામાં સીધો દખલ આપવામાં આવી રહ્યો છે. તેમણે આ ગંભીર બનાવમાં સંકળાયેલા અધિકારીઓ વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી કરવાને તાત્કાલિક માંગણી કરી છે. સાથે જ, વકીલોની સુરક્ષા માટે "એડવોકેટ પ્રોટેક્શન એક્ટ" તાત્કાલિક અમલમાં મૂકવાની તથા બાર કાઉન્સિલ ઓફ ગુજરાતને પણ તાત્કાલિક પગલાં લેવા માગ કરવામાં આવી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### બોડેલીના ઊંચાપાન પીએચસીમા જિલ્લા આરોગ્ય શાખા દ્વારા રક્તદાન શિબિર



બોડેલી : ઈન્દુ બ્લડ બેંક બોડેલી સહયોગ થી રક્તદાન નો મુખ્ય હેતુ સગર્ભા માતાઓ ને સુવાવડ દરમિયાન રક્ત ની ઉણપ હોય ત્યારે સરળતાથી રક્ત મળી રહે અને આવનાર બાળક અને માતા ને રક્ત ના અભાવે જોખમ ઊભું ન તે તેવા ઉમદા આશય થી શિબીર નું આયોજન કરાયું હતું. આજ રોજ તાલુકા હેલ્થ ઓફિસ બોડેલી દ્વારા આયોજિત પી.એચ.સી ઉંચાપન ખાતે પંચાયત ઓફિસના પટાંગણ મા સિકલસેલ, થેલેસેમીયા, તથા સગર્ભા બહેનો ધાત્રી માતાઓ ને રક્ત મળી રહે તેવા ઉમદા આશય મુજબ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. ભારત ચૌહાણ ના માર્ગદર્શન હેઠળ તથા બોડેલી ઈ.ચા તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. ભારતી ગુપ્તા ના અધ્યક્ષ સ્થાને ઈન્દુ બ્લડ બેંક બોડેલીના સહયોગ થી રક્તદાન શિબિર માટે કેમ્પ આયોજિત કરેલ જેમાં ગરીબ દર્દીઓ તેમજ જરૂરિયાત મંદ દર્દીઓ ને સરળતાથી લોહી મળી રહે તેવા એક ઉમદા આશય થી રક્તદાન શિબિર કેમ્પ કરેલ જેમાં વિવિધ પ્રા.આ.કેન્દ્ર ના સ્ટાફ તથા રક્તદાતાઓ એ રક્તદાન કરેલ હતું કેમ્પ દરમ્યાન તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. ભારતી ગુપ્તા રક્તદાતાઓ ન રક્તદાન કરે તેના માટે જનતાને અપીલ કરી જેથી કોઈ પણ વ્યક્તિ ની લોહીના અભાવે મૃત્યુ ન થાય અને ઉપસ્થિત તમામ ને રક્તદાન કરવા માટે અપીલ કરી હતીય

### ખાતરની તીવ્ર અછત વર્તાઈ રહી છે

# ગરબાડામાં કતારમાં ઉભા રહ્યા બાદ ખાતર ન મળતા હોબાળો ખેડૂતોને ભારે હાલાકીનો સામનો

દાહોદ,તા.૮

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાની એપીએમસી ખાતે હાલમાં ખાતરની તીવ્ર અછત વર્તાઈ રહી છે. જેના કારણે ખેડૂતોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ચોમાસાની ઋતુમાં વાવણીનો પ્રારંભ થઈ ચૂક્યો હોવાથી ખાતરની અત્યંત આવશ્યકતા છે. પરંતુ પુરવઠાના અભાવે ખેડૂતો વહેલી સવારથી લાંબી કતારોમાં ઊભા રહેવા છતાં ઘણાને ખાતર વિના ખાલી હાથે પાછા ફરવું પડે છે.

ખાતર મેળવવા માટે મહિલાઓ, પુરુષો અને યુવાનો સહિત મોટી સંખ્યામાં ખેડૂતો વહેલી સવારથી જ લાઈનમાં ઊભા રહે છે. ખેડૂતોનો આક્ષેપ છે કે, જ્યારે ખાતરનો ટ્રક આવે છે, ત્યારે એપીએમસીના સત્તાધીશો દ્વારા તેમને ખાતર આપવામાં આવતું નથી. આના કારણે ખેડૂતોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

સવારથી ભૂખ્યા-તરસ્યા ઊભા રહેલા ખેડૂતોને મોડી સાંજ સુધી ખાતર ન મળતાં નિરાશ થઈને પાછા ફરવું પડે છે. ખેડૂતોની આ સમસ્યા અને આક્રોશને ધ્યાનમાં રાખીને, પ્રાંત અધિકારી મિલન દવે, ગરબાડા મામલતદાર સી.વી. ચૌધરી, અને કૃષિ અધિકારી સહિતની ટીમે ગરબાડા એપીએમસીની મુલાકાત લીધી હતી.

આ ટીમે ખેડૂતો અને ખાતર વિક્રેતાઓ સાથે વાતચીત કરીને તેમની પરિસ્થિતિ જાણી હતી. સમસ્યાના નિવારણ માટે, અધિકારીઓએ ખાતર વિક્રેતાઓને ટોકન સુવિધા શરૂ કરવા માટે જરૂરી સલાહ-સૂચનો કર્યા હતા. તંત્ર દ્વારા ખેડૂતોને ખાતરની સમસ્યાના નિવારણ માટે બાંહેધરી આપવામાં આવી છે.

### જિલ્લા પોલીસ વડા તથા તેમની ટીમનું કડક વલણ

# છૂટક વેચાણ માટે એમ.પી.થી દારૂ દાહોદ લાવતી ચાર મહિલા પકડાઈ

## ૨૦ હજાર ઉપરાંતની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

દાહોદ,તા.૮

દાહોદ એલસીબી પોલીસે ગઈકાલે મધ્યપ્રદેશના પીટોલ ખાતેના દારૂના એક ઠેકા પરથી વેચાણ માટે વિદેશી દારૂની બોટલો હાથ થેલીઓમાં ભરી લાવતી ચાર જેટલી મહિલાઓને દાહોદ ભગીની સમાજ પાસે રોડ પરથી રૂપિયા ૨૦ હજાર ઉપરાંતની કિંમતના વિદેશી દારૂના જથ્થા સાથે પકડી પાડી જેલ ભેગી કર્યાનું જાણવા મળ્યું છે. દાહોદ એલસીબી પોલીસ વિદેશી દારૂની જિલ્લામાં થતી હેરાફેરી તેમજ વેચાણ પર બાજ નજર રાખી રહી છે. તેવા સમયે ગઈકાલે મોડી સાંજે દાહોદ એલસીબી પોલીસ શહેરમાં સ્ટેશન રોડ પર પેટ્રોલિંગમાં હતી. તે વખતે છૂટક વેચાણ માટે મધ્યપ્રદેશના પીટોલ ગામના દારૂના એક ઠેકા પરથી ઈંગ્લિશ દારૂના જથ્થાની ખરીદી કરી પોતાની પાસેની હાથ થેલીઓમાં ભરી કોઈ વાહનમાં બેસી દાહોદ આવી દાહોદના ભગીની સમાજ પાસે વાહનમાંથી ઉતરી પોત પોતાના ઘરે જવાની તૈયારીઓ કરી રહેલી દાહોદ તાલુકાના છાપરી ગામના નિશાળ ફળિયાની ૨૭ વર્ષીય રીનાબેન ઉર્ફે ટીનાબેન હિંમતભાઈ કાળુભાઈ નીનામા, દ્રષ્ટિ નેત્રાલય પાછળ આવેલ સાક્ષી પાર્કમાં રહેતી ૩૫ વર્ષીય ગાયત્રીબેન વિજેન્દ્રભાઈ ગોપાલભાઈ સિસોદિયા (સાંસી), દ્રષ્ટિ નેત્રાલય પાછળ સાક્ષી પાર્કમાં રહેતી ૩૫ વર્ષીય શર્મિલાબેન ગોપાલભાઈ પ્રતાપભાઈ સાંસી, તથા દાહોદ દર્પણ ટોકીજ રોડ પર રહેતી ૩૫ વર્ષીય મીનાબેન નગીનભાઈ તારાચંદ સિસોદિયા (સાંસી) પેટ્રોલિંગમાં નીકળેલ એલસીબી પોલીસને જોઈ આઘી પાછી થવાની કોશિશ કરતા પોલીસને તે ચારે મહિલાઓની હિલચાલ શંકાસ્પદ લાગતા એલસીબી પોલીસ ચારે મહિલાઓની પાસેની હાથ થેલીઓ તપાસી તેમાંથી રૂપિયા ૨૦,૧૯૦/- ની કિંમતની ભારતીય બનાવટના ઈંગ્લિશ દારૂ તથા ટીન બિયરની કુલ બોટલ નંગ-૯૩ પકડી પાડી કબજે લઈ ઉપરોક્ત ચારે મહિલાઓની અટકાયત કરી દાહોદ એ ડિવિઝન પોલીસને સુપરત કરતાં દાહોદ એ ડિવિઝન પોલીસે આ મામલે પકડાયેલ ઉપરોક્ત ચારે મહિલાઓ સામે પ્રોહીબિશનનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### છોટાઉદેપુર જિલ્લામાં ધરતી આબા જન ભાગીદારી અભિયાન

બોડેલી,તા.૭

ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિ વર્ષને "જનજાતિય ગૌરવ" વર્ષ તરીકે ઉજવવામાં આવી રહ્યો છે. ભારત સરકારના આદિજાતિ બાબતોના મંત્રાલય અને ૧૭ અન્ય મંત્રાલયના ૨૫ વિભાગોના સહયોગથી આદિજાતિના લાભાર્થીઓના ગામ સુધી વિવિધ યોજનાઓના લાભ વિતરણ અને જાગૃતિ અભિયાન અંતર્ગત ૧૫ દિવસ "ધરતી આબા" જનભાગીદારી અભિયાન આદિવાસી કલ્યાણથી-વિઝનથી મિશન સુધી શરૂ કરવામાં આવ્યુ છે. છોટાઉદેપુર જિલ્લામાં ૧૫ જુલાઈ સુધી ચાલનારા અભિયાન અંતર્ગત ૯મી જુલાઈએ છોટાઉદેપુર જિલ્લાના કવાંટ,જેતપુરપાવી, સંખેડા, બોડેલી અને છોટાઉદેપુર તાલુકાઓમાં શિબિર યોજાશે. છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકામાં પાનવડ એસ.સી.શાહ હાઈસ્કુલ, જેતપુરપાવીમાં ભીખાપુરા હાઈસ્કુલ, કેમ્પ કરવામાં આવશે.

### લુણાવાડા તાલુકાના લકડી પોયડા ખાતે દિવ્યાંગ બાળકોને શૈક્ષણિક કિટ આપવામાં આવી



લુણાવાડા : લુણાવાડા તાલુકાની સરસ્વતી ઉત્તર બુનિયાદી વિદ્યાલય લકડી પોયડા ખાતે દિવ્યાંગ બાળકોને શૈક્ષણિક કીટ આપવામાં આવી હતી. સરસ્વતી ઉ. બુ.વિદ્યાલય લકડીપોયડા ખાતે લાલસર ક્લસ્ટરમાં અભ્યાસ કરતા માં ધોરણ ૫ થી ૧૨ અભ્યાસ કરતા ૩૦ દિવ્યાંગ બાળકો જેવા કે શ્રવણમંદ, માનસિકમંદ, લો વિઝન, તેમજ ઓ.એચ.અને સી.પી. જેવી દિવ્યાંગતા ધરાવતા દરેક બાળકને ૧ ડઝન ફુલ સ્કેપ ચોપડા, બેગ, ટી મગ, બિસ્કિટ ચોકલેટ તેમજ જરૂરિયાતમંદ બાળકોને કપડાં નું વિતરણ ગણેશ હોસ્પિટલ બાયડના દાતા ડૉ .કશ્યપ ભાવસાર દ્વારા આપવામાં આવ્યા હતા આ પ્રસંગે માધ્યમિક શિક્ષક સંઘના અધ્યક્ષ નિલેશભાઈ પટેલ તેમજ શાળાના આચાર્ય, શાળાનો સ્ટાફ તથા દિવ્યાંગ બાળકોઅને તેમના વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા સમગ્ર કાર્યક્રમનું આયોજન લાલસર ક્લસ્ટરમાં ફરજ બજાવતા દિવ્યાંગ બાળકોના શિક્ષક જે. પી. સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું

### ૫૦૦ કિલો ગ્રામ જેટલા બીજનો ડ્રોન દ્વારા છંટકાવ કરવામાં આવ્યો

# પાવાગઢ ખાતે ડુંગર પર ગ્રીન પાવાગઢ પ્રોજેક્ટ અંતર્ગત ડ્રોનથી સીડ સોઈંગ વાવેતરનો શુભારંભ

## ભદ્રકાલી માતાના ડુંગરના હીલના ભાગમાં અંદાજિત હેક્ટર ૬૦ વિસ્તારમાં કામગીરી

હાલોલ, તા૮

એક પેડ માં કે નામ ૨.૦ ના સુત્ર હેઠળ પંચમહાલ જિલ્લા અને હાલોલ તાલુકા વન વિભાગના સંયુક્ત ઉપક્રમે સમગ્ર હાલોલ તાલુકા સહિત પાવાગઢને હરિયાળું બનાવવા માટેનું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે જેને અનુલક્ષીને ગ્રીન પાવાગઢ પ્રોજેક્ટ અંતર્ગત યાત્રાધામ પાવાગઢ ડુંગર ખાતે આજે સોમવારે હાલોલ વિધાનસભાના ધારાસભ્ય અને પૂર્વ રાજ્યમંત્રી જયદ્રથસિંહ પરમારની અધ્યક્ષતામાં ડ્રોનથી સીડ સોઈંગ વાવેતરનું શુભારંભ કરવાનો કાર્યક્રમ આયોજિત કરાયો હતો જેમાં પાવાગઢ ડુંગર પર આવેલ શ્રી માં કાલિકા માતાજીના મંદિરના નીચેના ભાગમાં નવલખી કોઠાર તેમજ ખપ્પર જોગણી વિસ્તાર અને ભદ્રકાલી માતાના ડુંગરના હીલના ભાગમાં અંદાજિત હેક્ટર ૬૦ વિસ્તારમાં બીજની અલગ અલગ જાતો જેવી કે સિંદૂર,સીતાફળ,સાગ, ગોરસ,આંબલી દેશી બાવળ,ગરમાળો,આમળા વાસ વગેરે જેવી અલગ અલગ જાતોના અંદાજિત ૫૦૦ કિલો ગ્રામ જેટલા બીજનો ડ્રોન દ્વારા છંટકાવ કરી ડ્રોનની આધુનિક ટેકનોલોજીના ઉપયોગ દ્વારા બીજના વાવેતરનો શુભારંભ કરાયો હતો આ પ્રસંગે ધારાસભ્ય જયદ્રથસિંહ પરમાર સહિત પંચમહાલ જિલ્લા સહકારી સંઘના ડિરેક્ટર મયુરધ્વજસિંહ પરમાર, હાલોલ તાલુકા ભારતીય જનતા પાર્ટીના પૂર્વ પ્રમુખ પ્રવીણસિંહ પરમાર, માં કાલિકા મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટી વિનોદભાઈ વરિયા,પંચમહાલ જિલ્લા વન વિભાગ ડી.સી.એફ ડૉ.પ્રિયંકા ગહેલોત તેમજ હાલોલ રેન્જ ફોરેસ્ટ ઓફિસર સતિષભાઈ બારીયા સહિત અનેક મહાનુભાવો અને વન વિભાગના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



### મહીસાગર જિલ્લામાં વાંદરવેડ

# ગામમાં કાચું મકાન ધરાશયી થતા દબાઈ જવાથી ત્રણ પશુના મોત



લુણાવાડા,તા.૮

મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના વાંદરવેડ ગામમાં ગત રાત્રે વરસાદના કારણે એક કાચું મકાન ધરાશયી થયું. આ ઘટનામાં ત્રણ ભેંસના મોત નીપજ્યા છે.વણકર ધૂળાભાઈના કાચા મકાનની દીવાલ ધરાશાયી થતાં કાટમાળમાં ઘરવખરી અને પશુઓ દબાયા હતા. પરિવારના પાંચ સભ્ય ઘરની બહાર બેઠા હતા તે સમયે આ ઘટના બની. આથી પરિવારજનોનો આબાદ બચાવ થયો હતો.આવકનું મુખ્ય સાધન એવી ત્રણ ભેંસોના મોતથી પરિવારમાં શોકની લાગણી છવાઈ છે.તલાટી અને સરપંચને જાણ થતાં તેમણે ઘટનાસ્થળે પહોંચી પંચનામું કર્યું છે. આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જિલ્લામાં આવા જોખમી કાચા મકાનોનો સર્વે કરી યોગ્ય પગલાં લેવામાં આવે તો ચોમાસા દરમિયાન આવી દુર્ઘટનાઓ અટકાવી શકાય છે.

### કવાંટમાં જુગાર રમતા બાર જુગારીયા પકડાયા :એક લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે



બોડલી : એમ.એફ.ડામોર પોલીસ ઇન્સ્પેકટર લોકલ ક્રાઇમ બ્રાન્ચ છોટાઉદેપુર નાઓના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી સ્ટાફના પોલીસ માણસોને ખાનગી રાહે બાતમી હકીકત મેળવવા સમજ કરેલ જે અનુસંધાને એલ.સી.બી સ્ટાફના પોલીસ કર્મચારીઓ કવાંટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમી હકીકત મળેલ કે,કવાંટ પોલીસ સ્ટેશન વિસ્તારના કવાંટ ટાઉનમાં આંબલી ફળીયામાં લાઇટના અજવાડે ખુલ્લી જગ્યામાં પૈસા વડે હારજીત નો જુગાર રમતા હોય જે બાતમી આધારે જુગારની પ્રવૃતિ ચાલતી હતી ત્યાં રેઇડ કરતા કુલ-૧૨ ઇસમોને જુગારના સાધન સાથે તથા અંગ ઝડતી રોકડા રૂપીયા કિ.રૂ. ૨૬,૦૫૦/-તથા દાવ પર લગાવેલ રોકડા રૂપીયા કિ.રૂ. ૨૬,૩૫૦/-મળી કુલ રોકડ રૂ.૫૨,૪૦૦/- તથા અન્ય મુદ્દામાલ સાથે મળી કુલ.કિ.રૂ.૧,૩૮,૪૦૦/- નું સ્થળ ઉપર જ પકડી પાડી કવાંટ પોલીસ સ્ટેશનમાં જુગાર ધારા-૧૨ મુજબ ગુનો રજીસ્ટર કરાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

### ચમારીયા ગામે સંજેલી પોલીસનો છાપો

# રોકડ તથા મોબાઈલ મળી રૂપિયા ૪૦ હજારના મુદ્દામાલ સાથે છ પકડાયા પોલીસની કાર્યવાહીથી ફફડાટ ફેલાયો

દાહોદ,તા.૦૮

સંજેલી તાલુકાના ચમારીયા ગામના ઠાકોર ફળિયામાં ખુલ્લી જગ્યામાં કેટલાક લોકો ગોળ કુંડાળું વળી જાહેરમાં પત્તા પાના વડે પૈસાથી હારજીતનો જુગાર રમતા હોવાની ગુપ્ત બાતમી સંજેલી પોલીસને મળી હતી. જે બાતમીને આધારે સંજેલી પોલીસની ટીમે બાતમીવાળી જગ્યાએ ઓચિંતો છાપો મારી ગોળ કુંડાળું વળી પત્તા પાના વડે હારજીત નો જુગાર રમી રહેલા જુગારીયાઓ ને ચારે બાજુથી ઘેરી લઈ નાસવાની કોઈ તક ના આપી સંજેલી ગામના ઠાકોર ફળિયાના અરબાઝ ઈકબાલ શેખ, સંજેલી ગામના દરબારગઢમાં રહેતા જીતસિંહ જીતેન્દ્રસિંહ સોલંકી, સંજેલી ઠાકોર ફળિયામાં રહેતા કીર્તિ કુમાર મહેન્દ્રસિંહ પરમાર ,ચમારીયા ગામના તાડ ફળિયામાં રહેતા રાહુલભાઈ લાલાભાઈ મકવાણા, સંજેલી ચાવી ફળિયામાં રહેતા ખુમાનસિંહ ઉર્ફે રાજુભાઈ તખતસિંહ રાજપુત તેમજ સંજેલી ઠાકોર ફળિયામાં રહેતા સુલેમાન ઉફરાનભાઈ શેખને જુગાર રમતા રંગે હાથ ઝડપી પાડ્યા હતા. અને પોલીસે દાવ પરથી ૩,૦૫૦/-ની કિંમતની જુદા જુદા દરની ચલણી નોટો, તથા પકડાયેલા ઉપરોક્ત જુગારીયાઓની અંગ જડતીમાંથી રૂપિયા ૯,૯૦૦/-ની કિંમતની જુદા જુદા દરની ચલણી નોટો મળી કુલ રૂપિયા ૧૨,૬૫૦/-ની રોકડ તથા રૂપિયા ૨૮,૦૦૦/-ની કુલ કિંમતના મોબાઈલ નંગ-૬ તેમજ પત્તાની કેટ વગેરે મળી રૂપિયા ૪૦,૬૫૦/-નો મુદ્દા માલ પકડી પાડી કબજે લઈ પકડાયેલા ઉપરોક્ત ૬ જુગારીયાઓ વિરુદ્ધ જુગારનો ગુનો નોંધી તેઓને જેલના સળિયા પાછળ મોકલી આપી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### ચૂંટાયેલા સરપંચો અને સભ્યો શોભાના ગાંઠિયા સમાન

# છોટાઉદેપુર જિલ્લા વહેલી તકે ચૂંટાયેલા સરપંચોને સત્તાનું સુકાન સોંપવા લોકમાગ

## ચૂંટાયેલા સરપંચો ગ્રામ પંચાયત કચેરીમાં પણ જઈ શકતા નથી

નસવાડી,તા.૮

છોટાઉદેપુર જિલ્લાના ૬ તાલુકામાં ૧૨૪ ગ્રામ પંચાયતો ની ચૂંટણી પરિણામ આવે ૧૩ દિવસ વીતી જવા છતાંય સરકારે હજુ સુધી સરપંચો ને અને ચૂંટાયેલા સભ્યો ને સત્તા ના સુકાન આપ્યા નથી વહીવટદારોથી ચલાવાતી ગ્રામ પંચાયતોમાં આચારસંહિતા ઉઠતા ની સાથેજ વહીવટદારો ગ્રામ પંચાયત માં પડેલી ગ્રાંટો નો ખર્ચ પાડવાની શરૂઆત કરી દીધી છે જ્યારે સરપંચો સત્તા ઉપર આવશે ત્યારે તિજોરીઓ ખાલી મળશે

છોટાઉદેપુર જિલ્લાના નસવાડી બોડેલી સંખેડા કવાંટ પાવીજેતપુર છોટાઉદેપુર આમ ૬ તાલુકા આવેલા છે જેમાં વહીવટદારો નું શાસન બે થી ત્રણ વર્ષ સુધી અલગ અલગ ગ્રામ પંચાયતો માં ચાલ્યું ત્યાર બાદ ગ્રામ પંચાયતો ની ચૂંટણીઓ આવતા લોકો માં ખુશી છવાઈ વહીવટદાર ના શાસન નો અંત આવશે પરંતુ ચૂંટણીઓ પતિ ગયા બાદ પરિણામ પણ આવી ગયા ૧૩ દિવસ નો સમય વીતી ગયો પરંતુ રાજ્ય ના વિકાસ કમિશનર દ્વારા ગ્રામ પંચાયત ના ચૂંટાયેલા સરપંચો ને શાસન માં બેસાડવા માટે પેહલી સભા ની મંજૂરી ના આપતા હાલ તો ચૂંટાયેલા સરપંચો ગ્રામ પંચાયત કચેરી માં પણ જઈ શકતા નથી જ્યારે ચૂંટાઈ ગયા બાદ લોકો અલગ અલગ કામો માટે સરપંચ અને સભ્યો પાસે આવે છે ત્યારે વહીવટદાર અને તલાટી ચૂંટાયેલા સરપંચો ની રજુઆત સાંભળતા નથી હાલ તો ચૂંટાયેલા સરપંચો અને સભ્યો શોભાના ગાંઠિયા સમાન છે જ્યારે રાજ્ય સરકાર ના અધિકારીઓ પહેલી સભા માટે આટલા દિવસો વીતી જવા છતાંય હજુ સુધી તારીખ આપી નથી અને તારીખ આપ્યા બાદ આઠ દિવસ માં સામાન્ય સભા ચૂંટાયેલા સભ્યો ની બોલાવવાની હોય છે સરકારે હજુ સુધી પહેલી સભા ની તારીખ આપી નથી સરકાર આદિવાસી વિસ્તાર માં ચૂંટાયેલી ગ્રામપંચાયતો માં સરપંચો ને સત્તા થી દૂર રાખવા માટે તારીખ આપતી નથી જ્યારે ચૂંટાયેલા સરપંચો ને સમ્માન માટે જિલ્લા કક્ષાએ તેમજ રાજ્ય કક્ષાએ સમ્માન કરવા માટેની તારીખ જાહેર કરીને સરપંચો ને સમ્માન માટે બોલાવવામાં આવ્યા પરંતુ સત્તા માટેની તારીખો આપવામાં આવતી નથી.

### ગોધરા બી ડિવિઝન પોલીસમથકે લોક દરબાર યોજાયો

ગોધરા,તા.૮

પંચમહાલ જિલ્લા પોલીસ વડા હિમાંશુ સોલંકીની અધ્યક્ષતામાં ગોધરા શહેર બી ડિવિઝન પોલીસમથકે વાર્ષિક ઇન્સ્પેક્શન અને લોક દરબારનું આયોજન કરવામાં આવ્યું હતું. લોક દરબાર દરમિયાન નાગરિકોએ વિવિધ પ્રશ્નોની રજૂઆત કરી. આ કાર્યક્રમમાં સ્થાનિક અગ્રણીઓ અને શહેર બી ડિવિઝન પોલીસમથક વિસ્તારના નાગરિકોએ ભાગ લીધો.

લોક દરબાર દરમિયાન નાગરિકોએ વિવિધ પ્રશ્નોની રજૂઆત કરી. જિલ્લા પોલીસ વડાએ પોલીસ વિભાગને લગતા પ્રશ્નોનું નિરાકરણ કરવાની ખાતરી આપી. તેમણે અન્ય વિભાગો સાથે સંકળાયેલા પ્રશ્નો સંબંધિત વિભાગો સુધી પહોંચાડી તેનો નિકાલ લાવવાનું પણ આશ્વાસન આપ્યું. આ પહેલ દ્વારા પોલીસ અને જનતા વચ્ચે સીધો સંવાદ સ્થાપિત થયો. જેનાથી નાગરિકોની સમસ્યાઓનું ઝડપી નિરાકરણ લાવી શકાશે.

ગુજરાત ભાજપના પ્રમુખની નિમણૂકની ચર્ચા વચ્ચે રાજ્ય મંત્રીમંડળના વિસ્તરણની ચર્ચાએ જોર પકડ્યું

# પ્રમુખની નિમણૂક બાદ મંત્રીમંડળનું વિસ્તરણ થશે?

## કુંવરજી બાવળિયાની દિલ્હીમાં અમિત શાહ સાથેની બેઠકથી રાજ્ય મંત્રીમંડળના વિસ્તરણને લઈને ચર્ચા જામી

ગાંધીનગર તા.૮

ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ સી. આર. પાટિલનાં અનુગામીને શોધવા માટે બે વર્ષ જેવો સમય વીતી ગયો છે ત્યારે સંભવત આગામી ટૂંક સમયમાં નવા પ્રદેશ ભાજપ પ્રમુખ મળી શકે છે તેવી ગતિવિધિઓ ચાલી રહી છે. આ દરમિયાનમાં રાજ્ય સરકારના મંત્રીમંડળનાં વિસ્તરણની ચર્ચાઓ ચાલી રહી છે. તેવા સંજોગોમાં રાજ્યના કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયાએ ગઈકાલે દિલ્હીમાં કેન્દ્રિય મંત્રી અમિત શાહની મુલાકાત લીધી હતી. જેના કારણે ભાજપના રાજકીય વર્તુળોમાં ભારે ગરમાવો આવી ગયો છે. એટલું જ નહીં, રાજ્ય સરકારનાં મંત્રીમંડળનું વિસ્તરણ પણ નજીક સમયમાં થાય તેવી અટકળો શરૂ થઈ ગઈ છે.



ગુજરાતમાં પ્રદેશ ભાજપનાં પ્રમુખની નિમણૂકનું ગૂંચવાયેલું કોકડું હવે ઉકેલાય તેવી સંભાવના બળવત્તર બની છે. તેની સાથોસાથ હવે રાજ્ય સરકારના મંત્રીમંડળનાં વિસ્તરણની અટકળો પણ વધુ તેજ બની ગઈ છે. કેન્દ્રિય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ સતત બે શનિ-રવિવાર ગુજરાતનાં પ્રવાસે આવ્યા હતા. તેમાંય ગત શનિ-રવિવારનાં પ્રવાસ દરમિયાન કેન્દ્રિય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતનાં અનેક આગેવાનો સાથે બંધ બારણે બેઠકો યોજી હતી. તેમાં અમિત શાહની મુલાકાત બાદ ભૂપેન્દ્ર પટેલ ઘણા પ્રફુલ્લિત જોવા મળ્યા હતા. જેના કારણે આગામી ટૂંક સમયમાં રાજ્ય સરકારનાં મંત્રીમંડળનું વિસ્તરણ થાય તેવી અટકળોને વેગ મળ્યો છે.

આ સંજોગોમાં ગુજરાત સરકારનાં પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળિયા ગઈકાલે દિલ્હીનાં પ્રવાસે ગયા હતા. આ પ્રવાસ દરમિયાન તેમણે કેન્દ્રિય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહની મુલાકાત કરી હતી. સૌરાષ્ટ્રના કોળી સમાજનાં અગ્રણી અને કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયાની અમિત શાહ સાથેથી બેઠક બાદ રાજ્યનાં મંત્રીમંડળનાં વિસ્તરણ અને ફેરફાર થશે તેવી શક્યતાઓ જોવાઈ રહી છે. તેને લઈને કુંવરજી બાવળિયાએ નવા મંત્રીમંડળમાં પોતાનું સ્થાન જાળવી રાખવા માટે અમિત શાહ સાથે મુલાકાત લીધી હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, કુંવરજી બાવળિયા મૂળ સૌરાષ્ટ્રનાં કોંગ્રેસી નેતા છે, તેઓ કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયાનાં ગણતરીના કલાકોમાં તેમને કેબિનેટ મંત્રી તરીકે બિરાજમાન કરવામાં આવ્યા હતા. તેની પાછળનું કારણ તેઓ સૌરાષ્ટ્રની સૌથી મોટી વોટ બેંક એવા કોળી સમાજનાં નેતા છે.

ગત લોકસભાની ચૂંટણી બાદ ભૂપેન્દ્ર પટેલનાં મંત્રી મંડળનાં વિસ્તરણની ચર્ચાઓ અને અટકળો તેજ બની હતી, ત્યારે સૌરાષ્ટ્રના કોળી સમાજનાં અગ્રણી ભૂપત ડાભી દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને કુંવરજી બાવળિયાને મુખ્યમંત્રી બનાવવા અંગે રજૂઆત કરી હતી.

### પરસોત્તમ સોલંકીનાં વિકલ્પ તરીકે બાવળિયાને ભાજપમાં સામેલ કરાયા હતા

ભાજપનાં મોવડી મંડળ દ્વારા સૌરાષ્ટ્રના જ નહીં પરંતુ સમગ્ર ગુજરાતમાં કોળી સમાજ પર મજબૂત પકકડ અને પ્રભુત્વ ધરાવતા કોળી નેતા પરસોત્તમ સોલંકીનાં વિકલ્પ તરીકે અન્ય કોળી નેતાને ઊભો કરવા ભાજપનું મોવડી મંડળ પ્રયત્ન કરી રહ્યું હતું. તેવા સમયે કોંગ્રેસનાં નેતા કુંવરજી બાવળિયા કોળી સમાજનાં આગેવાન હતા. જેથી ભાજપના મોવડી મંડળે જે તે સમયે કોંગ્રેસી નેતા કુંવરજી બાવળિયાને પરસોત્તમ સોલંકીનાં વિકલ્પ તરીકે ભાજપમાં સામેલ કર્યા હતા. પરંતુ કુંવરજી બાવળિયા હજુ સુધી પરસોત્તમ સોલંકીનો મજબૂત વિકલ્પ બની શક્યા નથી તેવું ભાજપના વર્તુળોમાં ચર્ચાઇ રહ્યું છે.

એકત્રિત કરવામાં આવેલી માહિતી ટેકનિકલ તથ્યોના આધારે તૈયાર કરાઈ

# AAIBએ અમદાવાદ પ્લેન ક્રેશનો પ્રારંભિક તપાસ રિપોર્ટ નાગરિક ઉડ્ડયન મંત્રાલયને સોંપ્યો

## અહેવાલમાં વિમાનની ટેકનિકલ સ્થિતિ, હવામાન પરિસ્થિતિઓની વિગતો

અમદાવાદ તા.૮

એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો (છછૈંમ) એ તાજેતરમાં એર ઇન્ડિયા ફ્લાઇટ છૈં ૧૭૧ દુર્ઘટના અંગેનો પ્રારંભિક તપાસ અહેવાલ નાગરિક ઉડ્ડયન મંત્રાલય અને અન્ય સંબંધિત એજન્સીઓને સુપરત કર્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આ અહેવાલ પ્રારંભિક તપાસમાં એકત્રિત કરવામાં આવેલી માહિતી અને તકનીકી તથ્યોના આધારે તૈયાર કરવામાં આવ્યો છે.પ્રારંભિક અહેવાલમાં વિમાનની તકનીકી સ્થિતિ, હવામાન પરિસ્થિતિઓ, ફ્લાઇટ પહેલાની તૈયારીઓ અને અકસ્માત સમયે બનેલી ઘટનાઓની વિગતવાર તપાસ કરવામાં આવી છે. રિપોર્ટના તારણો એ પણ જુએ છે કે અકસ્માતનું કારણ માનવ ભૂલ હતી કે કોઈ તકનીકી ખામીને કારણે અકસ્માત થયો હતો. બ્યુરોએ બ્લેક બોક્સ, કોકપિટ વોઈસ રેકોર્ડર (ઝ્રફઇ) અને ફ્લાઇટ ડેટા રેકોર્ડર (હ્લડ્ઢઇ) ના વિશ્લેષણ પર પણ તેની તપાસ આધારિત રાખી છે.હાલમાં આ અહેવાલ સમગ્ર તપાસનો અંતિમ નિષ્કર્ષ નથી, પરંતુ તેનાથી સંબંધિત હકીકતો અને સંભવિત કારણોની રૂપરેખા છે.અહેવાલ પ્રાપ્ત થયા પછી નાગરિક ઉડ્ડયન મંત્રાલયે વધુ વિગતવાર તપાસ કરવા અને ભવિષ્યમાં આવી ઘટનાઓ ફરી ન બને તે માટે સુરક્ષા પગલાં કડક બનાવવા સૂચનાઓ આપી છે.છછૈંમ હવે એક વિગતવાર અહેવાલ તૈયાર કરવામાં વ્યસ્ત છે, જેમાં વધુ સાક્ષીઓના નિવેદનો તકનીકી મૂલ્યાંકન અને નિષ્ણાતોના મંતવ્યો શામેલ હશે.



૪.૩૯ લાખ કેસ સમાધાનથી નિકાલ કરવા માટે મૂકવામાં આવશે

# ગુજરાતમાં ૧૨ જુલાઈએ લોક અદાલત યોજાશે

## ગત લોક અદાલતમાં ૨.૬૫ લાખ કેસનો નિકાલ કરવામાં આવ્યો હતો

અમદાવાદ તા.૮

નવી દિલ્હીના રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળના નિર્દેશાનુસાર તેમજ ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ સુનિતા અગરવાલ તેમજ ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિ અને ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળના કારોબારી અધ્યક્ષ એ.વાય.કોગજેના માર્ગદર્શન હેઠળ ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા શનિવાર, ૧૨ જુલાઈ, ૨૦૨૫ના રોજ ગુજરાત હાઈકોર્ટ સહિત રાજ્યભરની વિવિધ અદાલતોમાં રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે.

વિવિધ પ્રકારના કેસોનું સમાધાન થકી સંતોષકારક નિકાલ લાવી શકાય છે. આ કેસોમાં ફોજદારી સમાધાન પાત્ર કેસો, નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટના કેસો, નાણાં વસૂલાતના કેસો, મોટર અકસ્માત દાવાના કેસો, મજૂર વિવાદના કેસો, વીજળી અને પાણીના બિલના કેસો વગેરે જેવી જાહેર ઉપયોગિતા સેવાઓ સંબંધિત વિવાદો, છૂટાછેડા સિવાયના વૈવાહિક વિવાદો, કૌટુંબિક વિવાદો, જમીન સંપાદનના કેસો, પેન્શન કેસ સહિત સેવા બાબતો, હાઈકોર્ટ/જિલ્લા અદાલતો અને રાજ્ય/જિલ્લા/તાલુકા સત્તાવાળાઓ સમક્ષ પેન્ડિંગ મહેસૂલ અને અન્ય આનુષંગિક બાબતો અંગેના કેસો; ગ્રાહક બાબતો/અન્ય કોઈપણ અર્ધ-ન્યાયિક સત્તાવાળા સમક્ષ પેન્ડિંગ અન્ય બાબતોના કેસો, અન્ય સિવિલ કેસો જેમા કે ભાડા, ઈઝમેન્ટરી અધિકારો, મનાઈ હુકમના દાવાઓ, ચોક્કસ કામગીરીના દાવાઓ વગેરેનો સમાવેશ થાય છે.

ઉપરોક્ત વિષયો સંબંધે કોઈ કેસ ગુજરાત રાજ્યની કોઈ પણ અદાલતમાં પેન્ડિંગ હોય તો લોક અદાલતના મધ્યમથી સમાધાન થકી આપના કેસનો સંતોષકારક નિકાલ લાવવા તાત્કાલિક જે તે કોર્ટ સાથે સંલગ્ન કાનૂની સેવા સત્તા મંડળ કે કાનૂની સેવા સમિતિના સેક્રેટરીનો તાત્કાલિક સંપર્ક કરી અગામી શનિવાર, તારીખ ૧૨ જુલાઈ, ૨૦૨૫ના રોજ યોજાનાર રાષ્ટ્રીય લોક અદાલતમા આપનો કેસ મૂકાવી શકો છો. ઉપરોક્ત જણાવેલ કેસો ઉપરાંત જે-તે કાયદા/અધિનિયમ હેઠળ માન્ય હોય તેવા તમામ પ્રકારના સિવિલ અને કમ્પાઉન્ડેબલ ફોજદારી પ્રી-લિટિગેશન કેસો પણ સમાધાન અર્થે મૂકી શકાય છે. આ માટે પણ આપ જે-તે લાગુ પડતા કાનૂની સેવા સત્તા મંડળ કે કાનૂની સેવા સમિતિના સેક્રેટરીનો સંપર્ક કરી શકાય છે.૧૨ જુલાઈએ યોજનારી આ લોક અદાલતમાં રાજ્યભરમાં ૪.૩૯ લાખ જેટલા કેસો મૂકવામાં આવશે. જેમાંથી ૫૦% જેટલા કેસનો નિકાલ થાય તેવી આશા છે ગત માર્ચ મહિનામાં યોજાયેલી લોક અદાલતમાં કુલ ૨.૬૫ લાખ જેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો હતો.

RERA દ્વારા નિર્ધારિત ગુનાઓની જોગવાઈઓ મુજબ પ્રોજેક્ટ ખર્ચના મહત્તમ ટકાવારી સુધી દંડ કરાય છે

# રાજ્યભરના વિવિધ શહેરોમાં ૬૦૦ થી વધુ બિલ્ડરોએ RERA દ્વારા લાદવામાં આવેલો દંડ હજુ સુધી ભર્યો નથી

## RERAએ બાકી રકમ ન ચૂકવનારા બિલ્ડરો-ડેવલપરોની મિલકત જપ્ત કરવાની જાહેરાત કરી

અમદાવાદ તા.૮

ગ્રાહકોને બિલ્ડરો દ્વારા છેતરપિંડીથી બચાવવા અને ગ્રાહકોને કોઈપણ રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ વિશે માહિતી પૂરી પાડવા અને છેતરપિંડીના કિસ્સામાં ગ્રાહકોને ન્યાય આપવા માટે રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી એક્ટ હેઠળ રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી-RERA ની સ્થાપના કરવામાં આવી છે.RERA કાયદો સમગ્ર દેશમાં લાગુ છે અને RERA ઓથોરિટી ગુજરાતના ગાંધીનગરમાં શરૂ કરવામાં આવી છે પરંતુ બિલ્ડરોને નિયંત્રિત કરવા અને ગ્રાહકોના અધિકારોનું રક્ષણ કરવા માટે રચાયેલી આ ઓથોરિટીનું ઉલ્લંઘન થઈ રહ્યું છે. બિલ્ડરો દંડ ન ભરતા અને નોટિસને ધ્યાનમાં ન લેતા હોવાનું ચિત્ર ગુજરાત RERA માં સામે આવ્યું છે.

RERA દ્વારા નિર્ધારિત ગુનાઓની જોગવાઈઓ અનુસાર, બિલ્ડરો પર પ્રોજેક્ટ ખર્ચના મહત્તમ ચોક્કસ ટકાવારી સુધી દંડ ફટકારવામાં આવે છે. વાસ્તવમાં, RERA ની ભૂમિકા એવી હોવી જોઈએ કે બિલ્ડરો દંડના ડરથી નિયમોનું ઉલ્લંઘન ન કરે, ગ્રાહકોને છેતરે નહીં અને કાયદાનો યોગ્ય રીતે અમલ ન કરે, પરંતુ બિલ્ડરો RERA ના આદેશોને અવગણી રહ્યા છે અને દંડ ભરવામાં પણ નિષ્ફળ રહ્યા છે.સૂત્રોના જણાવ્યા અનુસાર, રાજ્યભરના વિવિધ શહેરોમાં ૬૦૦ થી વધુ બિલ્ડરોએ RERA દ્વારા લાદવામાં આવેલ દંડ ભર્યો નથી. કેટલાક બિલ્ડરો એવા છે જેઓ ત્રણ વર્ષ પહેલાં દંડ ભરવાનો આદેશ આપવામાં આવ્યો હોવા છતાં દંડ ભરતા નથી. આ કિસ્સામાં, RERA એ દંડ ન ભરનારા બિલ્ડરોને ચેતવણી આપી છે અને તેમને તાત્કાલિક દંડ ભરવા વિનંતી કરી છે. દંડ ન ભરનારા અને RERA ને જાણ ન કરનારા બિલ્ડરોની અંતિમ યાદી તૈયાર કરવામાં આવશે અને દંડ વસૂલવા માટેના અન્ય વિકલ્પો સાથે, RERA એ જમીન મહેસૂલ સંહિતા મુજબ કાર્યવાહી કરવાની પણ તૈયારી કરી છે.

સ્ટેશનબજારનાં સી.વી. માર્કેટની શ્રીનાથ જ્વેલર્સમાં ચાર લૂંટારૂઓ ૧૦ લાખનાં ઘરેણાં લઇ ગયા

# સચિનમાં જ્વેલરીશોપમાં લૂંટ બાદ માલિકની હત્યાનાં વિરોધમાં ૨૦૦૦ વેપારીઓએ બંધ પાળ્યો

**દુકાનમાં હાજર માલિક વિશાલ રાજપરા, બે મહિલા કર્મચારી તથા મિત્ર રોહિત સોનીને બાનમાં લીધાં**

**શો કેસ અને લોકરમાંથી જ્વેલરી લૂંટી થેલામાં ભરી બહાર નીકળતા હતા ત્યારે વિશાલનો ભાઇ આશિષ આવી ગયો**

**બાજુમાં જ્વેલરી શોપ ધરાવતા આશિષે પ્રતિકાર કરતાં લૂંટારૂઓએ પગ અને છાતીમાં ગોળી મારી દેતાં મોત થયું**

**લૂંટારૂને પકડવા દોડેલા મિત્ર રોહિત સોની અને શાક વેચતાં એઝાઝ શેખને પણ પગમાં ગોળી મરાતાં ગંભીર ઇજા**

સુરત, તા.૮

સચિન વિસ્તારમાં બેખૌફ બનેલા ગુનેગારોએ સ્ટેશન વિસ્તારની જ્વેલરી શોપ લૂંટી હતી. ચાર બદમાશોએ લૂંટ બાદ કરેલા આડેધડ ફાયરિંગમાં દુકાનદારનાં ભાઈનું મોત થયું જ્યારે પકડવા દોડેલા બે યુવકોને પગમાં ગોળી મારવામાં આવી હતી. જ્વેલરની હત્યા અને લૂંટનાં બનાવનાં વિરોધમાં આ વિસ્તારનાં ૨૦૦૦થી વધારે દુકાનદારોએ આજે બંધ પાળીને વિરોધ વ્યક્ત કર્યો હતો. લોકોની સલામતિની દુહાઇ દેતાં સરકારનાં મંત્રીઓ તેમજ પોલીસ સત્તાધીશો સામે પણ વેપારીઓમાં રોષ જોવા મળ્યો હતો.

સચિન સ્ટેશન રોડ ઉપર આવેલી રંગઅવધૂત સોસાયટીમાં રહેતા વિશાલ રાજપરા અને તેનો ભાઇ આશિષ પિતા મહેશભાઇ સાથે સ્ટેશન બજારમાં સી.વી. માર્કેટમાં શ્રીનાથ જ્વેલર્સ તથા ન્યુ શ્રીનાથજી જ્વેલર્સ નામની દુકાન ચલાવે છે. વિશાલ રાજપરા શ્રીનાથ જ્વેલર્સમાં તો આશિષ ન્યુ શ્રીનાથજી જ્વેલર્સમાં બેસી ધંધો કરે છે. સાતમી તારીખે રાત્રે આઠેક વાગ્યે આ જ્વેલરીશોપમાં રોહિત સોની બેસવા આવ્યો હતો. સાડા આઠેક વાગ્યે વિશાલે દુકાનનાં બે શટર બંધ કરી વચ્ચેનું શટર ખુલ્લું રાખ્યું હતું. તેઓ આખા દિવસનો હિસાબ કિતાબ કરવા માંડ્યા હતાં. આ દરમિયાન બે મહિલા ગ્રાહક ખરીદી કરવા આવી હતી. થોડા સમયમાં એ બંને દુકાનની બહાર નીકળી ગઈ હતી.

ત્યારબાદ અચાનક લાલ કલરની ટોપી પહેરેલો યુવક હાથમાં પિસ્તોલ લઈ દુકાનમાં ઘૂસ્યો હતો. આ યુવકની પાછળ બીજા ત્રણ શખ્સ હતાં. યુવકે વિશાલને પિસ્તોલ બતાવતાં તે અને બે મહિલા કર્મચારી ખૂણામાં જતા રહ્યા હતાં. બાદમાં એ યુવકે પિસ્તોલ પેટના ભાગે મૂકી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. બીજા બે જણાએ તેમની પાસેની બેગમાંથી થેલો કાઢ્યો અને ટેબલ પર મૂકી દુકાનમાં લોકરમાં રહેલા ઘરેણાં ભરવા માંડ્યા હતાં. જ્યારે ચોથો વ્યક્તિ દરવાજા પાસે પિસ્તોલ લઈને વોચમાં રહ્યો હતો. ચારમાંથી ત્રણ જણા પાસે પિસ્તોલ હોવાથી એ સમયે વિશાલને ચૂપ, શાંત રહેવામાં શાણપણ લાગ્યું હતું. લૂંટારૂઓએ દુકાનમાંથી બધી જ્વેલરી થેલામાં ભરી અને દુકાનમાંથી બહાર નીકળ્યા હતાં. દરમિયાન બાજુની દુકાનમાંથી મોટા ભાઈ આશિષ આવી ચઢ્યા હતાં. તેમણે લૂંટારૂનો પ્રતિકાર કર્યો હતો. એટલામાં ભારે હોબાળો મચ્યો અને લૂંટારૂઓએ ચારેક રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. જેમાંથી એક ગોળી આશિષને પગમાં તો બીજી છાતીમાં વાગી હતી. ફાયરિંગ કરી લૂંટારૂઓ દુકાનની પાછળના ભાગે સોસાયટીના રસ્તે ભાગ્યા હતાં. દુકાનમાં બેસવા આવેલા રોહિત અને અને સામે શાકભાજી વેચતો નઝીમ શેખ લૂંટારૂ પાછળ દોડ્યા હતાં. ત્રણ લૂંટારૂઓ આગળ અંધારામાં મૂકેલી મોટર સાયકલ પર બેસીને ભાગ્યા હતાં. તેઓએ ભાગતી વેળા ફાયરિંગ કરતાં નઝીમને જાંઘના ભાગે તો રોહિત સોનીને પગમાં ગોળી વાગી હતી. લૂંટારૂની ગોળીથી ઘવાયેલા ત્રણેયને સારવાર માટે હોસ્પિટલ લઈ જવાયા જેમાં આશિષ રાજપરાને તબીબોએ મૃત જાહેર કર્યો હતો. ફરાર થયેલા ત્રણ લૂંટારૂઓ દસેક લાખની જ્વેલરી લઈ ગયાનો અંદાજ વિશાલ રાજપરાએ પોલીસને જણાવ્યો હતો.










### લેપટોપમાં સીસી કેમેરાનાં ફૂટેજ જોઇને બાજુની દુકાનમાંથી દોડી આવેલા ભાઇને બે ગોળી મારી

લૂંટારૂઓએ શ્રીનાથજી જ્વેલર્સમાં વિશાલ તેના મિત્ર રોહિત સોની અને બે મહિલા કર્મચારીઓને બાનમાં લઈ ઘરેણાં લૂંટ્યા હતાં. ચાર પૈકી ત્રણ લૂંટારૂનાં હાથમાં પિસ્તોલ હોઈ આ ચારેય જણા ચૂપચાપ રહ્યાં હતાં. જો કે, આ દરમિયાન બાજુમાં ન્યુ શ્રીનાથજી જ્વેલર્સ નામે દુકાન ધરાવતા વિશાલનાં મોટાભાઇ આશિષની નજર સીસી કેમેરા સાથે કનેક્ટેડ લેપટોપની સ્ક્રીન પર પડી હતી. દુકાનમાં ચાર જણા શો કેસ અને લોકરમાંથી ઘરેણાં કાઢતાં હતાં અને તેનો ભાઈ આશિષ સહિત ચાર જણાને ખૂણા ખસેડી બાનમાં રખાયા હોવાનું દેખાતા જ તે ઝડપથી કાઉન્ટ પરથી ઉઠયો હતો. દુકાનની બહાર નીકળી તે શ્રીનાથ જ્વેલર્સમાં પહોંચ્યો હતો. જો કે, તેને દરવાજામાં જ લૂંટારૂનો સામનો થઈ ગયો હતો. આશિષે એ લૂંટારૂઓ સાથે ઝપાઝપી કરી અને થેલો આંચકી લેવા પ્રયાસ કર્યો હતો. જો કે, લૂંટારૂઓએ તેની પર બે રાઉન્ડ ફાયરિંગ કરી દીધું હતું. એક ગોળી પગ અને બીજી છાતીમાં વાગતાં આશિષ ત્યાં જ ફસડાઈ પડ્યો અને સારવાર મળે એ પહેલાં મોતને ભેટ્યો હતો.

### લૂંટેલાં દાગીનાનો થેલો પગમાં ફસાતાં લથડિયું ખાનારા લૂંટારૂને લોકોએ અધમૂઓ કરી નાંખ્યો

આશિષ પર ફાયરિંગ કરી ભાગેલા લૂંટારૂની પાછળ દુકાનમાં બેસવા આવેલા રોહિત અને અને સામે શાકભાજી વેચતો નઝીમ શેખ દોડ્યા હતાં. તેઓએ ભાગતી વેળા ફાયરિંગ કરતાં નઝીમને જાંઘના ભાગે તો રોહિત સોનીને પગમાં ગોળી વાગી હતી. આ રીતે ધડાધડ ફાયરિંગનો અવાજ સાંભળતાં જ આસપાસથી અન્ય વેપારીઓ અને લોકો દોડી આવ્યા હતા, જેમને જોઈ લૂંટારાઓ ગભરાયા હતાં. એક દિશામાં ભાગવા દરમિયાન એક બદમાશ લથડિયું ખાઈ ગયો હતો. લોકોએ હિંમતપૂર્વક એ લૂંટારાને ઝડપી પાડ્યો હતો. ત્રણ જણાને ગોળી વાગી હોવાથી લોકોમાં ભારે રોષ ફેલાયો હતો. ટોળાએ એ લૂંટારૂને રોડ પર જ સૂવડાવી લાતો અને લાકડી વડે બેફામ માર માર્યો હતો. ઝડપાયેલા લૂંટારાનું દીપક પાસવાનને પોલીસ-બંદોબસ્ત હેઠળ સારવાર માટે નવી સિવિલ ખસેડાયો હતો. દુકાનમાંથી લૂંટાયેલા દાગીનાનો એક થેલો આ બદમાશ પાસે મળ્યો હતો. સચિન સુડા આવાસમાં રોકાયેલા આ ચાર બદમાશોને લૂંટ કરવા બોલાવનાર મોનુને પણ પોલીસે અટકાયતમાં લીધાનું જાણવા મળે છે.

### સચિનમાં ગુજરાત ગ્રામીણ બેંકમાં પણ ૩.૭૪ લાખ રૂપિયાની લૂંટ થઇ હતી

સચિન વિસ્તારની અંદર સમયાંતરે લૂંટ અને મારામારીની ઘટનાઓ બનતી હોય છે. સચિન વિસ્તારમાં આવેલી ગુજરાત ગ્રામીણ બેંકમાં લાઇટર જેવી ગન બતાવીને ૩,૭૪,૦૦૦ રૂપિયાની લૂંટ કરવામાં આવી હતી ત્યારબાદ પણ સ્થાનિક લોકોએ રોષ વ્યક્ત કર્યો હતો. ત્યારબાદ સચિન પોલીસ સ્ટેશનની સામેના બંગલામાં જ લાઇટર વાળી ગન લઈને એક વ્યક્તિ લૂંટવાને ઇરાદે ઘરમાં ઘુસી ગયો હતો તેને પણ પબ્લિકે જ પકડીને માર મારી પોલીસને હવાલે કર્યો હતો. એક વર્ષ પહેલા સચિન નજીક જ વાંઝ ગામમાં સચિન પોલીસ સ્ટેશનની હદમાં આવતી મહારાષ્ટ્ર બેંકમાં ગન લઈને હેલ્મેટ પહેરી ત્રણ લુટારોએ ચાર લાખથી વધુ રૂપિયાની લૂંટ કરી ફરાર થઈ ગયા હતા. અહીં ઘણા અસામાજિક તત્વો બેફામ બનીને સ્થાનિક લોકોને પરેશાન કરવાના તેમજ વેપારીઓ સાથે પણ ધાકધમકી આપતા હોવાના કિસ્સાઓ સામે આવતા હોય છે. આવી સ્થિતિમાં સોમવારે રાતે જ્વેલરને બે ગોળી મારી લૂંટની ઘટનાએ વેપારી આલમને હચમચાવી નાંખ્યું હતું. આ બનાવ બાદ વેપારીઓ ઉપરાંત સ્થાનિક રહેવાસીમાં પણ ભારે રોષ અને ડર નો માહોલ જોવા મળ્યો હતો. આ સ્થિતિમાં સ્ટેશન વિસ્તારમાં ૨૦૦૦ કરતાં વધુ દુકાનદારોએ બંધ પાળી તંત્ર સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો.

### લંડન ફરવા ગયેલા માતા-પિતા પુત્રનાં મોતનાં સમાચારથી સ્તબ્ધ

જૂનાગઢ જિલ્લાના બલીખા ગામના વતની મહેશ રાજપરા છેલ્લાં પાંત્રીસેક વર્ષથી જ્વેલરીનાં ધંધામાં છે. સચિનનાં સ્ટેશન બજાર સ્થિત સીવી માર્કેટમાં રાજપરા પિતા પૂત્રની બે મોટી જ્વેલરી શોપ છે. મહેશ રાજપરા અને દક્ષાબેન દોઢેક મહિનાથી લંડન ભત્રીજાને મળવા અને ફરવા ગયાં છે. જેથી દુકાનો આશિષ અને વિશાલ સંભાળતા હતાં. દુકાનમાં લૂંટ અને ફાયરિંગમાં મોટા પૂત્રનું મોત થયાનાં સમાચાર મળતાં આ દંપતી સ્તબ્ધ થઇ ગયું હતું. પાંત્રીસ વર્ષની ધંધામાં ગ્રાહકો સાથે પણ કોઈ માથાકૂટ નહીં કરનારા રાજપરાને ફાયરિંગમાં પૂત્રનાં મોતની વાતે ઘેરો આઘાત લાગ્યો હોવાનું તેમના પરિજનોએ જણાવ્યું હતું. ઘટનાની જાણ થતાં રાજપરા દંપતી તાત્કાલિક સુરત આવવા રવાના થયાં છે. તેમના આવ્યા બાદ જ આશિષની અંતિમવિધિ કરવામાં આવશે, એવું પણ સંબંધીઓએ જણાવ્યું હતું.

### દાગીના ભરેલો થેલો, એક પિસ્તોલ અને બે મોટર સાયકલ મળી આવી

એસીપી નીરવસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, શ્રીનાથ જ્વેલર્સમાં લૂંટ કરી ભાગતાં ચાર બદમાશો પૈકી દીપક શિવજી પાસવાનને લોકટોળાએ પકડી માર માર્યો હતો. બનાવની જાણ થતાં સ્થળ પર દોડી જઈ માર મારનાર ટોળાને વિખેરી સ્થળ પર તપાસ હાથ ધરાઇ હતી. જેમાં એ લૂંટારૂ દીપક પાસવાન પાસે પડેલો દાગીના ભરેલો થેલો મળી આવ્યો હતો. આ ઉપરાંત આસપાસનો એરિયા સ્કેન કરાતાં એક પિસ્તોલ અને કારતૂસ ના બે ખોખા મળી આવ્યા હતાં. ટોળાએ હાથાપાઈ કરી એ સ્થળે પોલીસે ઝીટવણાભરી તપાસ કરી હતી. લૂંટારૂએ ભાગ્યા હતાં એ દિશામાં તપાસ કરાતાં ત્યાંથી બે મોટર સાયકલ મળી હતી. દુકાનથી થોડા અંતરે આ લૂંટારૂ ટોળકીએ ભાગવા માટે ત્યાં મોટર સાયકલ મૂકી હતી. જો કે, ટોળું પાછળ પડતાં તેઓ બાઇક ત્યાં જ મૂકીને ભાગી ગયા હતાં. આ બંને મોટર સાયકલ બે દિવસ અગાઉ સચિનની હોજીવાલા ઇન્ડસ્ટ્રિઅલ એસ્ટેટ માંથી ચોરવામાં આવી હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. ઝડપાયેલો દીપક બિહારના વૈશાલી જિલ્લાનો વતની છે. તેની સામે બિહારમાં લૂંટ, ધાડ ઉપરાંત નાર્કોટિક્સ ના મળી સાતથી આઠ ગુના નોંધાયેલા છે. ફરાર થઈ ગયેલા તેના ત્રણ સાથીદાર પણ પાસવાન છે. તેઓ ચારેક દિવસ પહેલા જ સચિન આવ્યા હતાં. તેમણે સુડા આવાસમાં એક રૂમ ભાડે રાખી હોવાનું પણ બહાર આવ્યું છે. ટોળાના મારને કારણે દીપક સારવાર હેઠળ છે.

# માત્ર માણસોને જ નહીં, પરંતુ વિકાસશીલ દેશોના અર્થતંત્રને પણ દઝાડતી અસહ્ય ગરમી

૧.૪ અબજ લોકોના દેશમાં, જ્યાં ઓછામાં ઓછી અડધી વસ્તી ખુલ્લામાં કામ કરે છે અને માત્ર ૧૦ ટકા ઘરોમાં એર કન્ડીશનીંગ છે, ગરમી માત્ર એક અસુવિધા નથી પણ અર્થતંત્ર, લોકોની આજીવિકા અને તેમના સ્વાસ્થ્ય માટે એક ગંભીર પડકાર છે. આવી ગરમીમાં, તાપમાન ૫૦ ડિગ્રી સેલ્સિયસથી વધુ પહોંચી શકે છે. તાપમાન વધવાની સાથે, લોકોની કામ કરવાની ક્ષમતા ઘટે છે. મેડિકલ જર્નલ લેન્સેટ અનુસાર, ફક્ત ૨૦૨૩માં, ભારે ગરમીને કારણે ભારતે ૧૮૨ અબજ કલાકનું સંભવિત કાર્ય ગુમાવ્યું. એવો અંદાજ છે કે જો આ પરિસ્થિતિ ચાલુ રહેશે, તો દેશ ૨૦૩૦ સુધીમાં ૩૪ મિલિયન પૂર્ણ-સમયની નોકરીઓ ગુમાવી શકે છે. ખેતી અને બાંધકામનું કામ સૌથી મુશ્કેલ હશે, પરંતુ ખતરો ફક્ત ખુલ્લામાં કામ કરનારાઓ સુધી મર્યાદિત નથી. ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં જ્યાં ઘરોમાં યોગ્ય વેન્ટિલેશન નથી, ત્યાં ગરમી ફસાઈ જાય છે. જેના કારણે લોકો માટે દિવસની તીવ્ર ગરમી દરમિયાન ઘરમાં રહેવું મુશ્કેલ બને છે.

ગરમીની સમસ્યાનો સામનો કરવા માટે સરકારોએ તૈયારી શરૂ કરી દીધી છે. ઘણા રાજ્યોમાં ગરમી અધિકારીઓની નિમણૂક કરવામાં આવી રહી છે. ઘણી જગ્યાએ, સ્થાનિક વહીવટીતંત્ર હવે એવા નિયમો બનાવી રહ્યા છે કે નોકરીદાતાઓ અથવા કંપનીઓએ તેમના કર્મચારીઓને સૂર્યથી બચાવવા માટે છાંયો, આરામ વિરામ અને પાણી પૂરું પાડવું પડશે. બીજી તરફ, કેટલીક કંપનીઓ ઘટતી ઉત્પાદકતા સુધારવા માટે પોતાના તરફથી પગલાં લઈ રહી છે.

'ક્લાઈમેટ ટ્રાન્સપરન્સી' નામના હિમાયતી જૂથ અનુસાર, ૨૦૨૧માં, ભારે ગરમીને કારણે ઉત્પાદન, કૃષિ, સેવા અને બાંધકામ જેવા ક્ષેત્રોએ લગભગ $૧૫૯ બિલિયનની આવક ગુમાવી હતી. આ ભારતના કુલ સ્થાનિક ઉત્પાદનના ૫.૪ ટકા છે. એવી ચેતવણી આપવામાં આવી છે કે ૨૦૩૦ સુધીમાં, થાઈલેન્ડ, કંબોડિયા અને પાકિસ્તાન જેવા દેશોને પણ આવા જ મોટા નુકસાનનો સામનો કરવો પડી શકે છે. આ નુકસાન ખાસ કરીને મહત્વાકાંક્ષી વિકાસ લક્ષ્યો ધરાવતા વિકાસશીલ દેશો માટે ખતરનાક છે, જેમ કે ભારત, જે ૨૦૪૭ સુધીમાં સંપૂર્ણ વિકસિત થવાનું લક્ષ્ય રાખે છે. રસ્તા, રેલ્વે અને પુલો માટે પણ ભારે ગરમી એક મોટી સમસ્યા છે.

ગરમીની સમસ્યા ફક્ત ભારતની જ નહીં પરંતુ સમગ્ર વિશ્વની છે. ગરમી સંબંધિત આર્થિક નુકસાનને કારણે અમેરિકા પહેલાથી જ દર વર્ષે લગભગ ૧૦૦ બિલિયન ડોલર ગુમાવી રહ્યું છે. અમેરિકન થિંક ટેંક 'એટલાન્ટિક કાઉન્સિલ' અનુસાર, આ આંકડો ૨૫ વર્ષમાં વાર્ષિક ૫૦૦ બિલિયન ડોલર સુધી પહોંચવાનો અંદાજ છે. યુરોપમાં, ગરમીના મોજાને કારણે જીડીપીમાં ૦.૩ થી ૦.૫ ટકાનો ઘટાડો થયો છે. હાલમાં, આ આંકડો બહુ મોટો લાગતો નથી, પરંતુ જો ગરમી આ જ દરે વધતી રહે અને તેને પહોંચી વળવા માટે જરૂરી પગલાં લેવામાં ન આવે, તો ૨૦૬૦ સુધીમાં નુકસાન પાંચ ગણું વધી શકે છે.

ગરમી માત્ર અર્થતંત્રને જ નુકસાન પહોંચાડતી નથી, પરંતુ તે જીવનને પણ જોખમમાં મૂકે છે. ભારતમાં, એક દિવસમાં ભારે ગરમીના કારણે અંદાજે ૩,૪૦૦ વધારાના મૃત્યુ થાય છે. યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા, બર્કલેના સંશોધકોના જણાવ્યા અનુસાર, પાંચ દિવસના ગરમીના મોજા દરમિયાન આ સંખ્યા લગભગ ૩૦,૦૦૦ સુધી પહોંચી જાય છે. વિશ્વનો સૌથી ઝડપથી ગરમ થતો ખંડ યુરોપ પહેલાથી જ ઘાતક પરિણામોનો સામનો કરી રહ્યો છે. ફક્ત ૨૦૨૨ ના ઉનાળામાં, ઊંચા તાપમાનને કારણે ૬૧,૦૦૦ વધારાના મૃત્યુ થયા, જેમાંથી ઘણા વૃદ્ધોમાં હતા.

શહેરોમાં ગૂંગળામણ અને જીવલેણ તાપમાનને કારણે કટોકટી વિભાગો વધુ મુશ્કેલીમાં મુકાય તેવી શક્યતા છે. ડામર, કોંક્રિટ અને અન્ય શહેરી માળખાં જંગલો જેવી કુદરતી જગ્યાઓ કરતાં ઘણી વધુ ગરમી શોષી લે છે અને છોડે છે. ખાસ કરીને ગીચ વસ્તીવાળા શહેરોમાં જ્યાં ઓછી હરિયાળી હોય છે, 'શહેરી ગરમી ટાપુ અસર'ને કારણે દિવસનું તાપમાન ખુલ્લા વિસ્તારો કરતાં લગભગ ૩.૯ ડિગ્રી સેલ્સિયસ વધારે હોય છે.

- તંત્રી

## ૨૦૦૭ ટીર૦ વર્લ્ડ કપની જીતથી લઈને તેમની પ્રતિષ્ઠિત નંબર ૭ જર્સી સુધી, ધોનીનો વારસો આંકડાઓથી ઘણો ઉપર



# 'કેપ્ટન કૂલ'

## ધોની સિવાય બીજા કોઇને આ અધિકાર નહીં મળે!!



દીપક આશર
**કેનવાસ**

ભારતીય ક્રિકેટ જગતમાં એક અલગ જ અને અનોખું નામ બનાવનારા ક્રિકેટર મહેન્દ્ર સિંહ ધોનીએ ૭ જુલાઈએ ૪૪મો જન્મદિવસ ઉજવ્યો હતો. ધોનીના ફેન્સ તેને પ્રેમથી માહી અને થાલા કહીને બોલાવે છે. ધોનીએ ક્રિકેટમાં એન્ટ્રી લીધા બાદ સમગ્ર રમતને બદલી નાખી હતી. તમામ ક્રિકેટ ફોર્મેટમાં ભારતનું નામ ધોનીએ રોશન કર્યું છે. 'કેપ્ટન કૂલ' તરીકે ઓળખાતા મહેન્દ્ર સિંહ ધોની, ક્રિકેટ ઈતિહાસમાં એક ટ્રેડમાર્ક બની ગયો છે. તેમનું શાંત નેતૃત્વ, વ્યૂહાત્મક પ્રતિભા અને વ્યક્તિગત નમ્રતાએ રમત પર અમીટ છાપ છોડી છે. ૨૦૦૭ ટીર૦ વર્લ્ડ કપની જીતથી લઈને તેમની પ્રતિષ્ઠિત નંબર ૭ જર્સી સુધી, ધોનીનો વારસો આંકડાઓથી ઘણો ઉપર છે, દબાણ હેઠળ કાલ્મનેસ્સ અને ગ્રેસના સારને મૂર્તિમંત કરે છે.

ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીને 'કેપ્ટન કૂલ' કહેવામાં આવે છે. ચાહકોએ તેમને આ 'ટ્રેડમાર્ક' આપ્યો છે. હવે ધોનીએ 'કેપ્ટન કૂલ' ટ્રેડમાર્ક રજિસ્ટર કરાવવા અરજી કરી છે. ટ્રેડમાર્ક રજિસ્ટ્રી (TMR)એ તેમની અરજીને મંજૂરી આપી છે અને તેના સત્તાવાર જર્નલમાં પણ પ્રકાશિત કરી છે. હવે જો ઓક્ટોબર ૨૦૨૫ સુધી આ અંગે કોઈ વાંધો નહીં આવે, તો આ ટ્રેડમાર્ક રજિસ્ટર થશે અને ધોનીને 'કેપ્ટન કૂલ' શબ્દ પર કાનૂની અધિકાર મળશે. ધોનીએ વર્ગ-૪૧ હેઠળ અરજી કરી હતી, જેમાં શિક્ષણ, મનોરંજન, રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સંબંધિત ટ્રેડમાર્ક આપવામાં આવ્યા છે.

આ સમાચાર સાંભળ્યા પછી, તમારા મનમાં એક પ્રશ્ન થશે કે આ ટ્રેડમાર્ક શું છે?

ટ્રેડમાર્ક એ બ્રાન્ડની ખાસ ઓળખ છે, જે તેને અન્ય બ્રાન્ડથી અલગ પાડે છે. તમે અમૂલ દૂધનું પેકેટ જોયું જ હશે. તેમાં એક છોકરીનો એનિમેટેડ ફોટો છે. તે આ બ્રાન્ડનો ટ્રેડમાર્ક છે. નાઈકી બ્રાન્ડ્સ પર 'ટિક' માર્ક હોય કે એપલના આઈફોન પર કાપેલું સફરજન, આ બધાને તે બ્રાન્ડ્સના ટ્રેડમાર્ક કહેવામાં આવે છે. આ ઉત્પાદનોને તેમની પોતાની અલગ ઓળખ આપે છે. આ કાયદેસર રીતે બ્રાન્ડને પોડક્ટ્સના ડુપ્લિકેશનથી પણ સુરક્ષિત કરે છે.

ટ્રેડમાર્ક એક શબ્દ, ચિહ્ન કે લોગો કંઈપણ હોઈ શકે છે. ઉદાહરણ તરીકે, લોકોએ ધોનીનું નામ 'કેપ્ટન કૂલ' રાખ્યું છે, તેથી તે તેને ટ્રેડમાર્ક તરીકે નોંધણી કરાવી રહ્યો છે. એકંદરે, ટ્રેડમાર્ક સાબિત કરે છે કે ઉત્પાદન કોઈ ચોક્કસ કંપનીનું છે અને તે કંપનીનો તે બ્રાન્ડ પર અધિકાર છે. તેને બૌદ્ધિક સંપત્તિ ગણવામાં આવે છે. **ટ્રેડમાર્ક કોણ રજિસ્ટર કરાવી શકે છે?:** ભારતમાં કોઈપણ વ્યક્તિ કોઈ શબ્દ, લોગો અથવા ઉત્પાદનને ટ્રેડમાર્ક તરીકે રજિસ્ટર કરાવી શકે છે, પછી ભલે તેનો પોતાનો વ્યવસાય હોય કે ન હોય. એકમાત્ર શરત એ છે કે જે નામ, લોગો, શબ્દ અથવા પ્રતીક માટે ટ્રેડમાર્ક રજિસ્ટર થઈ રહ્યો છે તે પહેલાથી જ કોઈ બીજાના નામે ન હોવો જોઈએ.

**ફાયદા શું છે?:** જો તમારો બ્રાન્ડ, નામ અથવા લોગો રજિસ્ટર્ડ ટ્રેડમાર્ક છે, તો તમારી પરવાનગી વિના બીજું કોઈ તેનો ઉપયોગ કરી શકશે નહીં. જો કોઈ કરે પણ છે, તો તમે તેમની સામે કેસ દાખલ કરી શકો છો. તે તમારા ઉત્પાદન અથવા સેવા માટે એક ઓળખ બનાવે છે, જેના કારણે ગ્રાહકો સરળતાથી તમારા પર વિશ્વાસ કરે છે અને તમને વાસ્તવિક બ્રાન્ડ તરીકે ઓળખે છે.

**ટ્રેડમાર્ક પ્રક્રિયા શું છે?:** ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી ઓફ ઈન્ડિયાની વેબસાઈટ અનુસાર, હાલમાં ટ્રેડમાર્ક (TM) અરજીની પ્રક્રિયા સંપૂર્ણપણે ઈલેક્ટ્રોનિક સિસ્ટમ દ્વારા કરવામાં આવે છે. હાઈબ્રિડ મોડમાં ઓનલાઈન અને ઓફલાઈન બંને રીતે અરજી કરી શકાય છે. આજકાલ, લગભગ ૯૮% અરજીઓ ઓનલાઈન હોય છે. જે ઓફલાઈન અરજીઓ આવે છે તેને પણ પહેલા ડિજિટલ સ્વરૂપમાં રૂપાંતરિત કરવામાં આવે છે અને પછી સમગ્ર પ્રક્રિયા ઈલેક્ટ્રોનિક રીતે કરવામાં આવે છે.

અરજીની ચકાસણી ઓટોમેટેડ સિસ્ટમ દ્વારા કરવામાં આવે છે. પરીક્ષક આ ચકાસણીનો અહેવાલ તૈયાર કરે છે અને તેને પરીક્ષા નિયંત્રકને મોકલે છે. જો નિયંત્રક ચકાસણીથી સંતુષ્ટ થાય, તો તે અહેવાલને મંજૂરી આપે છે અને અહેવાલ જારી કરવામાં આવે છે. જો કોઈ ખામી જોવા મળે, તો અહેવાલ ફરીથી પરીક્ષકને મોકલવામાં આવે છે.

આ તબક્કે અરજી સ્વીકારવામાં આવે છે અને ટ્રેડમાર્ક જર્નલમાં પ્રકાશિત કરવામાં આવે છે અથવા વાંધો ઉઠાવવામાં આવે છે. વાંધાના કિસ્સામાં અરજદારે ૩૦ દિવસની અંદર જવાબ આપવો જરૂરી છે. જો વાંધા અહેવાલનો સમયસર જવાબ આપવામાં ન આવે, તો અરજી નામંજૂર કરવામાં આવે છે. જો કોઈ જવાબ આપવામાં આવે, તો તે ઓટોમેટેડ સિસ્ટમ દ્વારા ક્રમશઃ અધિકારીને મોકલવામાં આવે છે. અધિકારી કાં તો અરજી સ્વીકારે છે અને તેને TM જર્નલમાં પ્રકાશિત કરે છે અથવા સુનાવણીની તક આપે છે. અરજી સ્વીકારવામાં આવે છે, તો તે TM જર્નલમાં પ્રકાશિત થાય છે. આ પછી, જો ચાર મહિના સુધી કોઈ વિરોધ ન થાય, તો નોંધણી પ્રમાણપત્ર ઓટોમેટિક સિસ્ટમ દ્વારા જારી કરવામાં આવે છે.

જો કોઈ તેનો વિરોધ કરે, તો બંને પક્ષોને સાંભળવાની તક આપવામાં આવે છે. વિરોધ નામંજૂર થાય, તો નોંધણી કરવામાં આવે છે. અને વિરોધ સ્વીકારવામાં આવે, તો અરજી રદ થાય છે. આ ટ્રેડમાર્ક ૧૦ વર્ષ માટે માન્ય છે અને દર ૧૦ વર્ષે ફી ચૂકવીને તેને રિન્યુ કરી શકાય છે.ભારતમાં ટ્રેડમાર્ક્સ રજિસ્ટ્રી (TMR) ની શરૂઆત ૧૯૪૦ માં થઈ હતી.

હાલમાં તે ટ્રેડમાર્ક્સ એક્ટ-૧૯૯૯ અને તેના નિયમોને આધિન છે. આ કાયદાનો હેતુ ટ્રેડમાર્ક અરજીઓની નોંધણી કરવાનો, માલ અને સેવાઓના ટ્રેડમાર્કને સુરક્ષા પૂરી પાડવાનો અને કોઈપણ પ્રકારના ખોટા અથવા કપટપૂર્ણ ઉપયોગને રોકવાનો છે.

## આઝાદી સમયે દેશના સૌથી મોટા અને ધનિક ઉદ્યોગપતિ

# રામકૃષ્ણ દાલમિયા



દાલમિયા ઇન્ડસ્ટ્રીએ ઇન્સ્યોરન્સ, બેન્કિંગ, મીડિયા, કેમિકલ, એવિએશન, આયર્ન, સિમેન્ટ, ટેકસટાઈલ ઇન્ડસ્ટ્રી અને ફૂડ આઈટમ્સ સહિતના અનેક ક્ષેત્રોમાં પોતાના પગ ફેલાવ્યા હતા



જયેશ શાહ
**વિશ્લેષણ**

આઝાદી સમયે દેશના સૌથી મોટા ઉદ્યોગપતિ અને સૌથી ધનિક ઉદ્યોગપતિ રામકૃષ્ણ દાલમિયા હતા. તેઓ સ્વનિર્મિત વ્યક્તિત્વ હતા. તેઓ લગભગ ખાલી ખિસ્સું લઈને રાજસ્થાનથી કોલકાતા આવ્યા હતા. પછી અહીં નાની નોકરી કરી. દલાલી કરી. એક સમય એવો આવ્યો જ્યારે લોકોએ તેમના પર વિશ્વાસ કરવાનું છોડી દીધું હતું. તેમની પાસે પૈસા નહોતા પરંતુ તે પછી નસીબ એ રીતે બદલાયું કે તેઓ સતત સંઘર્ષ કરીને આગળ વધીને દેશનું સૌથી મોટું ઔદ્યોગિક સામ્રાજ્ય બનાવ્યું. પરંતુ તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નેહરુ સાથે એવો સંઘર્ષ થયો કે તેઓ એવી રીતે અટવાઈ ગયા કે બધું જ તેમના હાથમાંથી સરકી ગયું. પરંતુ દાલમિયાનું નામ આજે પણ દેશમાં સંપત્તિનું પ્રતીક છે.

રામકૃષ્ણ દાલમિયાનો જન્મ ૧૮૯૩માં રાજસ્થાનમાં થયો હતો. તેમના પિતા સારી આવકની શોધમાં પરિવારને કોલકાતા લઈ ગયા. તેમના પિતાનું જીવન સાદું અને સંઘર્ષથી ભરેલું હતું. તેમણે આખી જિંદગી મોટા ઉદ્યોગપતિઓ માટે મુનીમ કે એકાઉન્ટન્ટ તરીકે કામ કરવાનું ચાલુ રાખ્યું. તેમના મોટા પુત્ર રામકૃષ્ણ અલગ હતા. ખૂબ જ તીક્ષ્ણ મગજ અને યાદશક્તિ તથા તેમની ગાણિતિક ક્ષમતા જબરદસ્ત હતી. તેમણે નાનપણથી જ નાની-નાની નોકરીઓ કરવાનું શરૂ કરી દીધું હતું. રામકૃષ્ણ દાલમિયાની પુત્રી નીલિમા દાલમિયા દ્વારા લખાયેલ પુસ્તક "ફાધર ડીયરેસ્ટ – ધ લાઈફ એન્ડ ટાઈમ્સ ઓફ આરકે દાલમિયા"માં ઘણું બધું લખવામાં આવ્યું છે.

નસીબે તેમને દરેક બાજુથી દગો દીધો હતો. તેમણે મોટા ભાગના કાર્યોમાં નિષ્ફળતા જોઈ હતી. હજારો રૂપિયાની લોન લીધી હતી. પરંતુ અચાનક ચાંદીના ભાવમાં વધારો થવા લાગ્યો. ઓળખાણનો લાભ લઈને તેમણે હજારો રૂપિયાની ચાંદીનું બુકિંગ શરૂ કર્યું. ત્યારબાદ ચાંદીના ભાવમાં જંગી વધારો થવાથી તેમણે માત્ર સાત દિવસમાં એ જમાનામાં દોઢ લાખ રૂપિયાની કમાણી કરી લીધી. જ્યારે તેમની પાસે આટલા પૈસા આવ્યા ત્યારે તેણે દરેકનું દેવું ચૂકવી દીધું. પછી તેઓ કલકત્તાના વેપારી જગતમાં એક એવી વ્યક્તિ તરીકે ઉભરી આવ્યા જે માત્ર વિશ્વાસપાત્ર જ નહોતા પણ તેમની ચતુરાઈ અને ધંધાકીય કુશળતાની પણ પ્રશંસા કરવામાં આવી હતી.

જ્યારે બ્રિટિશ સરકારે ૧૯૨૦ના દાયકામાં ચાંદીને લગતા નિયમોમાં ફેરફાર કર્યો ત્યારે દાલમિયાનું નસીબ એ રીતે બદલાયું કે તેમણે જે પણ કામ શરૂ કર્યું તેમાં તેને સફળતા મળવા લાગી. તેમણે પ્રગતિની સીડીઓ ચડવાની શરૂઆત કરી જે એક સ્વપ્ન સમાન હતી. ૧૯૨૦થી ૧૯૪૦ના દાયકાની વચ્ચે દાલમિયા ઉદ્યોગ દેશમાં ઝડપથી વિસ્તર્યો. દેશના ખૂણે ખૂણે તેમની ફેક્ટરીઓ અને ઓફિસો ખુલવા લાગી. દાલમિયા ઈન્ડસ્ટ્રીએ ઈન્સ્યોરન્સ, બેંકિંગ, મીડિયા, કેમિકલ, એવિએશન, આયર્ન, સિમેન્ટ, ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રી અને ફૂડ આઈટમ્સ સહિતના અનેક ક્ષેત્રોમાં પોતાના પગ ફેલાવ્યા હતા.

કોંગ્રેસના મોટા નેતાઓ તેમના મિત્રો હતા. તેમના મંતવ્યો સાંભળવામાં આવ્યા હતા. તેઓ ગાંધીજીને મળતા હતા. તેમના સૌથી નજીકના મિત્ર પાકિસ્તાનના સ્થાપક મોહમ્મદ અલી ઝીણા હતા. ઝીણા અને દાલમિયા વચ્ચે ઘણા મતભેદો હતા તેમ છતાં બંને ગાઢ મિત્રો હતા. ઓગસ્ટ ૧૯૪૭ના બીજા સપ્તાહમાં જ્યારે જિન્નાહે ભારતને કાયમ માટે છોડી દીધું ત્યારે તેમણે નવી દિલ્હી ખાતેનો પોતાનો વિશાળ બંગલો દાલમિયાને વેચી દીધો. જિન્ના ઘણીવાર દિલ્હીના દાલમિયા હાઉસમાં આવતા અને રામકૃષ્ણ દાલમિયા સાથે કલાકો સુધી વાત કરતા. નીલિમા દાલમિયાના પુસ્તક મુજબ બંને તેમના રહસ્યો, ડર અને રાજકારણ સહિત ઘણી બાબતો પર ચર્ચા કરતા હતા. કદાચ દાલમિયામાં જ ઝીણાને કંઈપણ કહેવાની હિંમત હતી. રસિક દાલમિયાએ પોતાના જીવનમાં એક-બે નહીં પરંતુ છ લગ્ન કર્યા. જે સમયે દાલમિયાએ એક પછી એક છ લગ્ન કર્યા હતા ત્યારે કોઈએ આવું કરવાનું વિચાર્યું પણ નહોતું. નીલિમા દાલમિયાએ તેમના પુસ્તક "ફાધર ડીયરેસ્ટ: ધ લાઈફ એન્ડ ટાઈમ્સ ઓફ આરકે દાલમિયા"માં તેમના લગ્નો અને ઘણા રોમાંસ વિશે વિગતે લખ્યું છે.

દાલમિયાને એક છોકરી ગમતી હતી જે રાજસ્થાનની ઉભરતી કવયિત્રી હતી. જેમનું નામ દિનેશ નંદિની હતું. દિનેશ નંદિનીના પુસ્તકને દાલમિયા સંસ્થા દ્વારા જ પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા. દાલમિયા તેમને લગ્ન માટે વારંવાર સમજાવતા રહ્યા. આખરે તે રાજી થઈ ગયા પણ એક શરતે કે આ પછી દાલમિયા લગ્ન નહીં કરે. નીલિમા દાલમિયા કહે છે કે આ લગ્ન પણ બનારસમાં ગંગા કિનારે સ્થિત દાલમિયાના ઘરે ગુપ્ત રીતે થયા હતા. આ લગ્ન પછી તરત જ દાલમિયાએ માતાને લંડન જઈને રહેવા કહ્યું પરંતુ મારી માતાએ સ્પષ્ટ ના પાડી દીધી. ત્યારબાદ તેને દિલ્હીમાં મોટું ઘર આપવામાં આવ્યું.

દાલમિયાએ છઠ્ઠા લગ્ન પછી 'વન વર્લ્ડ મૂવમેન્ટ' શરૂ કરી. જેના માટે તે પોતાના પ્રાઈવેટ પ્લેનમાં ઘણા દેશોમાં ગયા હતા. તેમને સારો પ્રતિસાદ મળ્યો. આ સંબંધમાં તે તેની છઠ્ઠી પત્ની દિનેશ નંદિની સાથે અમેરિકા ગયા હતા. ત્યાં તેમનું હૃદય એક અંગ્રેજ છોકરી પર આવ્યું. નીલિમા તેના પુસ્તકમાં લખે છે કે અમેરિકામાં તેના પિતાનું દિલ એક અંગ્રેજ છોકરી પર આવી ગયું. જો કે પછી આ એપિસોડ પણ શરૂ થતાં પહેલાં જ સમાપ્ત થઈ ગયો.

આઝાદી બાદ દાલમિયાના દિવસો બદલાવા લાગ્યા. પરિવારમાં વિભાજન થઈ રહ્યું હતું. વડાપ્રધાન નેહરુ સાથેના સંબંધો ખરાબ થવા લાગ્યા. અને તેનું પરિણામ પણ તેમને ભોગવવું પડ્યું હતું. દાલમિયાએ સ્વામી કરપાત્રીજી મહારાજ સાથે મળીને ગૌહત્યા પર પ્રતિબંધ અને હિન્દુ કોડ બિલના મુદ્દા પર તત્કાલીન વડાપ્રધાન નેહરુનો વિરોધ કર્યો હતો તથા સ્વામી કરપાત્રીજી મહારાજને રાષ્ટ્રવ્યાપી ચળવળ માટે આર્થિક રીતે ટેકો આપ્યો હતો જે નહેરુને પસંદ ન આવ્યું. નહેરુએ હિન્દુ લાગણીઓને દબાવીને ગૌહત્યા પર પ્રતિબંધ મૂક્યો નહીં અને હિન્દુ કોડ બિલ પસાર કર્યું અને બદલો લેવા રાષ્ટ્રવાદી અબજોપતિ દાલમિયાને ખોટા કેસમાં ફસાવીને જેલમાં ધકેલી દીધા અને તેમના વ્યવસાયો બરબાદ કરી દીધા અને તેમને પાઈ પાઈ માટે રસ્તે રઝળતા કરી નાખ્યાં.

ઈતિહાસ સાક્ષી છે કે નેહરુએ તેમની સામે માથું ઊંચકનાર રાષ્ટ્રવાદી અબજોપતિ દાલમિયાને કચડી નાખ્યા. તેઓને ઘણા વર્ષો સુધી જેલમાં રહેવું પડ્યું. જ્યારે તેઓ પાછા ફર્યા ત્યારે સંજોગો બદલાઈ ગયા હતા. તેઓ ફરીથી તેમની તે જ સ્થિતિ અને નાણાકીય શક્તિ પ્રાપ્ત કરી શક્યા નહીં. જેલમાંથી બહાર આવ્યા પછી તેમણે પ્રતિજ્ઞા લીધી હતી કે જ્યાં સુધી આ દેશમાં ગૌહત્યા પર કાયદેસર પ્રતિબંધ ન આવે ત્યાં સુધી તેઓ અન્ન નો દાણો નહીં ખાય. તેમણે આ સંકલ્પને તેમના છેલ્લા શ્વાસ સુધી જાળવી રાખ્યો. અંતે ૧૯૭૮માં ૮૫ વર્ષની વયે તેમનું અવસાન થયું.

# દલાઈ લામાની પસંદગી પ્રક્રિયા અને ચીનનો હસ્તક્ષેપ





કેયુર જાની
**ઓર્બિટ**

તિબેટના લોકો ઝાંગ બુદ્ધિઝમમાં માને છે. ઝાંગ પૂજા પધ્ધતિ ઉપર ચીનના અધિકારીઓ દ્વારા સતત નિરીક્ષણ રાખવામાં આવે છે. સામ્યવાદી ચીને તીબત ઉપર આધિપત્ય જમાવવા તિબેટની સંસ્કૃતિને ખતમ કરી દેવાનો માર્ગ અપનાવ્યો છે. કમ્યુનિસ્ટોને વિવિધતા પસંદ નથી હોતી. તમામ ઝાંગ મઠોમાં ચીનના અધિકારીઓની નિયુક્તિ કરવામાં આવે છે. જેમની સતત ચંચુપાત રહે છે. તિબેટની ભાષાને ખતમ કરવા માટે શાળાઓમાં તિબેટન ભાષા બાળકોને ભણાવી શકતી નથી.

શાળાઓમાં ફરજીયાત પણે ચીની ભાષા ભણાવવામાં આવે છે. કવિ, લેખકો, સાહિત્યકારોને તિબેટિયન ભાષામાં લખવા ઉપર પ્રતિબંધ છે. તિબેટમાં દસ લાખ જેટલા માસુમ બાળકોને જબરજસ્તી ઉઠાવીને બોર્ડિંગ સ્કૂલમાં મોકલી આપવામાં આવ્યા છે. પરિવાર નથી જાણતો કે તેમના બાળકને ક્યાં રખાયું છે. બોર્ડિંગ સ્કૂલમાં બાળપણથી જ તેમનું બ્રેઈન વોશ કરી દેવામાં આવે છે. ભવિષ્યમાં તિબેટની આઝાદીની વાત કરનાર કોઈ રહે જ નહીં. તિબેટની સંસ્કતિનું અસ્તિત્વ જ ન રહે.

ચીને તિબેટમાં ઉઠતા આઝાદીના અવાજને દબાવવામાં કોઈ કસર બાકી નથી રાખી. તિબેટનો પ્રદેશ ખુલ્લી જેલ છે. રોજિંદા જીવનમાં તિબેટીયનોને સતત નિગરાનીમાં રખાય છે. સુરક્ષા કર્મચારીઓ અચાનક ચેકિંગ કરવા આવી ચડે. રોડ ઉપર થોડા થોડા અંતરે ચેક પોઈન્ટમાંથી પસાર થવું પડે, સીસીટીવી કેમેરાની જાળ પાથરીને સરકારી અધિકારી તિબેટીયનોની દરેક હિલચાલ ઉપર સતત નજર રાખતા રહે છે. તિબેટનો ધ્વજ રાખવો કે દલાઈ લામાનો ફોટો રાખવા ઉપર આજીવન કેદની સજાનો કાયદો છે. તિબેટના લોકોને પોતાના હક્ક બાબતે એકબીજા સાથે વાત કરવાની પણ મંજૂરી નથી.

## તિબેટમાં દસ લાખ જેટલા માસૂમ બાળકોને જબરજસ્તી ઉઠાવીને બોર્ડિંગ સ્કૂલમાં મોકલી આપવામાં આવ્યા છે

પંચન લામા ભવિષ્યના દલાઈ લામા બનશે તે સ્થાપિત થઈ ગયું. બાળક પંચન લામાનો પરિવાર તિબેટમાં જ રહેતો હતો. પંચન લામા આગળ જઈ દલાઈ લામા બની તિબેટની આઝાદી માટેનો અવાજ બનશે તે પ્રસ્થાપિત થઈ ગયું. બાળક પંચન લામાને પરિવાર સાથે ચીન સરકારે નજર કેદ કરી લીધા. પરિવાર સાથે નજરકેદ કરાયેલા પંચન લામાને એક રાત્રે અચાનક ગુમ કરી દેવામાં આવ્યા.

ચીન સરકારે અન્ય એક યુવકને પંચન લામા જાહેર કરી તિબેટ મોકલી આપ્યા. તિબેટની પ્રજાએ ચીને નીમેલા પંચન લામાનો અસ્વીકાર કર્યો. મામલો આંતરરાષ્ટ્રીય બન્યો. અનેક હસ્તીઓ દ્વારા બાળક પંચન લામાને ગુમ કરી દેવા બાબતે નિવેદનો કરાયા પણ ચીને તે કોઈને ક્યારેય જવાબ ન આપ્યો. ન પંચન લામાને જાહેરમાં આવવા દીધા. ત્રણ દાયકા અગાઉ ગુમ કરાયેલા પંચેન લામા આજે ૩૬ વર્ષની ઉંમરના છે. તિબેટના લોકોએ તેમને ૧૯૯૫ બાદ ક્યારેય જોયા નથી. છ વર્ષની ઉંમરમાં ખેંચેલો એકમાત્ર ફોટો જ ગુમ કરાયેલા પંચન લામાની ઓળખ માટેનો આધાર છે તિબેટની પ્રજા આજે પણ તેમને ભૂલી નથી. તેટલી જ શ્રદ્ધાથી તેમની આરાધના કરે છે. દુનિયાના અલગ અલગ દેશમાં જઈને વસેલા તિબેટવાસીઓ ગુમ થયેલા પંચન લામાને શોધવા આજે પણ પ્રયત્નશીલ છે. અવાજ ઉઠાવતા રહે છે. આખરે તિબેટવાસીઓના પ્રયત્નો સાથે વૈશ્વિક શક્તિઓના દબાણથી પાંચ વર્ષ અગાઉ ચીન દ્વારા એક માત્ર નિવેદન બહાર પડાયું કે ગુમ થયેલા પંચેન લામા એકદમ સુરક્ષિત છે અને ખુશ છે, તેઓ દુનિયા સામે આવવા ઈચ્છતા નથી.

તિબેટના શરણાર્થીઓ તેમજ દલાઈ લામાના અનુયાયીઓની લડત આજે પણ ચાલુ છે. નોબેલ વિજેતા બીશપ ડેસમંડ ટુટોએ કહ્યું હતું કે 'જે કોઈ અહિંસાનું સમર્થન કરતા હોય તે તિબેટની સંસ્કૃતિને બચાવવા એક થઈ અવાજ ઉઠાવે.' તિબેટની અંદર રહેતા ગુલામી વેઠી રહેલા લોકોને દુનિયા ભૂલી ચુકી છે. તિબેટમાં રહેનાર સ્થાનિક તિબેટવાસીઓ પોતાની ખુદની મદદ નથી કરી શકતા. તિબેટની બહાર વસતા તિબેટીયનોનો અવાજ ઉઠે છે પણ અસંગઠિત છે. જ્યારે વિશ્વ ખામોશ છે.

keyurjanitiger@gmail.com

પ્રેમી સાથે યુવતીએ માણેલી અંગત પળો વિશ્વાસઘાતી પ્રેમીએ તેના અન્ય મિત્રને આપી અને ત્યાર બાદ બ્લેકમેઇલિંગનો સિલસિલો શરૂ થયો

# પ્રેમમાં અંધ બનેલી સુશિક્ષિત યુવતી પાસે જ્યારે આપઘાત સિવાય કોઈ વિકલ્પ ન બચ્યો



દિગ્વિજય પાઠક
ડાર્ક સાઈડ



પ્રેમ...એક એવી લાગણી જે જીવનને સુંદરતા અને અર્થ પ્રદાન કરે છે. જે બે હૃદયોને એક તાંતણે બાંધે છે, જ્યાં સમર્પણ અને વિશ્વાસ પાયાના પથ્થરો હોય છે. બે વ્યક્તિઓ એકબીજા પ્રત્યે સમર્પિત થાય, વિશ્વાસના તાંતણે બંધાય અને સુખ-દુઃખમાં એકબીજાનો આધાર બને. પરંતુ જ્યારે આ પવિત્ર બંધનમાં દૂષિત ઈરાદાઓનું ઝેર ભળે છે, ત્યારે તેનું પરિણામ કેવું ભયાવહ હોઈ શકે છે, તેનું તાજેતરનું અમદાવાદ બનેલું દ્રષ્ટાંત આપણી આંખો ખોલી નાખનારું છે. આ ઘટના માત્ર એક યુવતીના જીવનનો કરુણ અંત નથી, બલ્કે સમગ્ર સમાજ માટે એક લાલબત્તી સમાન છે.

અમદાવાદમાં એક યુવતિએ ૧૪માં માળેથી નીચે પડતું મૂકીને જીવન ટૂંકાવ્યું. તેના જીવન ટૂંકાવવાની પાછળ જવાબદાર તેનો જ પ્રેમી હતો. પ્રેમી સાથે યુવતીએ માણેલી અંગત પળો વિશ્વાસઘાતી પ્રેમીએ તેના અન્ય મિત્રને આપી અને ત્યાર બાદ બ્લેકમેઈલિંગનો સિલસિલો શરુ થયો. જેનું પરિણામ એ આવ્યું કે યુવતીએ પોતાની જીવનલીલા સંકેલી લીધી. આ ઘટના માત્ર એક વ્યક્તિની અંગત દુર્ઘટના નથી, પરંતુ સમાજમાં વ્યાપ્ત સાયબર ક્રાઇમ, બ્લેકમેલિંગ અને અંગત પળોની ગોપનીયતાના ભંગના ગંભીર મુદ્દાઓ પર પ્રકાશ પાડે છે. ઘટનાનો ભોગ બનનાર યુવતીને તેના પ્રેમીના જ મિત્રએ ફોન કરીને મળવા પણ બોલાવી હતી. યુવતી બહેનપણી અને તેના પતિ સાથે યુવકને મળવા ગઈ જ્યાં તેને આ વિડીયો બતાવી બ્લેકમેલ કરવાનું શરુ કર્યું. પ્રાથમિક તબક્કે આ યુવતી પાસેથી પૈસા પડાવવાનું શરુ કર્યું. પણ આ યુવાનની ભૂખ સંતોષાતી ન હતી. પોલીસની દરમિયાનગીરી બાદ પણ યુવાને બ્લેકમેલ કરવાનું ચાલુ રાખ્યું હતું અને અંતે પરિણામ અત્યંત દુઃખદ આવ્યું.

અમદાવાદમાં જે બન્યું તે હૃદય કંપાવી દેનારું છે. એક યુવતીએ પ્રેમમાં અંધ બનીને પોતાના પ્રેમી પર ભરોસો મૂક્યો, પોતાની અંગત પળોને તેની સાથે વહેંચી. કમનસીબે, પ્રેમીના મનમાં ખરાબ ઈરાદાઓ છુપાયેલા હતા. તેણે તે અંગત પળોના વીડિયો પોતાના મિત્રને આપ્યા, અને પછી બંનેએ મળીને યુવતીને બ્લેકમેલ કરવાનું શરૂ કર્યું. આ કોઈ સામાન્ય ગુનો નથી. આ વિશ્વાસઘાત છે, ગોપનીયતાનો ભંગ છે અને એક વ્યક્તિના માનસિક સંતુલનને છિન્નભિન્ન કરી નાખનારો અમાનવીય કૃત્ય છે.

યુવતીએ હિંમત કરીને પોલીસની મદદ માગી. કાનૂની રાહે સમાધાન પણ થયું, પરંતુ સમાધાનના કાગળો પર સહી કરવાથી મનનો ડર અને બ્લેકમેલિંગનો સિલસિલો અટક્યો નહીં. પોલીસ સમક્ષ યુવકે વિશ્વાસ તો અપાવ્યો પરંતુ આ વિશ્વાસમાં કઈ ભાર ન હતો. પોલીસ આ યુવાન પર તો પોતાનો ડર ન જમાવી શકી પરંતુ યુવાનની બ્લેકમઈલિંગનો ભય યુવતીને સતાવતો જ રહ્યો હતો. સતત ભય, અપમાન અને માનસિક ત્રાસના બોજ હેઠળ યુવતી તૂટી ગઈ. આખરે, આ ત્રાસમાંથી મુક્તિ મેળવવા તેણે જીવનનો અંત લાવવાનું ભયંકર પગલું ભર્યું અને ૧૪મા માળેથી પડતું મૂકીને આત્મહત્યા કરી લીધી. આ ઘટના બાદ અમદાવાદ પોલીસે યુવતીના પ્રેમીની ધરપકડ તો કરી પરંતુ શું તે પૂરતું છે? તેનાથી યુવતીનો જીવ પાછો આવશે ખરો? આ ઘટના ઘણા પ્રશ્નો ઊભા કરે છે. શું આપણી કાનૂની પ્રણાલી આવા ગુનાઓ સામે પૂરતી સજ્જ છે? શું ભોગ બનનારને સુરક્ષા અને ન્યાય મળી શકે છે? અને સૌથી અગત્યનું, આવા કિસ્સાઓમાં સમાજ અને યુવા પેઢીએ કઈ રીતે જાગૃત રહેવું જોઈએ?

યુવતીની આત્મહત્યા એ દર્શાવે છે કે બ્લેકમેલિંગ અને ગોપનીયતાના ભંગનો ભય કેટલો પ્રબળ હોઈ શકે છે. આવા કિસ્સાઓમાં, પોલીસ અને કાનૂની પ્રણાલી ઉપરાંત સમાજની પણ મોટી જવાબદારી બને છે. ભોગ બનનાર વ્યક્તિને સામાજિક ટેકો, માનસિક સલાહ અને સુરક્ષા પૂરી પાડવી અત્યંત જરૂરી છે. આવા કિસ્સાઓમાં સમાધાન ભલે થાય, પરંતુ ભોગ બનનારના મનમાંથી ભય સંપૂર્ણપણે દૂર થવો જોઈએ.

આ ઘટના માત્ર ગુનાખોરીનો એક કિસ્સો નથી, પરંતુ સમાજમાં વ્યાપ્ત કેટલીક ભયાવહ વાસ્તવિકતાઓનં દર્પણ છે. આ કિસ્સો દર્શાવે છે કે જ્યારે પ્રેમ સંબંધમાં વિશ્વાસ તૂટે છે અને તેનો દુરુપયોગ થાય છે, ત્યારે કેવા વિનાશક પરિણામો આવે છે. યુવા પેઢીએ સંબંધોમાં ઉતાવળીયા નિર્ણયો લેતા પહેલા, સામેની વ્યક્તિના ઈરાદાઓને સમજવા અત્યંત જરૂરી છે. આધુનિક યુગમાં ડિજિટલ પ્લેટફોર્મ પર અંગત માહિતી કે વીડિયો શેર કરવામાં અતિશય સાવચેતી રાખવી જોઈએ. ઈન્ટરનેટ પર એકવાર કોઈ સામગ્રી અપલોડ થાય, પછી તેના પર નિયંત્રણ રાખવું અશક્ય બની જાય છે. સાયબર ક્રાઈમ એ એક વાસ્તવિક અને ગંભીર ખતરો છે.

બ્લેકમેલિંગ એ વ્યક્તિના આત્મસન્માન અને માનસિક સ્વાસ્થ્ય પર ઘેરી અસર કરનારું કૃત્ય છે. ભોગ બનનાર વ્યક્તિ ભય અને અપમાનથી એટલો ઘેરાઈ જાય છે કે તેને જીવન નિરર્થક લાગવા માંડે છે. આવા સમયે, પરિવાર, મિત્રો અને કાનૂની તંત્રનો સહકાર અને ટેકો અત્યંત આવશ્યક છે. ભલે પોલીસ દ્વારા સમાધાન કરાયું હોય, પરંતુ માનસિક ત્રાસ અટક્યો નહોતો.

**યુવતીની આત્મહત્યા એ દર્શાવે છે કે બ્લેકમેલિંગ અને ગોપનીયતાના ભંગનો ભય કેટલો પ્રબળ હોઈ શકે છે**

આ દર્શાવે છે કે ક્યારેક કાનૂની પ્રક્રિયા ભલે પૂર્ણ થાય, પરંતુ ભોગ બનનારના મનમાંથી ભય અને અસલામતીની ભાવના દૂર કરવી વધુ જરૂરી છે. પોલીસે આવા કિસ્સાઓમાં ભોગ બનનારને સતત સુરક્ષા અને માનસિક સધિયારો મળે તેની ખાતરી કરવી જોઈએ. આવા કિસ્સાઓમાં સમાજે ભોગ બનનારને કલંકિત કરવાને બદલે સહાનુભૂતિ અને ટેકો આપવો જોઈએ. ભોગ બનનારને નિરાશામાંથી બહાર કાઢવા માટે સામાજિક જાગૃતિ અને સમર્થન ખૂબ જરૂરી છે. કોઈ પણ વ્યક્તિએ આવી સ્થિતિમાં એકલા લડવું ન જોઈએ, મદદ માંગવામાં સંકોચ ન કરવો જોઈએ.

અમદાવાદની આ ઘટના એક નિર્દોષ જીવનના અકાળ અંતની દુઃખદ ગાથા છે, પરંતુ તે સમાજને એક મોટો બોધપાઠ પણ શીખવે છે. આપણે સૌએ પ્રેમ સંબંધોમાં સાવધાની રાખવી, અંગત પળોની ગોપનીયતા જાળવવી, અને આવા ગુનાઓ સામે જાગૃત રહેવું પડશે. જો કોઈ વ્યક્તિ આવા બ્લેકમેલિંગનો ભોગ બને, તો તેણે હિંમત કરીને તાત્કાલિક પોલીસની મદદ લેવી જોઈએ અને પોતાના મનની વાત કોઈ વિશ્વાસુ વ્યક્તિ સાથે શેર કરવી જોઈએ.

આ ઘટના સમાજને ચેતવણી આપે છે કે જો આપણે પ્રેમની આડમાં થતા આવા અમાનવીય કૃત્યો સામે આંખ આડા કાન કરીશું, તો આવા કરુણ કિસ્સાઓ વધતા જ રહેશે. ચાલો આપણે સૌ આ કિસ્સામાંથી બોધપાઠ લઈએ અને એક એવો સમાજ બનાવીએ જ્યાં વિશ્વાસનો દુરુપયોગ ન થાય અને કોઈ પણ વ્યક્તિને આવી રીતે જીવનનો અંત લાવવા મજબૂર ન થવું પડે.

અમદાવાદની આ ઘટના એક કરુણ દાખલો છે કે પ્રેમ સંબંધોમાં વિશ્વાસનું સ્થાન કેટલું મહત્ત્વનું છે અને જ્યારે તેનો ભંગ થાય ત્યારે તેના કેવા ભયાવહ પરિણામો આવી શકે છે. કાનૂની રીતે આવા ગુનેગારોને કડક સજા થવી અનિવાર્ય છે જેથી આવા ગુનાઓ અટકાવી શકાય અને ભવિષ્યમાં કોઈ અન્ય નિર્દોષ જીવનનો ભોગ ન બને. આ સાથે, યુવા પેઢીએ પણ સાયબર સ્પેસમાં સાવચેતી રાખવી, અંગત પળોની ગોપનીયતા જાળવવી અને આવા કિસ્સાઓમાં તાત્કાલિક કાનૂની સહાય લેવી અત્યંત જરૂરી છે. સમાજે પણ આવા ભોગ બનનારાઓને સાથ આપવો જોઈએ અને તેમને ફરીથી સામાન્ય જીવન જીવવામાં મદદ કરવી જોઈએ. આ ઘટના આપણને સૌને જાગૃત થવાની અને સાયબર ક્રાઈમ સામે સંગઠિત થઈને લડવાની હાકલ કરે છે.

digvijay.pathak@gmail.com

ગુજરાતમાં બૌદ્ધ ધર્મનું પ્રતિનિધિત્વ કરતી ધરોહર

# સાણાની બૌદ્ધ ગુફાઓ



નરેશ અંતાણી
લોકસંસ્કૃતિ



ગુજરાતમાં બૌધ્ધ ધર્મનો પ્રસાર ઈ.સ. પૂર્વે ૩જી સદી અર્થાત સમ્રાટ અશોકના સમયથી થયો છે, ગુજરાતમાં બૌધ્ધ સ્થાપત્યોમાં તેના ઈંટેરી તથા શૈલોત્કર્ણ ગુફાઓ એમ બન્ને પ્રકારના જોવા મળે છે, જે કચ્છમાં સિયોત અને સૌરાષ્ટ્રમાં જુનાગઢ, તળાજા, ઝાંઝુરીઝર, ઢાંક, કડીયાડુંગર અને સાણાની ટેકરીઓમાં જોવા મળે છે, ઉના તાલુકામાં રૂપેણ નદીના વિસ્તારમાં સાણા–વાંકીયામાં અંગ્રેજીના યુ આકારમાં ૬૨ જેટલી બૌધ્ધ ગુફાઓ છે. જેમાં એભલમંડપ તથા એક ભીમચોરી તરીકે જાણીતી ગુફાઓ સૌથી મહત્વની છે.

ગુજરાતના સમુધ્ધ શિલ્પ સ્થાપત્યના વારસામાં બૌધ્ધ ધર્મનું પ્રદાન પણ નોંધપાત્ર છે. ગુજરાતમાં બૌધ્ધ ધર્મના પ્રચાર અને પ્રસારના જે આધારો મળે છે એ મુજબ ઈ.સ. પૂર્વે ૩જી સદી અર્થાત સમ્રાટ અશોકના સમયથી થયો હોવાનું અનુમાન કરી શકાય કેમ કે જુનાગઢમાં ગિરનાર જવાના માર્ગમાં રહેલા અશોકના શિલાલેખની વિગતો પરથી આમ જણાય છે. આ ધર્મનો વધારે પ્રચાર ક્ષત્રપોના સમયમાં થયો હતો. કચ્છમાં પણ આજ સમય આસપાસના ક્ષત્રપ શિલાલેખો મળી આવે છે અને ક્ષત્રપો બૌધ્ધ ધર્મ અનુયાયી હતા. બૌધ્ધ સ્થાપત્યોમાં તેના ઈંટેરી તથા શૈલોત્કર્ણ ગુફાઓ એમ બન્ને પ્રકારના જોવા મળે છે. આ ઈંટેરી સ્થાપત્યની સાથે સાથે સૌરાષ્ટ્ર કચ્છમાં શૈલોત્કર્ણ ગુફાઓ પણ મોટી સંખ્યામાં જોવા મળે છે. જેમાં કચ્છમાં સિયોત અને સૌરાષ્ટ્રમાં જુનાગઢ, તળાજા, ઝાંઝુરીઝર, ઢાંક, ખંભાલીડા, કડીયાડુંગરની સાથે સાણાની ટેકરીઓમાં જોવા મળે છે. આ ગુફાઓનો પરિચય કરવાનો મનસૂબો છે, આ પૈકી સાણાની ગુફાઓનો પરિચય આજે કરવાનો ઉપક્રમ છે.

ગિર સોમનાથ જિલ્લાના ઉના તાલુકામાં રૂપેણ નદીના વિસ્તારમાં સાણા–વાંકીયામાં અંગ્રેજી યુ આકારમાં ૬૨ જેટલી બૌધ્ધ ગુફાઓ આવેલી છે. જેમાં ચૈત્ય અને વિહાર એમ બન્ને પ્રકારની ગુફાઓ જોવા મળે છે. પ્રમાણમાં સાદી છતાં ગુજરાતમાં બૌધ્ધ ધર્મના પ્રસાર અંગેનો મોટો આધાર આ ગુફાઓ આપે છે. આ ગુફાઓમાં સૌથી વધુ નોંધપાત્ર ત્રણ ગુફાઓ છે. જેમાંથી એક એભલમંડપ તથા એક ભીમચોરી તરીકે જાણીતી છે.

એભલમંડપ તરીકે ઓળખાતી ગુફા ૬૨ ગુફાઓમાં સૌથી મોટી છે અને નીચેના ભાગમાં આવી છે. ૬૮.૫ ફૂટ પહોળી, ૬૧ ફૂટ ઊંડી અને ૧૬.૫ ફૂટ ઊંચી આ ગુફાના આગળના ભાગમાં છ સ્તંભો છે પરંતુ એ પછી અંદરના ભાગે કોઈ સ્તંભ નથી. પ્રવેશથી અંદરના ભાગે ઓટલા જેવી રચના છે શક્ય છે કે તે બેઠક માટે બનાવાયો હશે. આ ગુફાનો ઉપયોગ વિહાર તરીકે કરાતો હોવાનું જણાતું નથી. એવું અનુમાન પુરાતત્વવિદ મુનેન્દ્ર જોશી કરે છે આ ગુફાનો ઉપયોગ આગળ કહ્યું તેમ પ્રવચન ખંડ કે સામુહિક પ્રાર્થનાના ખંડ તરીકે કરાતો હશે. જુનાગઢની ઉપરકોટની ગુફાઓમાં પણ આ પ્રકારની રચનાવાળી ગુફા છે જેને પુરાતત્વવિદો આનંદભવન કે પ્રમોદવન તરીકે ઓળખે છે. જેથી આ પ્રકારના સમારંભો કે ધર્મના પ્રચાર પ્રસાર માટે આ પ્રકારની ગુફાઓ પણ નિર્માણ કરાતી હશે એવું જણાય છે.

એભલમંડપની ગુફાથી બરાબર ૧૨૦ ફૂટ ઊંચે બીજી એક ગુફા છે જેને ભીમચોરી તરીકે સ્થાનિક પ્રજા ઓળખે છે. પૂર્વાભિમૂખ ગુફામાં અંદરના ભાગે તેને ટેકવવા માટે આવૃકોણ સ્તંભો ઉભા કરાયા છે. ડો સાંકળિયા આ ગુફાને નાસિકની નહપાન ગુફાઓ સાથે સરખાવે છે. આ ગુફા વિહાર હોવાનું જણાય છે. ભીમચોરી ગુફાની પાસે જ એક સાદુ ૧૮૮૩૧ ફૂટનું ચૈત્ય ગૃહ છે. જે ૧૩.૫ ફૂટ ઊંચું છે.

સમતલ છાદ્ય ધરાવતા આ ગૃહની દિવાલ અર્ધવર્તુળાકાર છે. જેના આગળના ભાગે પથ્થરમાં કંડારવામાં આવેલો સ્તુપ પણ નિહાળી શકાય છે. સ્તુપનો ઘેરાવો ૭ ફૂટ ૧૦ ઈંચનો છે. આ ચૈત્યગૃહમાં કેટલીક ઓરડીઓ પણ છે જેની દિવાલોમાં કક્ષાસનની રચના છે.

ભીમચોરી ગુફા તથા ચૈત્યગૃહ પાસે પાણી સંગ્રહ માટે ટાંકાની રચના કરવામાં આવી છે જે બૌધ્ધ ભિક્ષુઓની જળ વ્યવસ્થાપન યોજનાનો પરિચય કરાવે છે. આ ગુફા સમુહને ગુજરાત રાજ્યના પુરાતત્વ ખાતએ રક્ષિત સ્મારક તરીકે જાહેર કરી તેના રક્ષણની જોગવાઈ કરી છે.

antaninp@gmail.com



ગુજરાતના સમૃદ્ધ શિલ્પ સ્થાપત્યના વારસામાં બૌદ્ધ ધર્મનું પ્રદાન પણ નોંધપાત્ર છે

પૃથ્વી નજીકથી પસાર થતાં ઉલ્કાપિંડ

# સામાન્ય અવકાશી ઘટના કે પૃથ્વીના વિનાશનું કારણ



અશોક પટેલ
સાયન્સ ટોક



સાઈબેરિયાના ૧૯૧૦માં એવો વિસ્ફોટ થયો હતો કે એ વિસ્તારમાંથી વૃક્ષોનું જાણે નિકંદન નીકળી ગયું હતું. પૃથ્વી પરથી મહાકાય ગણાતા ડાયનાસૌર પણ વિલુપ્ત થઈ ગયા, એ પાછળ પણ એવો જ કોઈ વિસ્ફોટ કારણભૂત મનાય છે. એ ખરૂં કે એ સમયે યુદ્ધની સંભાવના ઓછી હતી, તો એ વિસ્ફોટ શેના કારણે થયો હશે અને તેના કેમ પુરાવા મળતા નથી, એ અંગે વિજ્ઞાનીઓ લાંબા સમયથી માથાપંચી કરતા રહ્યા છે. જો કે વિજ્ઞાનીઓ માને છે કે ધરતી પરથી ડાયનાસૌરનું નિકંદન કાઢવામાં એસ્ટેરોઈડ કે ધૂમકેતુ જવાબદાર હોવો જોઈએ અને એવા જ ચાર એસ્ટેરોઈડ ગમે ત્યારે ધરતી પર ત્રાટકીને આપણા જીવનનો પણ ખાત્મો બોલાવી શકે છે.

જો કે એસ્ટેરોઈડ અને ધૂમકેતુને ધરતી પરના વિનાશ માટે જવાબદાર ઠેરવવામાં આવે છે. સાંયોગિક પુરાવા પણ એ વાતનું સમર્થન કરે છે. પરંતુ એ જ બંને પિંડો ધરતી પર પાણી અને જીવન પાંગરવા માટે પણ જવાબદાર ગણાય છે. મતલબ કે જે પોષતું તે મારતું એ ક્રમ દિસે કુદરતી...એ નાતે આ બંને અવકાશી પિંડ ધરતી પર જીવન માટે જવાબદાર હોય તો તે વિનાશ માટે પણ જવાબદાર છે. ખેર, લાખો વર્ષ પહેલાં ડાયનાસૌરનું નિકંદન એસ્ટેરોઈડે કાઢ્યું હોય તો હવે પછી પણ પૃથ્વી પરના જીવનને નાશ કરી શકે એવા એસ્ટેરોઈડ અવકાશમાં ક્યાં ઓછા છે?

આખી સૌરમાળામાં અબજો એસ્ટેરોઈડ ઘૂમતા રહે છે. એ બધા જ પૃથ્વી પર ત્રાટકીને વિનાશ સર્જી શકે એવા હોતા નથી. છતાં ઘણા પૃથ્વીની ભ્રમણકક્ષાને ચાતરે એવા એસ્ટેરોઈડ ઉપર નજર રાખવામાં આવે છે. હાલમાં તો વિજ્ઞાનીઓ ત્રણ એસ્ટેરોઈડ ઉપર નજર રાખી રહ્યા છે. આ ત્રણ પૈકીના એક એવી ઉલ્કા ૨૦૨૪ YR4 છે. નાસાના અંદાજ મતે ૫૩ થી ૬૭ મીટરના કદનો છે. મતલબ કે ૧૫ માળનું મકાન હોય એવો આ એસ્ટેરોઈડ ગયા વર્ષે જ શોધાયો હતો. આ એસ્ટેરોઈડની શોધ થયા બાદ સંશોધકોએ તેની ભ્રમણકક્ષા નક્કી કરી હતી, એ સાથે જ દુનિયામાં હાહાકાર મચી ગયો હતો. સ્વાભાવિક રીતે જ તેની ભ્રમણકક્ષા પૃથ્વીની ભ્રમણકક્ષાને ચાતરતી હોવાને કારણે તે પૃથ્વી સાથે ભટકાઈ શકે એવા સંજોગો બને છે. એ અંગે ગણતરી માંડી ત્યારે ૨૦૩૨ માં એ અથડામણ થઈ શકે એવું જોખમ છે. જો કે આ એસ્ટેરોઈડ ધરતી સાથે અથડાય એવી સંભાવના ફક્ત ૩.૮ ટકા છે. પરંતુ અવકાશમાં એવી સંભાવના મોટી ગણાય, એ કારણે જ હવે વિજ્ઞાનીઓ તેના ઉપર સતત નજર રાખશે. ૨૦૩૨માં તે પૃથ્વી ભણી આવશે, ત્યાં સુધી તેના પર નજર રખાશે કે જેથી જો તે અથડાઈ શકે એવું જોખમ રહે તો તેનાથી કેમ બચવું તેનો ઉપાય પણ શોધવો પડશે ને?

પૃથ્વીના માથે બીજું મોટું જોખમ અપોફિસ નામે છે. ઈજિપ્તના વિનાશના દેવના નામ પરથી એનું નામકરણ થયું છે. અપોફિસની શોધ ૨૦૦૪માં થઈ હતી. એમ તો અપોફિસ આવતા સો વર્ષ સુધી તો પૃથ્વીને ઘસરકો પણ પાડે એમ લાગતું નથી, પરંતુ એક જોખમ એ છે કે અપોફિસ ૧૩ એપ્રિલ ૨૦૨૯ના દિવસે પૃથ્વીની નજીકથી પસાર થશે. આપણા સંદેશા વ્યવહારના ઉપગ્રહો જ્યાં ઘૂમતા રહે છે, એ વિસ્તારમાંથી તે પસાર થશે. મતલબ કે એ અંતર બહુ દૂર ન કહેવાય. ૩૪૦ કિલોમીટરનો વ્યાસ ધરાવતા આ એસ્ટેરોઈડમાં ફૂટબોલના ત્રણ મેદાન સમાઈ શકે છે. તે નરી આંખે દેખાય એ રીતે પૃથ્વીથી ૩૨ હજાર કિલોમીટર દૂરથી પસાર થશે.

એ ઉપરાંત ડિડીમોસ અને ડિમોર્ફોસ એસ્ટેરોઈડ પણ પૃથ્વી માટે જોખમી છે. જોકે એમાં ડિમોર્ફોસ તો નાનકડો ચંદ્ર છે અને તે ડિડીમોસની ફરતે ચક્કર કાપે છે. એમ તો આ એસ્ટેરોઈડ પૃથ્વી માટે ખાસ જોખમી ગણવામાં આવતી નથી. પરંતુ તેના પર નજર રાખવાનું મુખ્ય કારણ એ જ છે કે ૨૦૨૨માં નાસાએ ડિમોર્ફોસનો નાશ કરવા માટે ડીએઆરટી મિશન લોન્ચ કર્યું હતું. ડીએઆરટી મિશનમાં એ યાને ડિમોર્ફોસની નજીક જઈને પોતાને જ ભડાકે લઈને આત્મઘાતી આતંકવાદી જેમ બીજાને ઉડાવી દે એમ ડીએઆરટીએ પોતાને જ ઉડાવી દઈને એ પ્રયાસ કર્યો હતો, જો કે એ વિસ્ફોટ એટલા અંતરે હતો કે ડિમોર્ફોસને મોટું નુકશાન થયું ન હતું. એ ખરૂં કે હવે પછી ફેરા મિશન આવતા વર્ષે હાથ ધરાશે, ત્યારે ડિમોર્ફોસનો અભ્યાસ કરી કેટલું નુકશાન થયું હતું, એનું અવલોકન કરાશે. પરંતુ આત્મઘાતી હુમલો થઈ શકે છે, તેથી ભવિષ્યમાં કોઈ મોટી ઉલ્કા પૃથ્વી પર ત્રાટકવા માટે ધસમસતી આવતી હોય તો તેને અવકાશમાં જ ફૂંકી મારવાની ક્ષમતા કેળવી લેવાઈ છે. ડિડીમોસ પૃથ્વીથી નજીક આવી જતો હોવાને કારણે પૃથ્વીના ગુરૂત્વાકર્ષણ બળથી ખેંચાઈ આવીને વિનાશ વેરી શકે એવું જોખમ રહે છે.

**ગયા મહિને જ વેરા રૂબિન ઓબ્ઝર્વેટરીએ તેના નવા ટેલિસ્કોપનો ઉપયોગ કરી ફક્ત ૧૦ કલાકમાં ૨૦૦૦થી વધુ એસ્ટેરોઈડ્સ શોધી કાઢ્યા હતા, જે પૃથ્વીની નજીકથી પસાર થયા હતા**

ગયા મહિને જ વેરા રૂબિન ઓબ્ઝર્વેટરીએ તેના નવા ટેલિસ્કોપનો ઉપયોગ કરી ફક્ત ૧૦ કલાકમાં ૨૦૦૦ થી વધુ એસ્ટેરોઈડ્સ શોધી કાઢ્યા હતા, જે પૃથ્વીની નજીકથી પસાર થયા હતા. મતલબ કે ધરતી પર સતત જોખમ તો તોળાયેલું જ રહે છે કે ક્યારેક કોઈ મોટી ઉલ્કા ત્રાટકે તો કમસે કમ એ વિસ્તારમાં તો જીવનનું નિકંદન નીકળી જ જશે. એ માટે પણ એસ્ટેરોઈડ પર નજર રાખવામાં આવી રહી છે. ભવિષ્યમાં એવો કોઈ ઉલ્કાપાત થાય એ પહેલાં જ જીવનને બચાવી લેવા માટે માનવજાત સજ્જતા કેળવી લેશે એ નક્કી, છતાં વિનાશ થવાનો હોય ત્યારે બુદ્ધિ બહેર મારી જાય અને કાબે અર્જુન લૂંટ્યો જેવો ઘાટ થઈ શકે છે.

ashpate@gmail.com

**ભારત માટે નમન પુષ્પક બે વિકેટ અને દીપેશ દેવેન્દ્રને એક વિકેટ લીધી**

# ઈંગ્લેન્ડે અંડર-૧૯ પાંચમી વનડે જીતી, શ્રેણી ભારત જીત્યું

## ભારતે પાંચમી વનડેમાં ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો

વોર્સેસ્ટર,તા.૮

બેન મેયસ અને બેન ડોકિન્સની અડધી સદીની મદદથી, ઈંગ્લેન્ડ અંડર-૧૯ ટીમે પાંચમી વનડેમાં ભારતીય અંડર-૧૯ ટીમને સાત વિકેટથી હરાવ્યું. જોકે, ભારતે શ્રેણી ૩-૨થી જીતી લીધી. આરએસ અંબરીશની અડધી સદીની મદદથી, ભારતીય અંડર-૧૯ ટીમે ઈંગ્લેન્ડ અંડર-૧૯ ટીમ સામે ૨૧૧ રનનો લક્ષ્યાંક રાખ્યો હતો. જવાબમાં, ઈંગ્લેન્ડ અંડર-૧૯ ટીમે ૩૧.૧ ઓવરમાં ત્રણ વિકેટે ૨૧૧ રન બનાવીને મેચ જીતી લીધી. ઈંગ્લેન્ડ માટે, મેયસે ૭૯ બોલમાં ૧૧ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી અણનમ ૮૨ રન બનાવ્યા. ભારત માટે, નમન પુષ્પક બે વિકેટ અને દીપેશ દેવેન્દ્રને એક વિકેટ લીધી.ભારતે પાંચમી વનડેમાં ટોસ જીતીને પ્રથમ બેટિંગ



કરવાનો નિર્ણય લીધો અને અંબરીશની ૮૧ બોલમાં છ ચોગ્ગાની મદદથી ૬૬ રનની અણનમ ઈનિંગના આધારે ૫૦ ઓવરમાં નવ વિકેટે ૨૧૦ રન બનાવ્યા. લક્ષ્યનો પીછો કરતી વખતે ઈંગ્લેન્ડની શરૂઆત સારી નહોતી અને દીપેશ પાંચ રન બનાવીને આઉટ થયેલા જોસેફ મૂર્સને આઉટ કર્યો. આ પછી, ડોકિન્સ અને મેયસે બીજી વિકેટ માટે ૧૦૭ રન ઉમેર્યા. ડોકિન્સ ૫૩ બોલમાં નવ ચોગ્ગા અને ત્રણ છગ્ગાની મદદથી ૬૬ રન બનાવીને આઉટ થયા. આ પછી રોકી ફ્લિન્ટોફ પણ ચાર રન બનાવીને પેવેલિયન પરત ફર્યા. જોકે, મેયસ અને કેપ્ટન થોમસ રેવ ઈંગ્લેન્ડને જીત અપાવી. રેવ ૩૭ બોલમાં સાત ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી ૪૯ રન બનાવીને અણનમ પરત ફર્યા.

આ પહેલા, ટોસ જીતીને પ્રથમ બેટિંગ કર્યા પછી, ભારતની શરૂઆત સારી નહોતી અને તેણે કેપ્ટન આયુષ મ્હાત્રે અને વિહાન મલ્હોત્રાની વિકેટો જલ્દી ગુમાવી દીધી હતી. મ્હાત્રે અને વિહાને એક-એક રન બનાવ્યા હતા. શરૂઆતના પછાડા પછી, ગયા મેચના સેન્ચ્યુરીયન સૂર્યવંશી અને રાહુલ કુમારે ટીમની ઈનિંગ્સની કમાન સંભાળી હતી. બંને બેટ્સમેનોએ ત્રીજી વિકેટ માટે ૫૧ રનની ભાગીદારી કરી હતી.

જોકે, વૈભવ આ મેચમાં મોટી ઈનિંગ્સ રમી શક્યો ન હતો અને ૪૨ બોલમાં ત્રણ ચોગ્ગા અને બે છગ્ગાની મદદથી ૩૩ રન બનાવીને આઉટ થયો હતો. વૈભવના આઉટ થયા પછી, રાહુલ કુમાર ૨૧ રન બનાવીને પેવેલિયન પરત ફર્યો અને હરવંશ પંગલિયા ૨૪ રન બનાવીને પેવેલિયન પરત ફર્યો. કનિષ્ક ચૌહાણ સારી બેટિંગ કરી રહ્યો હતો, પરંતુ તે પણ ૨૪ રન બનાવીને છઠ્ઠા બેટ્સમેન તરીકે આઉટ થયો હતો. આ પછી, બીજા જ બોલ પર, દીપેશ દેવેન્દ્રમ ખાતું ખોલ્યા વિના પેવેલિયન પાછો ફર્યો. જોકે, સાત વિકેટ પડ્યા પછી, અંબ્રિશે યુધજીત ગુહા સાથે મળીને ઈનિંગની કમાન સંભાળી. અંબ્રિશ સિવાય, ભારત માટે અન્ય કોઈ બેટ્સમેન મોટી ઈનિંગ રમી શક્યો નહીં. અંબ્રિશે યુધજીત ગુહા સાથે મળીને આઠમી વિકેટ માટે ૬૮ રનની ભાગીદારી કરી. ગુહા ૧૦ રન બનાવીને આઉટ થયા, જેનાથી બંને વચ્ચેની ભાગીદારીનો અંત આવ્યો. આ પછી, નમન પુષ્પક ખાતું ખોલ્યા વિના આઉટ થયા. અંબ્રિશ ઉપરાંત, ભારત માટે અનમોલજીત સિંહ પાંચ રન બનાવીને અણનમ પરત ફર્યા. ઈંગ્લેન્ડની અંડર-૧૯ ટીમ માટે, એએમ ફ્રેન્ચ અને રાલ્ફી આલ્બર્ટે બે-બે વિકેટ લીધી,

**લોર્ડ્સમાં શરૂ થનારી ત્રીજી ટેસ્ટ મેચ માટે ફાસ્ટ બોલરોની મદદરૂપ પિચની ડિમાન્ડ**

# ટીમ ઈન્ડિયા સામે પરાજય બાદ ઈંગ્લેન્ડે પિચનું બહાનું કાઢ્યું

લંડન,તા.૮

ભારત સામે પાંચ મેચોની ટેસ્ટ સીરિઝની બીજી મેચમાં યજમાન ઈંગ્લેન્ડની ટીમે કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. ભારતે બીજી ટેસ્ટ મેચ ૩૩૬ રનથી જીતી અને સીરિઝમાં ૧-૧ની બરાબરી કરી લીધી. બર્મિંઘમમાં મળેલી આ હારથી દુઃખી ઈંગ્લેન્ડે ૧૦ જુલાઈથી લંડનના લોર્ડ્સમાં શરૂ થનારી ત્રીજી ટેસ્ટ મેચ માટે ફાસ્ટ બોલરોની મદદરૂપ પિચની ડિમાન્ડ કરી છે.ઈંગ્લેન્ડની પ્લેઈંગ ઈલેવનમાં ફાસ્ટ બોલર જોફ્રા આર્ચરની વાપસી લગભગ નિશ્ચિત છે, જ્યારે ગુસ એટકિન્સન પણ ટીમમાં વાપસી થઈ ચૂકી છે. આર્ચર લાંબા સમય સુધી કોણી અને પીઠની ઈજામાંથી સ્વસ્થ થયા બાદ ટેસ્ટમાં વાપસી કરવા માટે તૈયાર છે. તેણે પોતાની છેલ્લી ટેસ્ટ ફેબ્રુઆરી ૨૦૨૧માં રમી હતી. એટકિન્સન હેમસ્ટ્રિંગ (સ્નાયુઓમાં ખેંચાણ)ની



સમસ્યાને કારણે બીજી ટેસ્ટ ચૂકી ગયો હતો. તેની વાપસીથી ટીમના ફાસ્ટ બોલિંગ આક્રમણના મજબૂત થવાની અપેક્ષા છે ઈંગ્લેન્ડના કોચ મેકુલમે કહ્યું કે, 'અમે રસ્ઝાના ચીફ ગ્રાઉન્ડ્સમેન કાર્લ મેકડર્મોટ પાસેથી થોડી વધુ ગતિ, બાઉન્સ અને સ્વિંગ વાળી પિચ ઈચ્છીએ છીએ.' તેમણે ગત મહિનાની વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલનો હવાલો આપ્યો, જ્યાં પેટ કમિન્સ અને કાગીસો રબાડા બોલને સ્વિંગ કરવામાં સફળ રહ્યા હતા. મેકુલમે કહ્યું કે, 'તે કોઈ પણ રીતે બ્લોકબસ્ટર હશે. મને લાગે છે કે જો પિચ ઝડપી બોલરોને મદદ કરશે, તો તે એક શાનદાર મેચ હશે.'ઈંગ્લેન્ડે અગાઉ પોતાની આક્રમક રમત શૈલીને અનુરૂપ સપાટ પિચોને પ્રાથમિકતા આપી હતી. ટીમને લીડ્સમાં વધુ ઉછાળ વાળી પિચ પર પ્રથમ ટેસ્ટ પાંચ વિકેટથી જીતી મળી હતી, જ્યારે એજબેસ્ટનની 'ઉપખંડીય પરિસ્થિતિઓ'માં તેને કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. બીજી ટેસ્ટ પહેલા આર્ચરે ઈંગ્લેન્ડ સાથે પ્રેક્ટિસ કરી હતી. મેક્કુલમે કહ્યું કે, 'તે ચોક્કસપણે પસંદગી માટે ઉપલબ્ધ રહેશે. અમારા ફાસ્ટ બોલરોએ બે ટેસ્ટ મેચમાં સારું પ્રદર્શન કર્યું છે. એટકિન્સનને પણ લોર્ડ્સ માટે ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે.

**ઇંગ્લેન્ડે અત્યાર સુધીમાં લોર્ડ્સમાં ૧૪૫ મેચ રમી છેઃ ૫૯ મેચ જીતી**

# લોર્ડ્સમાં ભારતીય ટીમે ૧ ૨ મેચ હારી છે, જ્યારે ચાર મેચ ડ્રો રહી છે

નવીદિલ્હી,તા.૮

હવે ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ત્રીજી ટેસ્ટ મેચ યોજાવા જઈ રહી છે. અત્યાર સુધી બંને ટીમોએ એક-એક મેચ જીતી છે અને તેથી જ શ્રેણી બરાબર છે. ત્રીજી મેચ લોર્ડ્સના ઐતિહાસિક મેદાન પર રમાશે. જેને ક્રિકેટનું મક્કા પણ કહેવામાં આવે છે. ત્રીજી મેચ ૧૦ જુલાઈથી શરૂ થશે, ભારતીય ટીમે લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ પર અત્યાર સુધીમાં ૧૯ ટેસ્ટ મેચ રમી છે. આ સમય દરમિયાન, ઘણી મેચ જીતી નથી, પરંતુ ટીમ ઈન્ડિયા ત્રણ મેચ જીતવામાં સફળ રહી છે. આ દરમિયાન, ભારતીય ટીમે ૧૨ મેચ હારી છે, જ્યારે ચાર મેચ ડ્રો રહી છે. ભલે ભારતે લોર્ડ્સમાં ત્રણ મેચ જીતી હોય, પરંતુ આ પછી પણ



ભારતનો રેકોર્ડ ખૂબ સારો નથી. હવે શુભમન ગિલની કેપ્ટનશીપમાં, ટીમ ઈન્ડિયાની કસોટી થશે કે શું ભારતીય ટીમ આ વખતે પણ જીત નોંધાવી શકશે કે પાછળ રહી જશે.

આ દરમિયાન, જો આપણે ઈંગ્લેન્ડની વાત કરીએ, તો તે સ્પષ્ટ છે કે અંગ્રેજી ટીમે અહીં વધુ મેચ રમી છે. ઈંગ્લેન્ડે અત્યાર સુધીમાં લોર્ડ્સમાં ૧૪૫ મેચ રમી છે અને તેમાંથી ૫૯ મેચ જીતી છે અને ૩૫ મેચ હારી છે. અહીં ૫૧ મેચ ડ્રો રહી છે. ભારતીય ટીમે જે રીતે શ્રેણીની બીજી મેચ જીતી છે, તેનાથી ઈંગ્લેન્ડની ટીમ હાલમાં તણાવમાં રહેશે, કારણ કે જો આગામી મેચ હારી જાય છે, તો શ્રેણી પણ જોખમમાં મુકાઈ જશે. ભારતે છેલ્લે ૨૦૦૭માં અહીં શ્રેણી જીતી હતી, ત્યારથી તેઓ ખાલી હાથે મેદાન પર ઉતર્યા છે. હવે જોવાનું એ રહેશે કે આ વખતે પરિણામ શું આવે છે.

ભારતીય ટીમ આ સમયે પરિવર્તનના તબક્કામાંથી પસાર થઈ રહી હશે, પરંતુ યુવા ખેલાડીઓની સેનાએ પણ સારું પ્રદર્શન કર્યું છે, તેથી એક આશા છે. હવે ત્રીજી મેચ શ્રેણી કઈ દિશામાં જઈ રહી છે તે અંગે ઘણું નક્કી કરશે. જોકે, અત્યાર સુધી આવેલા સમાચાર દર્શાવે છે કે લોર્ડ્સની પિચ એવી નહીં હોય કે ઘણા બધા રન બને, એટલે કે આ વખતે બોલરોને મદદ મળે અને શક્ય છે કે વધુ રન બનતા ન દેખાય.

**ઘણા ભૂતપૂર્વ અને વર્તમાન ખેલાડીઓને જવાબદારી સોંપવામાં આવી**

# પીસીબીનો ઘરેલું ક્રિકેટ માળખામાં ફેરફાર ટ્રોફીમાં ટીમોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો

ઇસ્લામાબાદ, તા.૮

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ કોઈ સર્કસથી ઓછું નથી. તેના વિચિત્ર નિર્ણયોને કારણે,પીસીબી સતત હેડલાઈન્સમાં રહે છે. આ વખતે પણ પીસીબીએ આવો નિર્ણય લીધો છે, જેના કારણે ત્યાંના ઘરેલુ ક્રિકેટ માળખામાં મોટો ફેરફાર થયો છે. આ ઉપરાંત,પીસીબીએ વર્ષ ૨૦૨૪ માં શરૂ થયેલી એક મહત્વપૂર્ણ ટુર્નામેન્ટ બંધ કરવાનો નિર્ણય લીધો છે.પીસીબીએ તેની સૌથી સફળ ડોમેસ્ટિક ક્રિકેટની ફર્સ્ટ ક્લાસ ટુર્નામેન્ટ, કાયદ-એ-આઝમ ટ્રોફીમાં ટીમોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો કર્યો છે, જેમાં સૌથી વધુ વખત આ ખિતાબ જીતનાર ટીમો હવે ટુર્નામેન્ટમાંથી





બહાર થઈ ગઈ છે.પીસીબીએ કાયદ-એ-આઝમ ટ્રોફીમાં ટીમોની સંખ્યા ઘટાડવાનો નિર્ણય લીધો છે, જેમાં તેમણે ટીમોની સંખ્યા ૧૮ થી ઘટાડીને ૮ કરી છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના આ નિર્ણયમાં સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે કરાચી, કરાચી વ્હાઈટ્સ અને કરાચી બ્લૂઝની બે ટીમો, જેમણે અત્યાર સુધી સૌથી વધુ વખત આ ટ્રોફી જીતી છે, તે બહાર થઈ ગઈ છે. આ બંને ટીમોએ મળીને અત્યાર સુધી કુલ ૨૧ વખત કાયદ-એ-આઝમ ટ્રોફી જીતી છે.હવે આ બંને ટીમો નોન-ફર્સ્ટ ક્લાસ ટુર્નામેન્ટ હનીફ મોહમ્મદ ટ્રોફીમાં રમશે, જેમાં તેમના સિવાય ૧૦ વધુ ટીમો પણ ભાગ લેશે અને ટોચની ૨ ટીમોને કાયદ-એ-આઝમ ટ્રોફીમાં રમવાની તક મળશે, જેમાં પહેલાથી જ ૬ ટીમો ઇસ્લામાબાદ, સિયાલકોટ, બહાવલપુર, લાહોર રિજન વ્હાઈટ્સ, પેશાવર અને એબોટાબાદ ટીમોને સીધી પ્રવેશ મળી ચૂક્યો છે. આ ટુર્નામેન્ટ ૨૨ સપ્ટેમ્બરથી શરૂ થશે જેમાં ફાઈનલ મેચ ૩ થી ૭ નવેમ્બર સુધી રમાશે.વર્ષ ૨૦૨૪ માં પણ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે ઘરેલુ ક્રિકેટમાં મોટા ફેરફારો કર્યા હતા, જેમાં તેમણે ચેમ્પિયન્સ કપ શરૂ કર્યો હતો. આમાં, પાકિસ્તાન ટીમના ઘણા ભૂતપૂર્વ અને વર્તમાન ખેલાડીઓને મોટી જવાબદારી સોંપવામાં આવી હતી,

**યશ તેની સાથે છેલ્લા પાંચ વર્ષથી સંબંધમાં હતો**

# યશ દયાલે ઘણી છોકરીઓ સાથે સંબંધ બનાવ્યા : યુવતીનો ગંભીર આરોપ

બેંગ્લોર,તા.૮

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરના સ્ટાર ખેલાડી યશ દયાલની મુશ્કેલીઓ વધી રહી છે. તાજેતરમાં જ એક છોકરીએ તેના પર લગ્નની લાલચ આપીને આર્થિક, માનસિક અને શારીરિક શોષણનો આરોપ લગાવ્યો હતો. હવે આ કેસમાં ક્રિકેટર વિરુદ્ધ FIR નોંધવામાં આવી છે. ગાઝિયાબાદના ઇન્દિરાપુરમ પોલીસ સ્ટેશનમાં મ્હજી ની કલમ ૬૯ હેઠળ યશ વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. આ બિન-જામીનપાત્ર કલમ છે અને જો યશ દોષિત ઠરે છે, તો તેને વધુમાં વધુ ૧૦ વર્ષની સજા થઈ શકે છે.

તમને જણાવી દઈએ કે, પીડિત યુવતીએ થોડા દિવસો પહેલા મુખ્યમંત્રી પોર્ટલ પર ફરિયાદ કરી હતી. પછી ૩૦ જૂને પોલીસે યુવતીનું નિવેદન નોંધ્યું હતું અને તેની પાસેથી પુરાવા લીધા



હતા અને યશને પોતાનો પક્ષ રજૂ કરવા અને નિવેદન આપવા માટે બે દિવસનો સમય આપવામાં આવ્યો હતો.

યશ દયાલ વિરુદ્ધ નોંધાયેલી એફઆઈઆરમાં યુવતીએ આરોપ લગાવ્યો છે કે યશ તેની સાથે છેલ્લા પાંચ વર્ષથી સંબંધમાં હતો અને ક્રિકેટરે લગ્નનું ખોટું વચન આપીને યુવતી સાથે શારીરિક સંબંધો બનાવ્યા હતા. એફઆઈઆર મુજબ, "મારી ફરિયાદ યશ દયાલ વિરુદ્ધ છે, જે એક ક્રિકેટર છે. હું તેની સાથે છેલ્લા ૫ વર્ષથી સંબંધમાં હતી. તે લગ્નના ખોટા વચનો આપીને સતત મારી સાથે શારીરિક સંબંધો બનાવતો હતો. તેણે મને તેના પરિવાર સાથે પરિચય કરાવ્યો જે મારી સાથે પુત્રવધૂ જેવો વ્યવહાર કરતા હતા અને મેં આ સંબંધને સંપૂર્ણ પ્રામાણિકતા અને સમર્પણ સાથે પૂર્ણ કર્યો." યુવતીએ આગળ આરોપ લગાવ્યો, "પરંતુ સત્ય એ હતું કે તેણે આ સંબંધનો ઉપયોગ ફક્ત શારીરિક અને ભાવનાત્મક શોષણ માટે કર્યો. જ્યારે પણ મેં તેના છેતરપિંડી અને અન્ય યુવતીઓ સાથેના તેના સંબંધો વિશે શંકા દર્શાવી, ત્યારે તે મારા પર શારીરિક હુમલો કરતો અને પછી માફી માંગીને મને સાંત્વના આપતો.

**કુલદીપ યાદવ ત્રીજી ટેસ્ટમાં પણ નહીં રમે?**

# એજબેસ્ટનની જીત હંમેશા મારી યાદોમાં રહેશે : ગિલ

બર્મિંગહામ, તા.૮

ભારતના કેપ્ટન શુભમન ગિલે બર્મિંગહામમાં ટેસ્ટ સિરીઝ બરાબર કરનારી શાનદાર જીતને યાદગાર ગણાવી છે. તેમણે કહ્યું કે જ્યારે પણ તેઓ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેશે, ત્યારે એજબેસ્ટનમાં ઈંગ્લેન્ડ સામે ભારતને પહેલી ટેસ્ટ જીત અપાવવી તેમની સૌથી પ્રિય યાદોમાંની એક હશે.૨૫ વર્ષીય ગિલની કેપ્ટનશીપની શરૂઆત ભારતે લીડ્સમાં શ્રેણીની શરૂઆતી મેચ ગુમાવવાથી કરી હતી, પરંતુ ભારતીય ટીમે શાનદાર વાપસી કરી અને બીજી મેચ ૩૩૬ રનના મોટા માર્જિનથી જીતી હતી. ટેસ્ટ ક્રિકેટમાં આ મેદાન પર ભારતની આ પહેલી જીત છે.ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ દ્વારા શેર કરાયેલા એક વીડિયોમાં ગિલે કહ્યું, આ એવી વસ્તુ છે જેને હું મારા બાકીના જીવનભર યાદ રાખીશ. મને લાગે છે કે જ્યારે પણ હું નિવૃત્તિ લઈશ, ત્યારે આ મારી સૌથી પ્રિય યાદોમાંની એક હશે. મારે આ મેચનો છેલ્લો કેચ પકડવો પડ્યો અને હું ખૂબ જ સંતુષ્ટ અને ખુશ છું કે અમે આ મેચ જીતી શક્યા. હજુ ત્રણ મહત્વપૂર્ણ મેચ બાકી છે. આ મેચ પછી ઝડપી પરિવર્તન આવશે અને મને લાગે છે કે તે સારું છે કારણ કે હવે લય અમારી સાથે છે.ગિલે ઉમેર્યું કે, બધા ખેલાડીઓએ પોતાની જવાબદારીઓ સારી રીતે નિભાવી હતી. જે રીતે બધાએ બોલ અને બેટથી યોગદાન આપ્યું તે ખૂબ જ સકારાત્મક બાબત છે. આ જ વસ્તુ ટીમને ચેમ્પિયન બનાવે છે અને આ આપણા માટે એક સારો સંકેત છે. ભારતીય કેપ્ટને ડ્રેસિંગ રૂમમાં પોતાના સંબોધનમાં પોતાના સાથી ખેલાડીઓની પ્રશંસા કરતા કહ્યું કે, અમે આ સ્થાન પ્રાપ્ત કરવા માટે ખૂબ જ મહેનત કરી છે. હું જાણું છું કે ટેસ્ટ મેચ જીતવી કેટલી મુશ્કેલ છે, ખાસ કરીને આ મેદાન પર જ્યાં અમે પહેલાં કોઈ ટેસ્ટ જીતી શક્યા નથી. હું ફક્ત એટલું જ કહેવા માંગુ છું કે મને આપણા બધા પર ગર્વ છે, કારણ કે મને લાગે છે કે પહેલા દિવસે આપણે કહ્યું હતું કે ટેસ્ટ મેચ જીતવા માટે આપણે બધાએ યોગદાન આપવું પડશે અને બધાએ તેમાં યોગદાન આપ્યું છે.ભારતીય કેપ્ટન શુભમન ગિલે કહ્યું કે કુલદીપ યાદવ જેવા વિકેટ લેનારા સ્પિનરને પ્લેઈંગ ઈલેવનમાં રાખવું હંમેશા આકર્ષક હોય છે, પરંતુ લીડ્સમાં નીચલા ક્રમના ખેલાડી બે વાર સસ્તામાં આઉટ થયા પછી, બેટિંગમાં ઊંડાણ ઉમેરવા માટે ઈંગ્લેન્ડ સામે એજબેસ્ટન ટેસ્ટમાં વોશિંગ્ટન સુંદરને પસંદ કરવામાં આવ્યો હતો.



**અજબ ગજબ** — **આપણી પૃથ્વી ગરમી ખૂબ સારી રીતે જાળવી રાખે છે, તેથી આપણે તરત જ થીજીશું નહીં**

# જો સૂર્ય ૧ મિનિટ માટે પૃથ્વી પરથી ગાયબ થઈ જાય તો શું થશે?



જો સૂર્ય પૃથ્વી પરથી માત્ર એક મિનિટ માટે ગાયબ થઈ જાય, એટલે કે તે પોતાનો પ્રકાશ અને ગરમી આપવાનું બંધ કરી દે, તો પૃથ્વી પર તેની શું અસર થશે? **Quora** પર એક યુઝરે આ પ્રશ્ન પૂછ્યો છે. શું તમે ક્યારેય વિચાર્યું છે કે જો આપણો સૂર્ય, જે આપણને પ્રકાશ અને ગરમી આપે છે, અચાનક એક મિનિટ માટે કામ કરવાનું બંધ કરી દે, એટલે કે તે પૃથ્વી પર દેખાતો નથી, તો શું થશે? શું દુનિયાનો અંત આવશે? કે પછી લોકો માટે જીવવું અશક્ય બની જશે? આ પ્રશ્ન કોઈ સાયન્સ ફિક્શન ફિલ્મના પ્લોટ જેવો લાગે છે, પરંતુ જ્યારે કોઈએ **Quora** પર આ પ્રશ્ન પૂછ્યો, ત્યારે ઘણા લોકોએ તેના પર પોતાના રસપ્રદ અભિપ્રાય આપ્યા. કેટલાક લોકોએ કહ્યું કે એક મિનિટ ભૂલી જાઓ, જો સૂર્ય ૮.૫ મિનિટ



માટે ગાયબ થઈ જાય, તો પણ પૃથ્વી પર કોઈ ફરક પડશે નહીં, પરંતુ જો સૂર્ય આનાથી વધુ સમય માટે દેખાતો નથી, તો તે વિનાશનું કારણ બની શકે છે.પહેલી અને સૌથી મહત્વની વાત એ છે કે જો સૂર્ય અચાનક બંધ થઈ જાય, તો આપણને તેના વિશે તરત જ ખબર નહીં પડે. આનું કારણ એ છે કે સૂર્યપ્રકાશ પૃથ્વી સુધી પહોંચવામાં લગભગ ૮.૫ મિનિટ લાગે છે. એટલે કે, જો સૂર્ય હમણાં બંધ થઈ જાય, તો પણ આપણે ૮.૫ મિનિટ સુધી તેનો પ્રકાશ જોઈ શકીશું. અન્વેષા નાગા કહે છે કે જે લોકો દિવસના પ્રકાશમાં છે તેઓ ૮.૫ મિનિટ પછી જ અંધારું અનુભવશે. આ ટૂંકા ગાળામાં પૃથ્વીને કોઈ ખાસ નુકસાન થશે નહીં. આપણી પૃથ્વી ગરમી ખૂબ સારી રીતે જાળવી રાખે છે, તેથી આપણે તરત જ થીજીશું નહીં. તે જ સમયે, ક્રિસ વુડ કહે છે કે તે બરાબર એવું જ હશે કે દિવસ દરમિયાન એક મિનિટ માટે અચાનક રાત થઈ જાય. તે જ સમયે, બિલ ટબ્સે તેની તુલના સૂર્યગ્રહણ સાથે કરી, જ્યાં દિવસ દરમિયાન થોડા સમય માટે અંધારું થઈ જાય છે. આ ચોક્કસપણે લોકોમાં થોડી ઉત્સુકતા પેદા કરશે, કદાચ કેટલીક જગ્યાએ ટ્રાફિક અકસ્માતો વધી શકે છે, પરંતુ થર્મલ એટલે કે ગરમીની દ્રષ્ટિએ કોઈ નોંધપાત્ર અસર થશે નહીં, કારણ કે એક મિનિટ ખૂબ જ ટૂંકી છે.

નિષ્ણાતોના મતે, એક મિનિટ માટે સૂર્ય ગાયબ થવાથી કોઈ મોટો ફેરફાર નહીં આવે. કેટલાક લોકોને ખબર પણ નહીં હોય કે સૂર્ય ગાયબ થઈ ગયો છે. જો વાત મિનિટોની જગ્યાએ અઠવાડિયા કે મહિનાઓની હોય, તો તેની લાંબા ગાળાની અસર પડી શકે છે. નિષ્ણાતોએ જણાવ્યું હતું કે જો સૂર્ય એક અઠવાડિયા માટે ગાયબ થઈ જાય, તો નાના છોડ મરવા લાગશે. પૃથ્વીનું સરેરાશ તાપમાન લગભગ ૦ ડિગ્રી સેલ્સિયસ (૩૨ ડિગ્રી ફેરનહીટ) સુધી ઘટી જશે. બીજી બાજુ, જો સૂર્ય થોડા મહિનાઓ માટે ગાયબ થઈ જાય, તો પ્રકાશસંશ્લેષણ સંપૂર્ણપણે બંધ થઈ જશે, જેના કારણે છોડ મરવા લાગશે. જો કે, મોટા વૃક્ષો સૂર્યપ્રકાશ વિના પણ થોડા દાયકાઓ સુધી ટકી શકે છે. થોડા મહિનામાં, સમુદ્રનો ઉપરનો સ્તર થીજી જવા લાગશે, પરંતુ સમગ્ર સમુદ્રને થીજી જવા માટે બીજા હજાર વર્ષ લાગી શકે છે.**Quora** પરના લોકોએ સ્પષ્ટપણે કહ્યું હતું કે માત્ર એક મિનિટ માટે સૂર્ય અસ્ત થવાથી પૃથ્વી પર કોઈ મોટો વિનાશ નહીં થાય.

### ગ્રીન ઈન્ડિયા મિશન હેઠળ કોલસા ખાણકામથી થતાં પર્યાવરણીય નુકસાનને ઘટાડવાના મોટા ધ્યેયનો એક ભાગ છે

# ભારતમાં કોલસાનું ઉત્પાદન ૧,૦૦૦ મેટ્રિક ટન વટાવી ગયું

## પુરવઠાની સ્થિતિમાં સુધારો અને નીતિગત સમર્થનને કારણે કોલસાના ભાવમાં સતત ઘટાડો થયો છે, જે નાણાકીય વર્ષ ૨૦૨૬ માં પણ ચાલુ રહેવાની અપેક્ષા

નવી દિલ્હી,તા.૮

માર્ચ ૨૦૨૫ માં ભારતનું કોલસા ઉત્પાદન ૧,૦૦૦ મિલિયન ટન (MT) ના આંકને વટાવી ગયું, જે સતત નીતિગત સુધારાઓ અને વધતી જતી વીજળીની માંગને કારણે એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. CareEdge ના તાજેતરના અહેવાલ મુજબ, કુલ વપરાશમાં સ્થાનિક કોલસાનો હિસ્સો ૭૭.૭ ટકાથી વધીને ૮૨.૫ ટકા થયો છે, જેને જાન્યુઆરી ૨૦૨૫ સુધી ૧૮૪ કોલસા ખાણોની ફાળવણી દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે.

પુરવઠાની સ્થિતિમાં સુધારો અને નીતિગત સમર્થનને કારણે કોલસાના ભાવમાં સતત ઘટાડો થયો છે, જે નાણાકીય વર્ષ ૨૬ માં પણ ચાલુ રહેવાની અપેક્ષા છે. ભારતનું લક્ષ્ય નાણાકીય વર્ષ ૨૬ માં સ્થાનિક ઉત્પાદન ૧.૧૫ અબજ ટન સુધી વધારવાનું છે, જે તેની કુલ કોલસાની જરૂરિયાતના ૮૩ ટકાને પૂર્ણ કરી શકે છે અને વધુ ઊર્જા આત્મનિર્ભરતા તરફના તેના માર્ગને મજબૂત બનાવી શકે છે.

કેરએજ એડવાઈઝરીના સિનિયર ડિરેક્ટર તન્વી શાહના જણાવ્યા અનુસાર, ભારતમાં કોલસાના ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો થયો છે, જેના કારણે કોલસા આધારિત થર્મલ પાવર પ્લાન્ટ્સમાંથી વીજ ઉત્પાદનમાં વધારો થયો છે. જોકે, રાજ્ય સરકારની નીતિઓ, ભૌગોલિક સ્થાન, વીજ ઉત્પાદન સ્રોત અને સંકળાયેલ ગ્રીડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને હવામાન પરિસ્થિતિઓ જેવા વિવિધ પરિબળો વીજળીની વિશ્વસનીયતા, આઉટેજ અને વીજળીની પરવડે તેવી ક્ષમતાને અસર કરે છે.

ઈંડ ભારત સાથેની વાતચીત દરમિયાન તેમણે ભાર મૂક્યો કે ભારત હવે સ્થાનિક ઉત્પાદન દ્વારા તેની કોલસાની માંગના ૮૨ ટકાથી વધુને પૂર્ણ કરે છે. સ્થાનિક કોલસા પર વધતી જતી નિર્ભરતાને કારણે કોલસા આધારિત પાવર પ્લાન્ટ માટે ઉત્પાદન ખર્ચ ઘટાડવામાં મદદ મળી છે. જો કે, આ બચત ગ્રાહકો માટે ઓછા વીજળી બિલમાં પરિણમી શકે નહીં, કારણ કે ટ્રાન્સમિશન અને વિતરણ નુકસાન, વ્હીલિંગ ચાર્જ, સરકારી સબસિડી અને અન્ય ચાર્જ જેવા અન્ય પરિબળો પણ ભૂમિકા ભજવે છે.



ભારત નાણાકીય વર્ષ ૨૦૨૬ માં ૧.૧૫ અબજ ટન કોલસા ઉત્પાદન મેળવવાનું લક્ષ્ય ધરાવે છે, તેથી સરકાર એ પણ સુનિશ્ચિત કરી રહી છે કે કોલસાની નિર્ભરતામાં વધારો લાંબા ગાળાની ટકાઉપણું સાથે સમાધાન ન કરે. તન્વીએ ભાર મૂક્યો કે કોલસા ખાણકામમાં ટકાઉપણું તરફના સૌથી મહત્વપૂર્ણ પગલાંઓમાંનું એક ખાણકામ કરેલી જમીનનું પુનઃસ્થાપન છે.

કોલ ઈન્ડિયા લિમિટેડ (CIL) અને સિંગરેની કોલિયરીઝ કંપની લિમિટેડ (SCCL) જેવી કંપનીઓ વૃક્ષો વાવીને અને માટી સુધારીને અગાઉ ખોદકામ કરાયેલા વિસ્તારોમાં જીવન પાછું લાવવા માટે કામ કરી રહી છે. આ પ્રયાસો ગ્રીન ઈન્ડિયા મિશન હેઠળ કોલસા ખાણકામથી થતા પર્યાવરણીય નુકસાનને ઘટાડવાના મોટા ધ્યેયનો એક ભાગ છે, એમ તેમણે ઉમેર્યું.

તેમના મતે, બીજું મહત્વનું પગલું કાર્બન કેપ્ચર અને સ્ટોરેજ ટેકનોલોજીનું પરીક્ષણ છે, જેને ઉર્જા મંત્રાલય અને અન્ય સંસ્થાઓ દ્વારા સમર્થન આપવામાં આવી રહ્યું છે. આ પાયલોટ પ્રોજેક્ટ્સ હજુ પણ પ્રારંભિક તબક્કામાં છે, પરંતુ તેઓ દર્શાવે છે કે ભારત ઔદ્યોગિક ઉત્સર્જન ઘટાડવાના માર્ગો શોધી રહ્યું છે, એવા ક્ષેત્રોમાં પણ જે સામાન્ય રીતે મોટા પ્રમાણમાં કાર્બન છોડે છે. વધુમાં, માર્ચ ૨૦૨૫ માં યોજાયેલી વાણિજ્યિક કોલસાની હરાજીના ૧૨મા રાઉન્ડમાં, સરકારે પર્યાવરણીય, સામાજિક અને શાસન આવશ્યકતાઓનો સમાવેશ કર્યો હતો. બિડરોએ હવે તેમની પ્રોજેક્ટ યોજનાઓના ભાગ રૂપે ચોક્કસ પર્યાવરણીય અને ટકાઉપણું ધોરણોને પૂર્ણ કરવા આવશ્યક છે.કિંમતો પર આ પહેલોની અસર અંગે, CareEdge માને છે કે આવશ્યક ચીજવસ્તુઓ અને સેવાઓના અંતિમ ભાવ તેની ઉત્પાદન પ્રક્રિયા મૂલ્ય શૃંખલામાં વીજ વપરાશના ટકાવારી પર આધારિત છે. ઉપરાંત, વીજળીનો ખર્ચ વીજ પુરવઠા મિશ્રણ, ઉદ્યોગની પ્રકૃતિ અને સરકારી સબસિડી પર આધારિત છે.અહેવાલમાં એવું પણ સૂચવવામાં આવ્યું છે કે છેલ્લા પાંચ વર્ષમાં કોલસાનું ઉત્પાદન ૧૦ ટકાના ચક્રવૃદ્ધિ વાર્ષિક વૃદ્ધિ દરે સ્થિર રીતે વધ્યું છે. સિંગલ વિન્ડો ક્લિયરન્સ સિસ્ટમ, માઈન ડેવલપર અને ઓપરેટર (MDO) મોડેલ, ૧૦૦ ટકા FDI ભથ્થું અને માઈન અને મિનરલ ડેવલપમેન્ટ રેગ્યુલેશન એક્ટમાં સુધારા જેવા મુખ્ય નીતિગત પગલાંએ કામગીરીને સુવ્યવસ્થિત કરવામાં અને ઉત્પાદનને વેગ આપવામાં મદદ કરી છે.

### જન પ્રતિનિધિ પર ખોટા કેસ કરી લોકતંત્રની હત્યા

## આમ આદમી પાર્ટી, આદિવાસી સંગઠનો અને આદિવાસી આગેવાનોએ આવેદનપત્ર પાઠવ્યું

ભરૂચ, તા.૮

આમ આદમી પાર્ટીના ડેડિયાપાડા ધારાસભ્ય ચૈતર વસાવા દ્વારા દેડિયાપાડા ખાતે એટીવીટીના આયોજનની મિટિંગમાં મારામારીના કેસમાં કરવામાં આવેલી ધરપકડના વિરોધમાં ગતરોજ આમ આદમી પાર્ટીના ભરૂચ, વિવિધ આદિવાસી સંગઠનો, આગેવાનોએ ભરૂચ ખાતે કલેકટરના માધ્યમથી મુખ્યમંત્રીને આવેદનપત્ર આપ્યું હતું.

આવેદનકર્તાઓએ જણાવ્યું હતું કે રૂ.૨,૦૦૦ કરોડથી વધુના મનરેગા કૌભાંડને ઉજાગર કરનાર આમ આદમી પાર્ટીના ડેડિયાપાડા ધારાસભ્ય ચૈતર વસાવાની છબી ખરાબ કરવા અને જનહિતના પ્રશ્નો ઉઠાવતા રોકવા માટે ભાજપ દ્વારા પોલીસ તંત્ર સાથે મળીને ખોટો કેસ કરાવવામાં આવ્યો છે અને પોલીસ પાસે ધરપકડ કરાવી છે. જનતા દ્વારા ચૂંટવામાં આવેલ જન પ્રતિનિધિ જો મિટિંગમાં પોતાની વાતની રજૂઆત ન કરી શકે અને રજૂઆત કરતા પણ તેમને રોકવામાં આવે તો એ ખુલ્લેઆમ લોકતંત્રની હત્યા છે.

પેસા એક્ટ અને એફ.આર.એ. એક્ટના અમલ ન થવાના કારણે જે ખનીજ ચોરી થઈ રહી છે, આ સિવાય મનરેગા જેવા અનેક ભ્રષ્ટાચારો થઈ રહ્યા છે તેના વિરુદ્ધ આદિવાસી સમાજના અવાજને દબાવવા માટે સરકાર દ્વારા અને પોલીસ તંત્ર દ્વારા આ પગલું ભરવામાં આવ્યું હોય તેવું લાગી રહ્યું છે.

**પોલીસની કામગીરીથી સ્પષ્ટ દેખાઈ રહ્યું છે કે સરકારના દબાણમાં પોલીસ તંત્રએ પગલું ભર્યું છે: AAP**

આમ આદમી પાર્ટી તંત્રના આ પગલાને સખત શબ્દોમાં વખોડે છે અને સરકાર સામે માંગણી કરે છે કે આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા વિરુદ્ધ ખોટો કેસ દાખલ કરનાર અધિકારીઓ વિરુદ્ધ સખતમાં સખત પગલાં લેવામાં આવે અને આ સમગ્ર ઘટનાની ઊંડી તપાસ કરવામાં આવે. તેના વિરોધમાં આજે આમ આદમી પાર્ટીના ભરૂચના સંગઠને કલેકટરના માધ્યમથી મુખ્યમંત્રીને આવેદનપત્ર પણ સોંપ્યું હતું. આદમી પાર્ટીના ભરૂચ જિલ્લા પ્રમુખ પિયુષ પટેલ, ઝઘડિયા વિધાનસભા પ્રભારી સંદીપ વસાવા, અંકલેશ્વર પ્રભારી નીતિન વસાવા, આદિવાસી આગેવાન રજની વસાવા, આદિવાસી આગેવાન રાકેશ વસાવા સહીત આદિવાસી સંગઠનો, આગેવાનો તેમજ મોટી સંખ્યામાં આદિવાસી સમાજના લોકો આવેદન સમયે જોડાયા હતા. જનતા દ્વારા ચૂંટવામાં આવેલ જન પ્રતિનિધિ જો મિટિંગમાં પોતાની વાતની રજૂઆત ન કરી શકે અને રજૂઆત કરતા પણ તેમને રોકવામાં આવે તો એ ખુલ્લેઆમ લોકતંત્રની હત્યા છે.

### રાજપીપળાથી સ્ટેચ્યૂ ઓફ યુનિટીને જોડતો રોડ બિસમાર, ઠેર ઠેર ખાડા

# એસઓયુને જોડતા રોડમાં ખાડા પડી જતાં દિશા કમિટીની બેઠકમાં મનસુખ વસાવા ગુસ્સે ભરાયા

## નેશનલ હાઈવેના અધિકારી હાજર ન રહેતા નીતિન ગડકરીને ફરિયાદ કરશે

રાજપીપળા,તા.૮

વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડતો રાજપીપળાથી કેવડીયા વચ્ચેનો રોડ તદ્દન બિસ્માર બની જતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.લગભગ ૨૦ કિમીથી પણ વધુ લાંબા રોડ પર મોટા મોટા ખાડા પડી જતા રાહદારીઓ અકસ્માતનો ભોગ બની રહ્યા છે.બીજી બાજુ આ રોડ બન્યે થોડો જ સમય થયો ત્યાતો ખાડા પડી જતા રોડ બનાવવામાં મોટો ભ્રષ્ટાચાર થયો હોવાનુ પણ ચર્ચાઈ રહ્યો છે.વેહલી તકે આ રોડનું સમારકામ થાય એ જરૂરી બન્યું છે.



રાજપીપળાથી સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડતો રોડ સહિત અન્ય રોડ પર મસ મોટા ખાડા પડી ગયાં હોવા બાબતે ભાજપ સાંસદ મનસુખ વસાવાએ દિશા કમિટીની બેઠકમાં મુદ્દો ઉઠાવ્યો હતો.જો કે રેલ્વે વિભાગ, નેશનલ હાઈવે સહિત અન્ય સંબંધિત અધિકારીઓ બેઠકમાં હાજર ન રહેતા મનસુખ વસાવા ગુસ્સે ભરાયા હતા.આ બાબતે મનસુખ વસાવાએ જણાવ્યું હતું કે સ્ટેચ્યુ ઓફ યુનિટી જવા સુધીનો રસ્તો જ ખરાબ છે.આ બેઠકમાં નેશનલ હાઈવે અને સ્ટેચ્યુ ઓફ યુનિટીના કેટલાક અધિકારીઓ ગેરહાજર હતા એમની પાસે હું ખુલાસો માંગીશ. રાજપીપળાથી અંકલેશ્વર સુધીનો રસ્તો પણ ખુબ ખરાબ છે.

મનસુખ વસાવાએ જણાવ્યું હતું કે નેશનલ હાઈવે વાળાનું કામ બગડી ગયું છે, નેશનલ હાઈવેની કચેરી વડિયા ગામમાં હોવા છતાં એ અધિકારીઓ બેઠકમાં આવ્યા નથી. રોડ રસ્તા બનાવવામાં નેશનલ હાઈવે જેટલું ધ્યાન આપવું જોઈએ એટલું ધ્યાન નથી આપતા.ભારત સરકાર સાથે જોડાયેલી એજન્સીના ઘણા અધિકારીઓ બેઠકમાં ગેરહાજર હતા એ બાબતે હું કેન્દ્ર સરકારમાં રજુઆત કરીશ.સ્ટેચ્યુ ઓફ યુનિટી જવા માટે નેશનલ અને સ્ટેટ હાઈવેનો રસ્તો પણ ખરાબ છે.સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડતો રોડ બિસ્માર છે એ બાબતે તથા દીશા કમિટીની બેઠકમાં નેશનલ હાઈવેના એક પણ અધિકારી હાજર ન રહેતા હું આ બાબતે નીતિન ગડકરીને ફરિયાદ કરીશ.

### બેંકિંગ અને રિયલ્ટી શેરો વધારા સાથે બંધ

## સેન્સેક્સ ૨૭૦ પોઈન્ટ વધીને ૮૩,૭૧૩ પર બંધ થયો: નિફ્ટી પણ ૬૧ પોઈન્ટ વધ્યો

મુંબઈ,તા.૮

અઠવાડિયાના બીજા કારોબારી દિવસે સેન્સેક્સ ૨૭૦ પોઈન્ટ વધીને ૮૩,૭૧૩ પોઈન્ટ પર બંધ થયો. નિફ્ટી પણ ૬૧ પોઈન્ટ વધીને ૨૫,૫૨૩ની સપાટીએ બંધ થયો.

સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૧૮ શેરોમાં તેજી રહી. ટાઈટનનો શેર લગભગ ૬% ઘટ્યો. કોટક મહિન્દ્રા બેંકનો શેર ૪% વધીને બંધ થયો. ઝોમેટો, એશિયન પેઈન્ટ્સ અને NTPCના શેરમાં તેજી રહી. નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૨૭માં તેજી અને ૨૩ ઘટ્યા. દ્રજીઈના ફાર્મા અને હેલ્થકેર સેક્ટર ઘટાડા સાથે બંધ થયા. IT, બેંકિંગ અને રિયલ્ટી શેરો વધારા સાથે બંધ થયા. એશિયન બજારોમાં, જાપાનનો નિક્કી ૦.૩૧% વધીને ૩૯,૭૧૧ પર અને કોરિયાનો કોસ્પી ૧.૧૪% વધીને ૩,૦૯૪ પર ટ્રેડ કરી રહ્યો છે.હોંગકોંગનો હેંગ સેંગ ઈન્ડેક્સ ૦.૮૬% ઘટીને ૨૪,૦૯૪ પર અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ૦.૫૮% વધીને ૩,૪૯૩ પર બંધ રહ્યો હતો.૭ જુલાઈના રોજ, અમેરિકાનો ડાઉ જોન્સ ૦.૯૪% ઘટીને ૪૪,૪૦૬ પર બંધ થયો. આ દરમિયાન નાસ્ડેક કમ્પોઝિટ ૦.૯૨% ઘટીને ૨૦,૪૧૨ પર અને S&P ૫૦૦ ૦.૭૯% ઘટીને ૬,૨૩૦ પર બંધ થયો.સ્થાનિક રોકાણકારોએ ૭ જુલાઈના રોજ ૧,૮૫૩ કરોડના શેર ખરીદ્યા૭ જુલાઈના રોજ, વિદેશી રોકાણકારો એ રોકડ સેગમેન્ટમાં રૂ. ૩૨૧.૧૬ કરોડના શેર વેચ્યા હતા. તે જ સમયે, સ્થાનિક રોકાણકારો એ રૂ. ૧,૮૫૩.૩૯ કરોડના શેર ખરીદ્યા હતા.

## શેરબજારમાં છૂટક રોકાણકારોએ ૧.૦૬ લાખ કરોડ ગુમાવ્યા

નવી દિલ્હી,તા.૮

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં, શેરબજારમાં ઈક્વિટી ડેરિવેટિવ્ઝ સેગમેન્ટ (EDS) માં લગભગ ૯૧ ટકા રિટેલ રોકાણકારોને નુકસાન થયું છે. બજાર નિયમનકાર સિક્યોરિટીઝ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI) ના એક અભ્યાસમાં આ આંકડા સામે આવ્યા છે. ૨૦૨૪-૨૫ માં પણ આવું જ વલણ જોવા મળ્યું હતું. SEBI એ સોમવારે જાહેર કરેલા એક અભ્યાસમાં જણાવ્યું હતું કે ભારતમાં ઈક્વિટી ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં નાના રિટેલ રોકાણકારોનું ચોખ્ખું નુકસાન ૨૦૨૫ માં ૪૧ ટકા વધીને રૂ. ૧.૦૬ લાખ કરોડથી વધુ થયું છે.

# ઉદયપુર એર ટર્મિનલ પ્રોજેક્ટ માટે ફરી ગુજરાતની કંપની પાવર એન્ડ ઈન્સ્ટ્રુમેન્ટેશને કોન્ટ્રેક્ટ અપાયો

અમદાવાદ, તા.૮

પાવર એન્ડ ઈન્સ્ટ્રુમેન્ટેશન (ગુજરાત) લિમિટેડ (પીઆઈજીએલ) ઈલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટિંગ અને ઈક્વિપમેન્ટ સેક્ટરની અગ્રણી કંપનીને રાજસ્થાનના પ્રતિષ્ઠિત ઉદયપુર એર ટર્મિનલ પ્રોજેક્ટ માટે ન્યાતિ એન્જિનિયરિંગ એન્ડ કન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ તરફથી તેનો પાંચમો મહત્વપૂર્ણ વર્ક ઓર્ડર આપવામાં આવ્યો છે.

રૂા.૨.૫૯ કરોડની કિંમતનો આ નવો કોન્ટ્રાક્ટ ભારતના મહત્વપૂર્ણ ઉડ્ડયન કેન્દ્રોમાંના એક માટે મહત્વપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને આકાર આપવામાં પીઆઈજીએસએલની મહત્વપૂર્ણ ભૂમિકાને મજબૂત બનાવે છે.

નવા ઓર્ડરમાં ઉદયપુર એર ટર્મિનલ પર ઈએલવી રેસવેઝ અને કેબલ ટ્રે વર્કની ડિઝાઈન, સપ્લાય, ઈન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગનો સમાવેશ થાય છે.

પાવર એન્ડ ઈન્સ્ટ્રુમેન્ટેશન (ગુજરાત) લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર પદ્મરાજ પદ્મનાભન પિલ્લઈએ જણાવ્યું હતું કે, ઉદયપુર એર ટર્મિનલ માટે સતત ઓર્ડર મેળવવા એ માત્ર એક વ્યવસાયિક ઉપલબ્ધિ જ નથી, પરંતુ અત્યંત જટિલ અને સંવેદનશીલ વાતાવરણમાં ચોકસાઈ-સંચાલિત ઈલેક્ટ્રિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરી પાડવાના અમારા વારસાને પ્રદર્શિત કરવાની એક મૂલ્યવાન તક છે.

### નામ બદલેલ છે

મારું જૂનું નામ: મેમન મોહમ્મદ અયાન મોહમ્મદ ઈમ્તિયાઝ હતું જે બદલીને નવું નામ: મેમણ મોહમ્મદ અયાન ઈમ્તિયાઝ રાખેલ છે

સરનામું એટ પોસ્ટ તાલુકો નસવાડી, જીલ્લો છોટાઉદેપુર

### સેન્ટ્રલ બેંક ઑફ ઈન્ડિયા / सेन्ट्रल बैंक ऑफ इण्डिया / Central Bank of India — CENTRAL TO YOU SINCE 1911

**તરસાલી શાખા વડોદરા**

APPENDIX – IV [See rule – 8(1)]

**કબજા અંગેની નોટિસ (FOR IMMOVABLE PROPERTY)**

આથી નીચે સહી કરનાર સેન્ટ્રલ બેંક ઑફ ઈન્ડિયા, તરસાલી શાખા ના અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઈઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ અને સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ્સ ૩ સાથે વાંચતા સેક્શન ૧૩(૨) અને ૧૩ (૧૨) હેઠળ પ્રાપ્ત થયેલ સતાની રૂઈએ કરજદાર શ્રી વકીલ કુમાર બિંદ અને શ્રીમતી નગીના દેવી બિંદ ને ડીમાન્ડ નોટીસ તા: ૦૧.૦૩.૨૦૨૫ ના રોજ પાઠવીને નોટીસમાં દર્શાવેલ રકમ રૂા. ૧૫,૩૧,૦૮૩.૬૯ (અંકે રૂા. પંદર લાખ એકત્રીસ હજાર ત્યાંસી અને ઓગણસીત્તેર પૈસા પુરા) (જે ૦૧.૦૩.૨૦૨૫ ના રોજના મુદ્દલ વત્તા વ્યાજનું પ્રતિનિધિત્વ કરે છે) પ્લસ વ્યાજ અને અન્ય ચાર્જીસ તા. ૦૧.૦૩.૨૦૨૫ થી આજની તારીખ સુધી આ નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર ભરપાઈ કરવા જણાવવામાં આવેલ છે.

કરજદારો રકમ ચૂકતે કરવામાં નિષ્ફળ ગયા હોય, આથી કરજદાર, જામીનદાર અને જાહેર જનતાને નોટીસ દ્વારા જણાવવામાં આવે છે કે, નીચે સહી કરનારે ઉપરોક્ત અધિનિયમના રૂલ ૮ સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ સાથે વાંચતા સેક્શન ૧૩(૪) ના અન્વયે પ્રાપ્ત અધિકારોની રૂઈએ નીચે દર્શાવેલ વિસ્તૃત મુજબ મિલકતનો કબ્જો તારીખ: ૦૨.૦૭.૨૦૨૫ ના રોજ લઈ લીધેલ છે. પછી તમે તમારા હોમ લોન ખાતામાં ફક્ત રૂ. ૪૩.૫૧ ચૂકવી દો.

કરજદારો અને જામીનદાર તથા જાહેર જનતાને સદર મિલકત સંદર્ભે કોઈપણ પ્રકારનો વ્યવહાર ન કરવા ચેતવણી આપવામાં આવે છે તેમજ જો કોઈ પણ વ્યવહાર કરશો તો સદર વ્યવહાર સેન્ટ્રલ બેંક ઑફ ઈન્ડિયા ની રકમ રૂા. ૧૫,૩૧,૦૮૩.૬૯ (અંકે રૂા. પંદર લાખ એકત્રીસ હજાર ત્યાંસી અને ઓગણસીત્તેર પૈસા પુરા) (જે ૦૧.૦૩.૨૦૨૫ ના રોજના મુદ્દલ વત્તા વ્યાજનું પ્રતિનિધિત્વ કરે છે) પ્લસ ૦૧/૦૩/૨૦૨૫ થી વ્યાજ અને અન્ય શુલ્ક બાદ કરીને ફક્ત રૂા. ૪૩.૫૧ રૂપિયા જે તમારા હોમ લોન ખાતામાં જમા થાય છે.

સિક્યોર્ડ મિલકત છોડાવવા ઉપલબ્ધ સમય બાબતે ઉક્ત સરફેશી એક્ટના સેક્શન ૧૩ ના સબ–સેક્શન (૮)ની જોગવાઈ તરફ કરજદારો નું ધ્યાન દોરવામાં આવે છે.

**સ્થાવર મિલકત નું વર્ણન**

બિન ખેતીલાયક જમીન નો આર.એસ. નં. ૬૧૧ ક્ષેત્રફળ ૪૧૪૮.૦૦ ચોરસ મીટર, ટી.પી. નં. ૪૩, એફ.પી. નં. ૬૩, ક્ષેત્રફળ મુજબ ફાઈનલ પ્લોટ ૨૪૮૮ ચોરસ મીટર, મોજે બાપોદ ની સીમમાં આવેલ, રજીસ્ટ્રેશન જીલ્લો વડોદરા, સબ જીલ્લો વડોદરા, જે 'કૃષ્ણા રેસીડેન્સી' નામની યોજના માં નિર્માણ કરેલ અને સ્કીમ માં ફ્લેટ નં. એ/૩૦૩, ટાવર–એ ના ત્રીજો માળે, તેનો કાર્પેટ એરીયા ૫૭.૭૩ ચોરસ મીટર, બાલ્કની/વોશ એરીયા ૨.૧૭ ચોરસ મીટર, પ્રમાણસર કોમન જમીન એરીયા ૨૮.૫૪ ચોરસ મીટર. ચતુસીમા: ઉત્તર: માર્જીન પછી એફ.પી. નં. ૬૪/૧, દક્ષિણ: લીફ્ટ પછી ફ્લેટ નં. એ/૩૦૨, પૂર્વ: ફ્લેટ નં. એ/૩૦૪, પશ્ચિમ: માર્જીન પછી ૧૮ મીટર રોડ.

તા.: ૦૮.૦૭.૨૦૨૫ -સ્થળ: વડોદરા — નોંધ: વિવાદની સ્થિતિમાં આ નોટીસનો અંગ્રેજી અનુવાદ માન્ય ગણાશે. — અધિકૃત અધિકારી, સેન્ટ્રલ બેંક ઑફ ઈન્ડિયા

### કેનરા બેંક Canara Bank — કેનેરા બેંક - વડોદરા રાવપુરા મેઈન શાખા

મુ.પો. નં. ૧૮૭, ગ્રાઉન્ડ ફ્લોર, લોહાણા બિલ્ડીંગ, પ્રો. માણેક રાવ રોડ, રાવપુરા, વડોદરા.

**ડિમાન્ડ નોટીસ**

**વિષય: સીક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસ્ટેટ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ની કલમ ૧૩(૨) હેઠળ ડિમાન્ડ નોટીસ**

કરજદારોએ અમારી બેંક પાસેથી સમયાંતરે નીચેની લોન/ક્રેડિટ સુવિધાઓનો લાભ લીધો છે:

| શાખા અને કરજદાર નું નામ - સરનામું | ગીરવે મુકેલ મિલકતનું વર્ણન | ડીમાન્ડ નોટીસ તારીખ | લોનની રકમ | કુલ બાકી લ્હેણાની રકમ |
|---|---|---|---|---|
| **વડોદરા રાવપુરા મેઈન શાખા** છાયા કમલકાંત મજુમદાર ૨૦૩ શારદા એવન્યુ, ખેડકર ફળીયુ, વડોદરા, ગુજરાત–૩૯૦૦૦૧ (કરજદાર અને મોર્ટગેજર) સંજય રઘુનાથરાવ દાભાડે ફ્લેટ નં. ૨૦૧, રજો માળ, સાંઈ લક્ષ્મી ગણેશ એપાર્ટમેન્ટ, રંગમહેલ રોડ પાસે, વાડી, વડોદરા, ગુજરાત–૩૯૦૦૦૧. (જામીનદાર) | તમામ ભાગ અને હિસ્સો બિન ખેતીલાયક પ્લોટ ની જમીન મોજે ટીકડા નં. ૯/૨, સી.એસ. નં. ૩૬/એ, સી.એસ. નં. ૩૬/બી/૧ ક્ષેત્રફળ ૧૪૨.૩૨૭૯ ચોરસ મીટર, પૈકી ૯૧૯.૪૫ ચોરસ ફુટ જેનુ બાંધકામ શ્રી શારદા એવન્યુ માં, ફ્લેટ નં. ૨૦૩, રજો માળ, સુપર બિલ્ટઅપ એરીયા ૮૯૦ ચોરસ ફુટ, વડોદરા. ચતુસીમા: ઉત્તર: કોમન પેસેજ અને ફ્લેટ નં. ૨૦૧, દક્ષિણ: ૩૬/બી પૈકી મિલકત, પૂર્વ: ૩૬/બી/૧/૨ પૈકી મિલકત, પશ્ચિમ: દાદર અને ફ્લેટ નં. ૨૦૨. | ૦૧.૦૭.૨૦૨૫ / એનપીએ તારીખ ૨૯.૦૬.૨૦૨૫ | Housing Loan A/c 70419740000022 ૧૫,૦૦,૦૦૦.૦૦ મંજુર થયેલ તારીખ ૦૩.૦૯.૨૦૧૬ વ્યાજનો દર (૨% પેનલ ચાર્જ સહિત) ૧૦.૮૦% | પ્રિન્સીપાલ રૂા. ૧૬,૩૦,૦૭૧.૧૩ વ્યાજ અને અન્ય ચાર્જીસ રૂા. ૪૯,૧૨૮.૭૮ કુલ બાકી રૂા. ૧૬,૭૯,૨૦૦.૯૧ |

ઉપરોક્ત લોન/ક્રેડિટ સવલતો અહીં આપેલા શેડ્યૂલમાં વધુ વિશિષ્ટ રીતે વર્ણવેલ અસ્કયામતોના મોર્ટગેજ દ્વારા, તમારા દ્વારા અમારી તરફેણમાં અમલમાં મૂકાયેલા સંબંધિત દસ્તાવેજોના આધારે યોગ્ય રીતે સુરક્ષિત છે. તમે નિર્ધારિત નિયમો અને શરતો અનુસાર તમારી જવાબદારીઓનું નિકાલ કરવામાં નિષ્ફળ ગયા હોવાથી, બેંકે ઉપર મુજબ દેવું એનપીએ તરીકે વર્ગીકૃત કર્યું છે.

આથી, અમે તમને વિષય અધિનિયમની કલમ ૧૩(૨) હેઠળ આ નોટિસ જારી કરીએ છીએ અને તમને ઉપરોક્ત રૂા. ૧૬,૭૯,૨૦૦.૯૧ ની સમગ્ર જવાબદારી ઉપાર્જિત અને અપ–ટુ–ડેટ વ્યાજ અને અન્ય ખર્ચાઓ સાથે, તારીખથી સાઠ દિવસની અંદર ડિસ્ચાર્જ કરવા માટે આહ્વાન કરીએ છીએ.

નોટિસ, જેમાં નિષ્ફળ થવા પર અમે વિષય અધિનિયમની કલમ ૧૩(૪) હેઠળના તમામ અથવા કોઈપણ અધિકારોનો ઉપયોગ કરીશું.

વધુમાં, તમે અમારી પૂર્વ સંમતિ વિના, કોઈપણ રીતે, શેડ્યૂલમાં ઉલ્લેખિત કોઈપણ સુરક્ષિત સંપત્તિઓ સાથે વ્યવહાર કરવા માટે આથી પ્રતિબંધિત છો.

આ વિષય અધિનિયમ અને/અથવા અમલમાં રહેલા અન્ય કોઈપણ કાયદા હેઠળ અમને ઉપલબ્ધ કોઈપણ અન્ય અધિકારો માટે પૂર્વગ્રહ વિના છે.

સિક્યોર્ડ મિલકત છોડાવવા ઉપલબ્ધ સમય બાબતે ઉક્ત એક્ટના સેક્શન ૧૩ ના સબ–સેક્શન (૮)ની જોગવાઈ તરફ તમારૂ ધ્યાન દોરવામાં આવે છે.

બાન્યના રેકોર્ડમાં ઉપલબ્ધ તમારા છેલ્લા જાણીતા સરનામાને કારણે રજિસ્ટર્ડ પોસ્ટ અભસ દ્વારા તમને ડિમાન્ડ નોટિસ પણ આપવામાં આવી હતી.

તા.: ૦૯.૦૭.૨૦૨૫- સ્થળ: વડોદરા — નોંધ: વિવાદની સ્થિતિમાં આ નોટીસનો અંગ્રેજી અનુવાદ માન્ય ગણાશે. — અધિકૃત અધિકારી – કેનેરા બેંક

### પશ્ચિમ રેલવે - અમદાવાદ મંડળ

**પાર્સલ લીઝિંગ કોન્ટ્રાક્ટ્સ માટે ઈ-હરાજી માટે આમંત્રણ કરવાની સૂચના**

અમદાવાદ મંડળના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજરનું કાર્યાલય-પશ્ચિમ રેલવે, અસારવા, નરોડા રોડ, અમદાવાદ - ૩૮૨૩૪૫; **Letter No. WR-ADI0COMM (9LPP)/3/૨૦૨૨ Date: ૦૮.૦૭.૨૦૨૫;** અમદાવાદ મંડળ પર થી ઉપડતી પેસેન્જર વહન કરતી ટ્રેનોમાં પાર્સલ સ્પેસ લિઝીંગ પર આપવા માટે ઈ-હરાજી આમંત્રિત કરવામાં આવે છે. કેટલોગ IREPS વેબસાઈટ પર પહેલાથી જ પ્રકાશિત થઈ છે. વિગતો નીચે મુજબ આપવામાં આવી છે:-

| કેટલોગ નં. | કોન્ટ્રાક્ટનો પ્રકાર | કેટેગરી | ઈ-હરાજીની તારીખ અને સમય |
|---|---|---|---|
| Lease-ADI-14-25 | પાર્સલ | પાર્સલ-SLR | તમામ લોટ્સ માટે ઈ-હરાજી તા. ૨૧-૦૭-૨૦૨૫ ના ૧૦:૦૦ કલાકે શરુ થશે. |
| Lease-ADI-15-25 | પાર્સલ | પાર્સલ-SLR અને પાર્સલ-પાર્સલ વાન | તમામ લોટ્સ માટે ઈ-હરાજી તા. ૨૨-૦૭-૨૦૨૫ ના ૧૦:૦૦ કલાકે શરુ થશે. |

**નોંધ:** સંભવિત બોલી લગાવનારાઓને IREPS વેબસાઈટ **(www.ireps.gov.in)** પર ઇ-ઓક્શન લીઝિંગ મોડ્યુલની મુલાકાત લેવા વિનંતી છે. ઉપરોક્ત કેટલોગ નંબર હેઠળ લોટ-વાઇઝ વિગતો ઉપલબ્ધ છે. પ્રારંભિક ક્લોઝિંગ ઓફ પિરિયડ 30 મિનિટ છે. અનુગામી લોટ ક્લોઝિંગ અંતરાલ 10 મિનિટ છે. લોટ-વાઇઝ ક્લોઝિંગ સમય IREPS ના ઇ-ઓક્શન મોડ્યુલમાં જોઈ શકાય છે.

ADI - 099

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

### બેંક ઓફ બરોડા — ટેન્ડર નોટીસ

બેંક ઓફ બરોડા, રીજનલ ઓફિસ, બરોડા ડિસ્ટ્રિક્ટ રીજનલ ઓફિસ, છઠ્ઠો માળ, સૂરજ પ્લાઝા-III, સયાજીગંજ, વડોદરા, પિન: ૩૯૦૦૨૦, તેની હાલની નસવાડી શાખા માટે મિલકત ૧૦૦૦ થી ૧૨૫૦ ના કાર્પેટ વિસ્તાર સાથે ગ્રાઉન્ડ ફ્લોર પર બિલ્ટ-અપ જગ્યા [illegible] www.bankofbaroda.in/tenders.asp ની મુલાકાત લો). [illegible]

| અ.નં. | કેન્દ્રો/સ્થળ | તાલુકો | જીલ્લો | કાર્પેટ એરિયા | એરિયા |
|---|---|---|---|---|---|
| 1 | નસવાડી | નસવાડી | છોટા ઉદેપુર | ૧૦૦૦ થી ૧૨૫૦ ચો.ફુટ | રુરલ |

તારીખ: ૦૯.૦૭.૨૦૨૫ — સ્થળ : વડોદરા — રીજનલ મેનેજર (બરોડા) — બરોડા ઝુઓન ઓફિસ

### પશ્ચિમ રેલવે-રાજકોટ મંડળ

**રાજકોટ મંડળના ગુડ્સ શેડમાં સીસીટીવી કેમેરા ની જોગવાઈ**

**નંબર C299/2/CCTV/AI/GOODS/RJT તારીખ: 07/07/2025; કાર્યાલયનું સરનામું:** સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર, પશ્ચિમ રેલ્વે - ડિવિઝનલ ઓફિસ કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ (ગુજરાત) - 360001; **વેબસાઈટ: www.ireps.gov.in;**

| ક્રમ નં. | ટેન્ડર નોટિસ નં. | કાર્યનું નામ | અંદાજિત કિંમત | ઇએમડી કિંમત |
|---|---|---|---|---|
| (1) | C299-2-CCTV-Goods | હાપા, નવલખી, લવાણપુર અને વાવણીયા ખાતે CCTV કેમેરા ની જોગવાઈ. | ₹ 20624899.58 | ₹ 253100 |
| (2) | | મોટીખાવડી, વિડમીલ, રાજકોટ, વાંકાનેર, સુરેન્દ્રનગર અને મોરબી ખાતે CCTV કેમેરા ની જોગવાઈ. | ₹ 32734589.12 | ₹ 313700 |

ઉપરોક્ત બંને ટેન્ડર માટે: અંતિમ તારીખ અને સમય: 04/08/2025, 15:30 કલાક.

RJT 067

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

### અલવી કો. ઓપ. બેંક લિ.

વાડી ચોખંડી, વડોદરા. ફોન નં. (૦૨૬૫) ૨૫૮૨૦૩૯, ૨૫૮૩૯૩૩

**૬૭મી વાર્ષિક સાધારણ સભાની નોટીસ**

**અલવી કો.ઓપરેટીવ બેન્ક લિમિટેડ ના સભાસદોને જાણ કરવામાં આવે છે કે બેન્કની ''૬૭''મી વાર્ષિક સાધારણ સભા તા. ૨૬/૦૭/૨૦૨૫ ને શનિવાર ના રોજ સવારે ૯.૦૦ કલાકે પંડિત દિનદયાલ નગરગૃહ, આજવા રોડ, વડોદરા ખાતે નીચે જણાવેલ કામો સારૂ મળશે. દરેક સભાસદને હાજર રહેવા વિનંતી છે.**

(૧) ગત સાધારણ સભાનો અહેવાલ વંચાણે લઈ બહાલ રાખવા બાબત. (૨) તા. ૩૧/૦૩/૨૦૨૫ ના રોજ પુરા થતા વર્ષના કામકાજનો અહેવાલ, સરવૈયું અને નફાતોટા પત્રકના ઓડિટરે તપાસેલ હિસાબ મંજુર કરવા તથા ઓડિટ રીપોર્ટ વંચાણે લેવા બાબત. (૩) બેન્કના વ્યવસ્થાપક મંડળે કરેલા નફાની વહેંચણી મંજુર કરવા બાબત. (૪) સને ૨૦૨૫–૨૬ ના વર્ષ માટેના ખર્ચનું અંદાજપત્રક મંજુર કરવા બાબત. (૫) સને ૨૦૨૫–૨૬ ના વર્ષ માટે બેન્કના હિસાબોના કોન્કરન્ટ ઓડિટ માટે ઓડિટરની કરેલ નિમણુંક ને બહાલ રાખવા બાબત. (૬) તા. ૦૧.૦૪.૨૦૨૪ થી તા. ૩૧.૦૩.૨૦૨૫ દરમિયાન કોમ્પ્રોમાઈઝ સેટલમેન્ટ અંતર્ગત બેન્ક દ્વારા માંડવાળ કરેલ પિરાણ ખાતાઓને મંજુરી આપવા બાબત.(૭) ડિવિડન્ડ ઇક્વીલાઇઝેશન ફંડ તથા બેડ એન્ડ ડાઉટફુલ ડેબ્ટ રીઝર્વ ફંડ રીઝર્વ બેંકની માર્ગદર્શીકા મુજબ સ્ટેચ્યુટરી રીઝર્વ ફંડમાં ટ્રાન્સફર કરેલ છે તેને બહાલી આપવા બાબત. (૮) વ્યવસ્થાપક મંડળ દ્વારા બેન્કના પેટાકાયદાઓ અને ચુંટણીના નિયમોમાં સામેલ Annexure-A માં દર્શાવ્યા મુજબ ભલામણ કરાયેલ સુધારાને મંજુર કરવા બાબત. (૯) ચેરમેનશ્રીની સંમતિથી રજુ કરવામાં આવે તે અંગે યોગ્ય નિર્ણય લેવા બાબત.

વડોદરા. — વ્યવસ્થાપક મંડળના હુકમથી,
તારીખ : ૦૯-૦૭-૨૦૨૫ — સી.એ. ઈલીયા એ. સુરતી (જનરલ મેનેજર ઈન્ચાર્જ)

**ખાસ નોંધ :-** ❖ કોરમના અભાવે મુલત્વી રહેલ સભા અડધા કલાક બાદ તે જ સ્થળે ફરીથી મળશે જેમાં કોરમનો બાધ રહેશે નહિ અને સભાનું કામકાજ શરૂ કરવામાં આવશે અને તેમાં થયેલ કામકાજ કાયદેસર ગણાશે. ❖ અહેવાલમાં રજુ કરેલ હિસાબો સંબંધિત આંકડાકીય માહિતી કે ખુલાસા જોઈતા હોય તો વાર્ષિક સાધારણ સભાના ચાર (૪) દિવસ અગાઉ લેખિતમાં જાણ કરવા વિનંતી છે. તે પછી આવેલ કે ચાલુ સભામાં રજુ કરાયેલ પ્રશ્ન સભા દરમિયાન ધ્યાને લેવામાં આવશે નહિ. પ્રશ્ન સ્વીકારવાની તમામ પ્રકારની સત્તા ચેરમેનશ્રી ની રહેશે. ❖ સભાસદ સિવાય અન્ય ત્રાહિત વ્યક્તિને પ્રવેશ મળશે નહિ. ❖ ૬૭મા વાર્ષિક અહેવાલની નકલ સભાસદ પોતાનું ઓળખપત્ર દર્શાવી બેન્કના કામકાજના સમય દરમિયાન હેડ ઓફિસના શેર વિભાગમાંથી મેળવી શકે છે અને અહેવાલની નકલ બેન્કની વેબસાઈટ www.alavibank.com પર ઉપલબ્ધ છે. ❖ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાના આદેશ અનુસાર દરેક સભાસદ ના કે.વાય.સી. સંબંધિત પુરાવાઓ લેવાનું ફરજીયાત છે. માટે કે.વાય.સી. વગરના સભાસદોને ડીવીડન્ડની ચૂકવણી કે.વાય.સી. ની પૂર્તતા થયા બાદ જ કરવામાં આવશે. ❖ જે સભાસદોએ હજુ સુધી તેમના વારસદારોની નિમણુંક ન કરી હોય તો તેમને વારસદારની નિમણુંક કરાવી લેવા વિનંતી છે.



બોલિવૂડ ડાયરી

નેહા ધૂપિયા મુંબઈ એરપોર્ટ પર આરામદાયક પરિધાનમાં ક્લિક થઈ હતી. પ્રતિભા રંટા શહેરમાં એક પ્રીમિયર પર હાજર રહી હતી. તો અવનિત કૌર વિમ્બલ્ડન ખાતે એક ફેશન ઈવેન્ટમાં હોટ વ્હાઈટ ડ્રેસમાં જોવા મળી હતી. દિયા મિર્ઝા એરપોર્ટ પર દીકરા સાથે નજરે પડી હતી. નતાશા સ્ટેનકોવિક તેમજ સાઈ માંજરેકર વિવિધ સ્થળે જિમિંગ આઉટફિટમાં નજરે પડ્યા હતા. તો રવિના ટંડને એક બુક લોન્ચ પ્રસંગે હાજરી આપી હતી.

ફરહાન અખ્તર દિગ્દર્શિત 'ડોન ૩'માં અભિનેત્રીની આશ્ચર્યજનક એન્ટ્રીની પણ અટકળો

# કિયારા અને રણવીર 'ડોન ૩'નું શૂટિંગ ટૂંક સમયમાં શરૂ કરશે



અભિનેતા રણવીર સિંહે આજે પોતાના ચાહકોને ખુશ કરવાની કોઈ તક છોડી નથી. અગાઉ, તેમની ફિલ્મ 'ધુરંધર'નો પહેલો લુક સોશિયલ મીડિયા પર ધમાલ મચાવી હતી. હવે તેમની બીજી મોટી ફિલ્મ 'ડોન ૩' સંબંધિત નવીનતમ અપડેટ બહાર આવી છે. અહેવાલ છે કે રણવીર ટૂંક સમયમાં અભિનેત્રી કિયારા અડવાણી સાથે તેની ફિલ્મનું શૂટિંગ શરૂ કરશે.ફરહાન અખ્તર દ્વારા દિગ્દર્શિત 'ડોન ૩'નું શૂટિંગ ખૂબ જ ટૂંક સમયમાં શરૂ થવાનું છે. વિવિધ સમસ્યાઓને કારણે આ ફિલ્મ લાંબા સમયથી અટકી પડી હતી. પરંતુ હવે નિર્માતાઓ શક્ય તેટલી વહેલી તકે તેના પર કામ શરૂ કરવાની યોજના બનાવી રહ્યા છે. બોલિવૂડ હંગામાના અહેવાલ મુજબ, 'ડોન ૩'નું શૂટિંગ આવતા વર્ષની શરૂઆતમાં શરૂ થશે.સૂત્રો કહે છે કે, 'હા, શૂટિંગ શરૂ કરવામાં વિલંબ થયો છે પણ તેના વિશે કંઈ કરી શકાયું નહીં. આ ફ્રેન્ચાઈઝીમાં શાહરૂખ ખાનનું સ્થાન લેનારા રણવીર સિંહને શાહરૂખને બદલવા બદલ ઓનલાઈન ઘણી ટ્રોલીંગનો સામનો કરવો પડ્યો હતો. ફરહાન અને રણવીરે પોતે નક્કી કર્યું કે તેઓ મામલો થોડો ઠંડો પડે ત્યાં સુધી રાહ જોશે. તે જ સમયે, રણવીરે પણ તેના રોલ માટે માનસિક અને શારીરિક રીતે તૈયાર રહેવું પડ્યું, જેના માટે તેણે માર્શલ આર્ટ્સની તાલીમ લેવી પડી.'સૂત્રોએ વધુમાં જણાવ્યું હતું કે ફિલ્મના ડિરેક્ટર ફરહાનને શૂટિંગ માટે ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો. તેને એક પછી એક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. આ ઉપરાંત, ફરહાન પોતે પણ તે સમય દરમિયાન તેની ફિલ્મના શૂટિંગમાં વ્યસ્ત હતો. પરંતુ હવે તે જાન્યુઆરી ૨૦૨૬ માં કિયારા અડવાણી સાથે તેનું શૂટિંગ શરૂ કરવા માટે તૈયાર છે. તેણે કહ્યું, 'આ બધા પછી, પ્રિયંકા ચોપરાની જગ્યાએ કાસ્ટ કરાયેલી કિયારા અડવાણી ગર્ભવતી થઈ ગઈ.'આ બધા બદલાતા કારણોસર ફરહાનને ફિલ્મ બંધ કરવી પડી. આ સાથે, તે પોતે તેની યુદ્ધ ફિલ્મ ૧૨૦ બહાદુરના શૂટિંગમાં વ્યસ્ત હતો જેમાં તે મેજર શૈતાન સિંહની ભૂમિકા ભજવી રહ્યો છે.

એક્ટ્રેસે હવાઈ મુસાફરીમાં લાગી રહેલી બીક અંગે વાત કરી

# અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટના બાદ રાશિ ખન્નાને અજંપાનો અનુભવ



અમદાવાદમાં પ્લેન ક્રેશની દુર્ઘટનાએ હવાઈ મુસાફરીની સલામતી અંગે અનેક સવાલ ઊભા કર્યા છે. દુર્ઘટના બાદ તેને લગતા અનેક અહેવાલ પ્રસારિત થયા હતા અને આવા અહેવાલો જોયા બાદ રાશિ ખન્નાને ફ્લાઈટમાં બેસવાની વાત આવતાં જ અજંપાનો અનુભવ થાય છે. એક્ટ્રેસ રાશિ ખન્નાએ હવાઈ મુસાફરીમાં લાગી રહેલી બીક અંગે રવિવારે ખુલીને વાત કરી હતી. રાશિએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરીઝમાં એરપોર્ટ પરથી ફોટોગ્રાફ્સ શેર કર્યા હતા. રાશિ ફ્લાઈટમાં બોર્ડિંગની તૈયારી કરી રહી હતી અને આ સમયે તેનું મન ચિંતાથી ભરાયેલુ હતું. રાશિએ ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં લખ્યુ હતું કે, દુનિયમાં ઘણી અશાંતિ છે. દરેક ફ્લાઈટ હવે અઘરી લાગે છે. આ બીક માત્ર આકાશમાં ઉડાનની નથી, પરંતુ તેને લગતી હેડલાઈન્સનો ભાર લાગે છે. રાશિએ વધુમાં કહ્યું હતું કે, ટ્રાવેલ ક્યાંક દૂર જવા માટે હોય છે. બાદમાં તેની વાત આવતા શ્વાસ થંભી જાય છે. આવી ટ્રાવેલ એન્ગ્ઝાઈટી અન્ય કોઈ અનુભવે છે? રાશિની આ પોસ્ટ બાદ સોશિયલ મીડિયા ફોલોઅર્સે સંખ્યાબંધ રીએક્શન્સ આપ્યા હતા. રાશિને ચિંતા નહીં કરવા અને ભગવાન ભોલેનાથમાં શ્રદ્ધા રાખવા ઘણાં યુઝર્સે સલાહ આપી હતી. ફ્લાઈટથી ગભરાવાના બદલે સારા અનુભવો યાદ કરવાનું સૂચન પણ થયું હતું. ઉલ્લેખનીય છે કે, ૧૨ જૂનના રોજ અમદાવાદ ખાતે થયેલી પ્લેન ક્રેશની દુર્ઘટનામાં ૨૬૦ વ્યક્તિનાં મોત થયા હતા અને ઘણાં ઘાયલ થયા હતા. દેશભરમાં શોક પ્રસરાવનારી આ ઘટનાએ રાશિની જેમ અનેક લોકોના મન પર ઊંડી અસર કરી છે.

સ્મૃતિ ઈરાની ફરી એકવાર આ સીરિયલમાં જોવા મળશે

# સ્મૃતિ ઈરાનીની 'ક્યોંકી સાસ ભી કભી બહુ થી'ના સેટ પર વાપસી



છેલ્લા કેટલાક સમયથી સોશિયલ મીડિયા પર 'ક્યોંકી સાસ ભી કભી બહુ થી' સીરિયલ નવી સીઝન અંગે ચર્ચા ચાલી રહી હતી. ત્યારે હવે એવા સમાચાર સામે આવી રહ્યા છે કે, સ્મૃતિ ઈરાની ફરી એકવાર આ સીરિયલમાં જોવા મળશે. હવે તેમણે સીરિયલમાં અભિનય કરવા અંગે ઓફિશિયલ નિવેદન આપ્યું છે.સ્મૃતિ ઈરાનીએ એક સત્તાવાર નિવેદન આપતા કહ્યું કે, 'કેટલીક યાત્રાઓ એક ગોળ સર્કલ જેવી હોય છે. આ જૂની યાદો માટે નથી, પરંતુ તેની પાછળ એક હેતુ હોય છે. 'ક્યોંકી સાસ ભી કભી બહુ થી' સીરિયલમાં પાછા ફરવાનું માત્ર એક રોલમાં પરત ફરવાનું નથી. આ એ સ્ટોરી તરફ પરત ફરવાનું જેણે ભારતીય ટેલિવિઝનની નવી પરિભાષા આપી છે, તેમજ મારા જીવનને એક નવો આકાર આપ્યો. તેનાથી મારા કરિયરમાં સફળતા આપવા કરતાં તેણે મને લાખો ઘરો સાથે જોડાવાની તક આપી છે.'સ્મૃતિ ઈરાની વધુમાં આગળ કહે છે, '૨૫ વર્ષમાં મેં બે શક્તિશાળી પ્લેટફોર્મ, મીડિયા અને પબ્લિક પોલીસી પર કામ કર્યુ છે. આ બંને કામ માટે અલગ અલગ પ્રકારના સમર્પણની જરૂર પડે છે. આજે હું એવા તબક્કે ઉભી છું, ત્યાં અનુભવ ભાવનાઓ સાથે મળે છે અને રચનાત્મકતા, દૃઢ વિશ્વાસમાં જઈ મળે છે. હું માત્ર એક અભિનેત્રી તરીકે જ નહીં, પરંતુ એક એવી વ્યક્તિ તરીકે પાછી ફરી રહી છું, જે સંસ્કૃતિને જાળવી રાખે છે અને લોકોમાં સહાનુભૂતિ પેદા કરે છે. હું આ બાબતોમાં સંપૂર્ણ વિશ્વાસ રાખું છું.'સ્મૃતિ ઈરાનીએ તેમના ઓફિશિયલ નિવેદનમાં 'ક્યોંકી સાસ ભી કભી બહુ થી' સીરિયલ વિશે એક ખાસ વાત કહે છે. તે કહે છે, 'હું નવી સીઝનમાં યોગદાન આપીને આ સીરિયલના વારસાનું સન્માન કરવા માંગુ છું. હું એક એવું ભવિષ્ય બનાવવામાં મદદ કરવા માંગુ છું, જ્યાં ઈન્ડિયન ક્રિયેટિવ ઈન્ડસ્ટ્રી મજબૂત બને.

અનુષ્કા શેટ્ટી અને યુવી ક્રીએશન્સની એકસાથે આ બીજી ફિલ્મ છે

# શૂટીંગ પુરુ ન થતા અનુષ્કા શેટ્ટીની ફિલ્મ 'ઘાટી' બીજી વખત પોસ્ટપોન થઈ



બાહુબલિમાં દેવસેના તરીકે જાણીતી બનેલી અનુષ્કા શેટ્ટીની આગામી એક્શન ફિલ્મ 'ઘાટી'ને બીજી વખત પોસ્ટપોન કરવામાં આવી છે. અગાઉ આ ફિલ્મને ૧૧ જુલાઈએ રિલીઝ કરવાનું આયોજન હતું, પરંતુ પ્રોડક્શનને લગતું કેટલુંક કામ બાકી હોવાથી તેને અટકાવવામાં આવી છે. ફિલ્મના પ્રોડ્યુસર્સે વિલંબનું કારણ આપ્યું નથી અને નવી રિલીઝ ડેટ પણ જાહેર કરી નથી. પ્રોડક્શન હાઉસ યુવી ક્રીએશન્સ દ્વારા એક્સ પોસ્ટ પર જણાવાયું હતું કે, સિનેમા એ નદી જેવું જીવંત છે. તે સતત આગળ વધે છે અને ક્યારે ઊંડાઈ મેળવવા ધીમું પડે છે. 'ઘાટી' માત્ર એક ફિલ્મ નથી, તે પહાડોની ગૂંજ અને જંગલની ભીનાશ છે. સ્ટોરીને પથ્થર અને માટીથી કોતરવામાં આવી છે. દરેક ફ્રેમ અને દરેક શ્વાસના સન્માનમાં ફિલ્મની ઊડાનને થોડો સમય રોકવામાં આવી છે. આનાથી ફિલ્મ વધારે સારી અને અવિસ્મરણિય બનશે. અગાઉ 'ઘાટી'ને ૧૮ એપ્રિલે રિલીઝ કરવાની હતી. બાદમાં તેને ૧૧ જુલાઈએ રિલીઝ કરવાનું આયોજન હતું. અનુષ્કા શેટ્ટી અને યુવી ક્રીએશન્સે અગાઉ 'વેદામ'માં સાથે કામ કર્યું હતું. આ તેમની બીજી ફિલ્મ છે. ફિલ્મના અગાઉના પોસ્ટરમાં તેને 'વિક્ટિમ, ક્રિમિનલ અને લીજન્ડ' તરીકે ઓળખાવવામાં આવી હતી. તાજેતરની ઝલકમાં પીડિત મહિલાને ક્રિમિનલ બનતી દર્શાવાઈ છે. અફીણના ગોરખધંધા પર વર્ચસ્વ ધરાવતી ખૂંખાર મહિલાનો રોલ અનુષ્કાએ કર્યો છે. ફિલ્મને તેલુગુ તમિલ, કન્નડ, મલયાલમ ઉપરાંત હિન્દીમાં પણ રિલીઝ કરવામાં આવશે.

બિહારમાં મતદાર યાદી પર આટલો શોર કેમ?

# આધાર , પાન, રાશન કાર્ડ ઓળખનો પુરાવો, નાગરિકતાનો નથી! સમજે લલ્લુ!



ચક્રવ્યૂહ

દીપક આશર

**બિહારમાં આજકાલ બધે જ હોબાળો છે. અહીં વિધાનસભા ચૂંટણી પહેલા મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ચાલી રહી છે. આ સુધારામાં લોકો સામે તેમની નાગરિકતા સાબિત કરવાનો પડકાર છે. વાસ્તવમાં બંધારણના અનુચ્છેદ ૩૨૬ મુજબ, મતદાર યાદીમાં નામ ઉમેરવા માટે, વ્યક્તિ ભારતીય નાગરિક હોવી જરૂરી છે. આવી સ્થિતિમાં ચૂંટણી પંચની જવાબદારી છે કે તેઓ ખાતરી કરે કે મતદાર યાદીમાં ફક્ત ભારતીય નાગરિકોના નામ જ સામેલ થાય. બિહારમાં મતદાર યાદીના સુધારા દરમિયાન, ચૂંટણી પંચે આધાર કાર્ડ, મતદાર કાર્ડ અને રેશન કાર્ડ સ્વીકારવાનો ઇનકાર કર્યો છે. આ કેવો તર્ક છે?**

બિહારમાં મતદાર યાદીનું સંપૂર્ણ સંશોધન કરવામાં આવી રહ્યું છે. બિહારના તમામ નાગરિકોએ આ સુધારામાં ભાગ લેવો પડશે, એટલે કે, જો કોઈનું નામ પહેલાથી જ મતદાર યાદીમાં છે, તો તેણે પણ મતદાર યાદીમાં સમાવેશ કરવા માટે ફરીથી અરજી કરવી પડશે. જે લોકોનું નામ તેમાં નથી અથવા ઉમેરાવાનું બાકી છે, તેઓએ તો ચૂંટણી પંચને અરજી કરવાની જ છે. અહીં સમસ્યા એ છે કે જેમના નામ ૨૦૦૩ની મતદાર યાદીમાં છે તેમણે ફક્ત એક ફોર્મ (ગણતરી ફોર્મ) ભરવાનું રહે છે. કોઈ દસ્તાવેજો સબમિટ કરવાની જરૂર નથી, પરંતુ જેમના નામ નથી તેમણે ફોર્મ ભરવાની સાથે પોતાની નાગરિકતા સાબિત કરવી પડશે. કેટલાક મહત્વપૂર્ણ દસ્તાવેજો સબમિટ કરવા પડશે. તો જ તેઓ મતદાર યાદીમાં સ્થાન મેળવી શકશે.

આવા લોકો કમિશન દ્વારા નિર્ધારિત ૧૧ દસ્તાવેજોમાંથી એક સબમિટ કરીને યાદીમાં પોતાના નામ ઉમેરી શકે છે. કમિશન જે દસ્તાવેજો સ્વીકારી રહ્યું છે, તેમાં પેન્શન કાગળો, સરકાર દ્વારા જારી કરાયેલ કોઈપણ ઓળખ કાર્ડ, જન્મ પ્રમાણપત્ર, પાસપોર્ટ, મેટ્રિક પ્રમાણપત્ર, રહેઠાણ પ્રમાણપત્ર, વન અધિકાર પ્રમાણપત્ર, જાતિ પ્રમાણપત્ર, એનઆરસી, કુટુંબ નોંધણી કાગળ અથવા જમીનના કાગળોનો સમાવેશ થાય છે.

જો કે, આધાર કાર્ડ, મતદાર કાર્ડ, મનરેગા કાર્ડ, પાન કાર્ડ, ડ્રાઈવિંગ લાઈસન્સ અને રેશન કાર્ડ જેવા ઓળખ કાર્ડ લોકો પાસે સરળતાથી ઉપલબ્ધ છે, પરંતુ ચૂંટણી પંચે તેને સ્વીકારવાનો ઈનકાર કરી દીધો છે. કમિશન કહે છે કે આ દસ્તાવેજો ઓળખનો પુરાવો છે, પરંતુ તે તમારી નાગરિકતા સાબિત કરતા નથી.

તો સવાલ એ છે કે - નાગરિકતા કોણે સાબિત કરવી પડશે?

એક અહેવાલ મુજબ, જેમના નામ ૨૦૦૩ની મતદાર યાદીમાં છે, તેમને કોઈ દસ્તાવેજો આપવાની જરૂર નથી, પરંતુ જેમના નામ યાદીમાં નથી, તેમણે પોતાની નાગરિકતા સાબિત કરવી પડશે. આવા લોકોને ત્રણ શ્રેણીઓમાં મૂકવામાં આવ્યા છે. એકઃ જેનો જન્મ ૧૯૮૭ પહેલા થયો હતો. આવા લોકોએ ફક્ત એ સાબિત કરવું પડશે કે તેઓ ભારતમાં જન્મ્યા હતા.

બીજુંઃ જેઓ ૧૯૮૭ પછી અને ૨૦૦૪ પહેલા જન્મ્યા હતા. આવા લોકોએ ભારતમાં જન્મનો પુરાવો આપવો પડશે અને એ પણ સાબિત કરવું પડશે કે તેમના માતા-પિતામાંથી એક ભારતીય નાગરિક છે.

ત્રીજુંઃ જેઓ ૨૦૦૪ પછી જન્મ્યા હતા. તેમણે ભારતમાં તેમના જન્મનો પુરાવો અને તેમના માતા-પિતા બંને ભારતીય નાગરિક હોવાનો પુરાવો આપવો પડશે.

પરંતુ સમસ્યા એ છે કે ભારતમાં નાગરિકત્વનો સીધો પુરાવો આપતો કોઈ દસ્તાવેજ નથી. ભારતીય નાગરિકત્વ મેળવનારા વિદેશી નાગરિકોને જ યોગ્ય નાગરિકતા પ્રમાણપત્ર આપવામાં આવે છે. બાકી, દેશમાં જન્મેલા લોકો નાગરિકતાના પુરાવા તરીકે આધાર, મતદાર કાર્ડ, પાન કાર્ડ અથવા મિલકતના કાગળો ધ્યાનમાં લઈ રહ્યા છે.

તો હવે સમસ્યા શું ઊભી થઈ છે?

સમસ્યા એ છે કે ફક્ત લોકો જ આ વાત માનતા આવ્યા છે. ચૂંટણી પંચ કે દેશની અદાલતો ક્યારેય આને નાગરિકતાના પુરાવા તરીકે માનતી નથી. સુપ્રીમ કોર્ટ સહિત દેશની ઘણી અદાલતોએ તેમના નિર્ણયોમાં કહ્યું છે કે આધાર કાર્ડ, પાન કાર્ડ, રેશન કાર્ડ તમારી ઓળખનો પુરાવો છે, પણ નાગરિકતાનો પુરાવો નથી. ઉદાહરણ તરીકે, આધાર કાર્ડ આપણને જણાવે છે કે તેમાં રહેલી વિગતો, જેમ કે નામ, સરનામું અથવા બાયોમેટ્રિક ડેટા, તમારી છે, પરંતુ તે આપણને એ નથી કહેતું કે 'તમે' ભારતના નાગરિક છો. UIDAI વેબસાઈટ પર એવું પણ લખેલું છે કે આધાર નંબર ફક્ત ઓળખનો પુરાવો છે. તે ધારકને નાગરિકતા કે રહેઠાણનો કોઈ અધિકાર આપતું નથી. એક અહેવાલ મુજબ, આ વર્ષે એપ્રિલમાં દિલ્હી પોલીસે કેન્દ્ર સરકારના નિર્ણયને ટાંકીને કહ્યું હતું કે નાગરિકતાના પુરાવા તરીકે આધાર કાર્ડ, પાન કાર્ડ અને રેશન કાર્ડ સ્વીકારવામાં આવશે નહીં. દિલ્હી પોલીસે આ પાછળનું કારણ એ આપ્યું હતું કે ચકાસણી દરમિયાન, ઘણા વિદેશી નાગરિકો, ખાસ કરીને રોહિંગ્યા શરણાર્થીઓ પાસે પાન કાર્ડ, રેશન કાર્ડ અને આધાર કાર્ડ હોવાનું જાણવા મળ્યું હતું. આવી સ્થિતિમાં આને હવે ભારતીય નાગરિક હોવાનો પુરાવો ગણવામાં આવશે નહીં. એટલું જ નહીં, મતદાર કાર્ડ અંગે થોડી મૂંઝવણ છે. ચૂંટણી પંચે નાગરિકતાના પુરાવા તરીકે મતદાર કાર્ડની માન્યતાને નકારી કાઢી છે, પરંતુ છેલ્લા વર્ષોમાં બે રાજ્યોની ઉચ્ચ અદાલતોના નિર્ણયોએ ચૂંટણી પંચના આ દાવા પર પ્રશ્નો ઉભા કર્યા છે.

વર્ષ ૨૦૨૦માં ગુવાહાટી હાઈકોર્ટે મોહમ્મદ બાબુલ ઈસ્લામ વિરુદ્ધ આસામ રાજ્યના કેસની સુનાવણી કરતી વખતે ચુકાદો આપ્યો હતો કે - મતદાર કાર્ડને નાગરિકતાના પુરાવા તરીકે ગણી શકાય નહીં. આ બાજુ ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ મુંબઈની એક કોર્ટે બાંગ્લાદેશી હોવાના આરોપી એક વ્યક્તિને નિર્દોષ જાહેર કરતા કહ્યું હતું કે - તેની પાસે મતદાર ઓળખ કાર્ડ છે અને તે તેની ભારતીય નાગરિકતા સાબિત કરે છે. કોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે - આધાર કાર્ડ, પાન કાર્ડ, ડ્રાઈવિંગ લાઈસન્સ અથવા રેશન કાર્ડને નાગરિકતાના પુરાવા તરીકે ગણી શકાય નહીં, પરંતુ માન્ય મતદાર ઓળખ કાર્ડ ભારતીય નાગરિકતા સાબિત કરી શકે છે.

પરંતુ ચૂંટણી પંચ એક અલગ માર્ગ અપનાવી રહ્યું છે. બિહાર મતદાર યાદીના સઘન સુધારામાં નાગરિકતા સાબિત કરતા દસ્તાવેજોની યાદીમાંથી મતદાર કાર્ડને બાકાત રાખવામાં આવ્યું છે. આ કારણે, રાજ્યમાં જાતિ અને રહેઠાણ પ્રમાણપત્ર જેવા અન્ય દસ્તાવેજો બનાવવા માટે અંધાધૂંધી છે.

સામાનના વિભાજન અંગે પરિવારના સભ્યો વચ્ચે વિવાદ થયો હતો

# યુપીના પૂર્વ CMOના રૂમમાંથી ૨૨ લાખની ચલણી નોટો મળી!

## ૨૦૧૪માં ડો. તિવારી એસીએમઓ અને કાર્યકારી સીએમઓ હતા



લખનૌ,તા.૮

ઉત્તર પ્રદેશના આંબેડકર નગરમાં સીએમઓ રહેલા ડૉ. બ્રહ્મા નારાયણ તિવારીના બંધ રૂમમાંથી ૨૨ લાખ રૂપિયા રોકડા મળી આવ્યા છે. બધી જૂની અને બંધ થયેલી ૧૦૦૦ અને ૫૦૦ રૂપિયાની નોટો છે. રૂમમાં પહોંચેલા લોકો આટલી મોટી સંખ્યામાં નોટો જોઈને દંગ રહી ગયા. વિડીયોગ્રાફી દ્વારા નોટોની ગણતરી કરવામાં આવી. આ પછી તેમને સુરક્ષિત રાખવામાં આવ્યા છે. ૨૦૧૪ માં, ડૉ. બ્રહ્મનારાયણ તિવારી, જેઓ એસીએમઓ અને કાર્યકારી સીએમઓ હતા, તેમનું શંકાસ્પદ સંજોગોમાં મૃત્યુ થયું. તેમના મૃત્યુ પછી, પરિવારમાં મિલકતને લઈને વિવાદ થયો. ત્યારથી રૂમ સીલ કરીને બંધ હતો.આ દિવસોમાં, સીએમઓ ડૉ. સંજય કુમાર શૈવલની સૂચના પર, પીએચસી મીરાંપુરમાં બનેલા ચાર તબીબી અધિકારીઓના રહેઠાણોનું સમારકામ કરવામાં આવી રહ્યું છે. આમાંથી, પ્રતાપગઢના રામગઢાના રહેવાસી ડૉ. બ્રહ્મનારાયણ તિવારી, નીચેના ઘરમાં રહેતા હતા. ૨૯ જાન્યુઆરી ૨૦૧૪ ના રોજ તેમનું અચાનક અવસાન થયું. મૃત્યુ સમયે તેઓ એકલા રહેતા હતા. તેમના નિવાસસ્થાનમાં રાખેલા સામાનના વિભાજન અંગે પરિવારના સભ્યો વચ્ચે વિવાદ થયો હતો. આ પછી પોલીસે ઘરને તાળું મારી દીધું હતું. તાજેતરમાં, જ્યારે સમારકામ પ્રકિયા શરૂ થઈ હતી.

પાકિસ્તાન - ઇઝરાયલ મુદ્દા પર સાથે આવ્યા

# નેતન્યાહૂએ પણ ટ્રમ્પને નોબેલ શાંતિ પુરસ્કારની ઈચ્છા વ્યક્ત કરી

## પાકિસ્તાને પુરસ્કાર માટે ટ્રમ્પનું નામ સૂચવ્યું હતું

તેલઅવીવ,તા.૮

નેતન્યાહૂએ મધ્ય પૂર્વમાં શાંતિ અને સુરક્ષાને આગળ વધારવા માટે ટ્રમ્પના પ્રયાસોની પ્રશંસા કરી. તેમણે નોબેલ શાંતિ પુરસ્કાર સમિતિને ટ્રમ્પના પક્ષમાં નોમિનેશન પત્ર મોકલ્યો છે. ગયા મહિને પાકિસ્તાને પણ નોબેલ પુરસ્કાર માટે ટ્રમ્પનું નામ ભલામણ કર્યું હતું.

પાકિસ્તાન પછી, ઇઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ પણ અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને નોબેલ શાંતિ પુરસ્કાર આપવાની ઈચ્છા વ્યક્ત કરી છે. આ પહેલી વાર છે જ્યારે પાકિસ્તાન અને ઇઝરાયલ કોઈ મુદ્દા પર સાથે આવ્યા છે. નેતન્યાહૂએ નોબેલ શાંતિ પુરસ્કાર સમિતિને ટ્રમ્પના પક્ષમાં નોમિનેશન પત્ર મોકલ્યો છે. તેમણે સોમવાર, ૮ જુલાઈના રોજ વ્હાઈટ હાઉસમાં રાત્રિભોજન દરમિયાન



ટ્રમ્પને આનો પુરાવો આપ્યો.

નેતન્યાહૂએ મધ્ય પૂર્વમાં શાંતિ અને સુરક્ષાને આગળ વધારવા માટે ટ્રમ્પના પ્રયાસોની પ્રશંસા કરી. નેતન્યાહૂએ અમેરિકી રાષ્ટ્રપતિને કહ્યું કે, રાષ્ટ્રપતિએ પહેલાથી જ મહાન તકોને ઓળખી લીધી છે. તેમણે અબ્રાહમ કરાર પર હસ્તાક્ષર કર્યા. તે એક પછી એક વિસ્તારમાં શાંતિ સ્થાપિત કરી રહ્યો છે. તેથી હું તમને નોબેલ પુરસ્કાર સમિતિને મોકલવામાં આવેલ પત્ર રજૂ કરવા માંગુ છું. આમાં તમને શાંતિ પુરસ્કાર માટે નામાંકિત કરવામાં આવ્યા છે. તમે તેને લાયક છો. તમને આ મળવું જોઈએ.

આરોપીઓએ તેમની પાસેથી બળજબરીથી કાર પણ છીનવી લીધી

# મુંબઈના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટને પર્સનલ વીડિયોની ધમકી આપીને ૩ કરોડ પડાવ્યા : સીએનો આપઘાત

## સીએએ નોંધમાં લખ્યું કે વીડિયો જાહેર કરવાની ધમકી આપીને ૩ કરોડ પડાવ્યા

મુંબઈ,તા.૮

મુંબઈમાં એક ૩૨ વર્ષીય ચાર્ટર્ડ એકાઉન્ટન્ટે ઘણા મહિનાઓથી બ્લેકમેઈલિંગથી કંટાળીને કથિત રીતે આત્મહત્યા કરી લીધી. સીએ રાજ લીલા મોરેને છેલ્લા કેટલાક મહિનાઓથી કોઈ વીડિયોના આધારે બ્લેકમેલ કરવામાં આવી રહ્યો હતો અને ૩ કરોડ રૂપિયા ચૂકવવા માટે દબાણ કરવામાં આવી રહ્યું હતું. કેસની તપાસ કરી રહેલા અધિકારીઓના જણાવ્યા અનુસાર, રાજ લીલા મોરેએ ત્રણ પાનાની સુસાઈડ નોટ પણ છોડી છે. આમાં, તેણે તેના મૃત્યુ માટે બે લોકોને જવાબદાર ઠેરવ્યા છે, જેમણે કથિત રીતે તેનો ખાનગી વીડિયો લીક કરવાની ધમકી આપી હતી.સીએ રાજ લીલા મોરેએ નોંધમાં જણાવ્યું હતું કે રાહુલ પરવાની અને સબા કુરેશીએ




છેલ્લા ૧૮ મહિનામાં વારંવાર વીડિયો જાહેર કરવાની ધમકી આપીને તેમની પાસેથી ૩ કરોડ રૂપિયા પડાવ્યા હતા. દ્રફ્ક માં પ્રકાશિત અહેવાલ મુજબ, પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે આરોપીઓ મોરેના શેરબજારમાં મોટા રોકાણો અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તરીકેની તેમની ઉચ્ચ પગારવાળી નોકરીથી વાકેફ હતા. તેઓએ મોરેને ધમકી આપી અને તેમની કંપનીના ખાતામાંથી મોટી રકમ તેમના અંગત ખાતામાં ટ્રાન્સફર કરવા દબાણ કર્યું. અધિકારીઓના જણાવ્યા અનુસાર, બંને આરોપીઓએ તેમની પાસેથી બળજબરીથી એક લક્ઝરી કાર પણ છીનવી લીધી હતી.

## અરાઉન્ડ ધ વર્લ્ડ

### બાગેશ્વર ધામમાં દીવાલ ધરાશાયી થતાં એકનું મોત, ૧૧ ઈજાગ્રસ્ત

નવીદિલ્હી: બાગેશ્વર ધામમાં મંગળવારે (૮ જુલાઈ) વહેલી સવારે એક ધર્મશાળાની દિવાલ પડવાના કારણે ઉત્તર પ્રદેશની એક મહિલા શ્રદ્ધાળુનું મોત નિપજ્યું હતું અને ૧૧ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. સ્થાનિક પોલીસ અને તંત્રએ ઘટનાસ્થળે પહોંચીને ઈજાગ્રસ્તોને હોસ્પિટલ પહોંચાડ્યા અને મામલાની તપાસ શરૂ કરી દીધી. વળી, . બાગેશ્વર ધામના પીઠાધીશ્વર પંડિત ધીરેન્દ્ર શાસ્ત્રીએ ગુરુ પૂર્ણિમા પર તમામ શ્રદ્ધાળુઓને ઘરે જ રહેવાની અપીલ કરી હતી. ઈજાગ્રસ્તોના પરિજનોએ જણાવ્યું કે, તેઓ ધર્મશાળામાં સૂતા હતા, ત્યારે અચાનક દિવાલ તેમના ઉપર પડી. અધિકારીઓએ જણાવ્યું કે, દિવાલ પડવાના કારણોની તપાસ કરવામાં આવી રહી છે.

### ગોપાલ ખેમકા હત્યા કેસમાં એક આરોપી ઠાર, વેપારીની ધરપકડ

પટના : બિહારમાં વિધાનસભા ચૂંટણીના ધમધમાટ વચ્ચે રાજધાની પટનામાં ઉદ્યોગપતિ ગોપાલ ખેમકાની હત્યા થતા ખળભળાટ મચી ગયો છે, આ મામલે રાજકારણ પણ ગરમાયું છે. આ મામલે પોલીસ ઝડપથી તપાસ કરી રહી છે. એવામાં અહેવાલ છે કે આ કેસમાં આરોપી વિકાસ ઉર્ફે રાજા પોલીસ સાથેના એનકાઉન્ટરમાં માર્યો ગયો છે. આ ઉપરાંત પટનાના લોખંડના સળિયાના વેપારી અશોક કુમાર સાઓને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે, પોલીસને શંકા છે કે આ હત્યા પાછળનું મુખ્ય કારણ જમીન વિવાદ હોઈ શકે છે.પટના શહેરના મોલ સલામી વિસ્તારમાં પોલીસ સાથેના એન્કાઉન્ટરમાં આરોપી વિકાસ રાજાનું મોત થયું છે.

### USમાં શૂટઆઉટ: ફિલાડેલ્ફિયામાં ગોળીબારમાં ત્રણ લોકોનાં મોત

ફિલાડેલ્ફિયા : અમેરિકામાં ગન કલ્ચરનું દુષણ દિવસેને દિવસે અત્યંત વકરી રહ્યું છે. અનિયંત્રત ગન કલ્ચરને કારણે અનેક નિર્દોષ લોકોએ જીવ ગુમાવવો પડે છે. અમેરિકાના દક્ષિણ ફિલાડેલ્ફિયાના એક વિસ્તારમાં રવિવારની મધ્યરાત્રિ પછી ફાયરિંગની ઘટના બની હતી, જેમાં ત્રણ લોકોના મોત થયા છે અને અન્ય ૧૦ લોકો ઘાયલ થયા છે. પોલીસ કમિશનર કેવિન બેથેલે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું કે, ત્રણેય મૃતક વ્યસ્ક હતા અને ઘાયલોમાં બે કિશોર પણ છે.ફાયરિંગની ઘટના ગ્રેજ ફેરીમાં એક રહેણાંક વિસ્તારના રોડ પર રાત્રે બની હતી. પોલીસ કમિશનરે વધુમાં કહ્યું કે, અમારી પાસેના બ્લોક પર કેટલાક રાઉન્ડ ફાયરિંગ થયું છે.

### હરિયાણામાં ટ્રેનના ખાલી ડબ્બામાં મહિલા પર ગેંગરેપ થતાં ચકચાર

પાણિપત : હરિયાણાના પાણિપતમાં ઊભેલી ટ્રેનના ખાલી ડબ્બામાં ૩૫ વર્ષીય મહિલાની સાથે કથિત રીતે સામૂહિક બળાત્કાર થયો હોવાની ઘટના બની છે. પીડિત મહિલાના પતિએ નોંધાવેલી ફરિયાદમાં એ ૨૪મી જૂનથી લાપતા છે. આ મહિલા પહેલા પણ લાપતા થઈ ચુકી છે, પરંતુ એ સ્વયં પરત આવી ગઈ હતી. પીડિત મહિલાએ પોલીસને જણાવ્યું કે એ નજીકના રેલવે સ્ટેશનની પાસે બેઠી હતી, ત્યારે એક વ્યક્તિ તેની પાસે આવ્યો અને એ વ્યક્તિએ દાવો કર્યો હતો કે તેના પતિએ મોકલ્યો છે.પોલીસ સ્ટેશનના એસએચઓ શ્રી નિવાસે જણાવ્યું કે, મહિલાએ પોતાની સાથે બનેલી ઘટના વર્ણવીને એમ કહ્યું કે એ વ્યક્તિ પોતાની સાથે લઈ ગયો અને પછી ઊભેલી ટ્રેનના ખાલી ડબ્બામાં લઈ જઈને બળાત્કાર કર્યો હતો.

પોલીસે ટીંગાટોળી કરી કાર્યકર્તાઓને ડિટેઈન કર્યા

# મુંબઈના રસ્તા પર વેપારીઓ અને મનસેના કાર્યકર્તાઓ આમને સામને

## પોલીસે સવારે મનસેના વડા જાધવ સહિત ઘણા અગ્રણી નેતાઓને કસ્ટડીમાં લીધા

મુંબઈ, તા.૮

મહારાષ્ટ્રમાં ભાષા વિવાદ એ હદે વધી ગયો છે કે રાજ ઠાકરેની પાર્ટી મનસેના કાર્યકરો રસ્તા પર ઉતરી આવ્યા છે. પરિસ્થિતિ એવી છે કે થોડા દિવસો પહેલા પાર્ટીના કાર્યકરોએ એક ફૂડ સ્ટોલ માલિકને માર માર્યો હતો. વ્યાપારી સંગઠનોએ આનો વિરોધ કર્યો હતો. હવે તેના જવાબમાં મનસેના કાર્યકરોએ મંગળવારે રેલી કાઢી છે, જ્યાં પોલીસ પણ કડક કાર્યવાહી કરી રહી છે.એવું કહેવામાં આવે છે કે આ રેલી પોલીસની પરવાનગી વિના કાઢવામાં આવી હતી અને તેના કારણે થાણે જિલ્લામાં ભારે ટ્રાફિક જામ અને તણાવ સર્જાયો હતો. રેલી શરૂ થાય તે પહેલાં જ પોલીસે સવારે ૩:૩૦



વાગ્યે મનસેના થાણે અને પાલઘરના વડા અવિનાશ જાધવ સહિત ઘણા અગ્રણી નેતાઓને કસ્ટડીમાં લીધા હતા.આ મામલે પ્રતિક્રિયા આપતા મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે, 'મનસેના કાર્યકરો દ્વારા કાઢવામાં આવેલી રેલી મંજૂર રૂટ પર નહોતી. તેથી જ પોલીસે કાર્યવાહી કરવી પડી. મહારાષ્ટ્ર એક લોકશાહી રાજ્ય છે અને અહીં કોઈપણ વિરોધ કરી શકે છે, પરંતુ તેના માટે પહેલા પરવાનગી લેવી પડશે.'આ અંગે પ્રતિક્રિયા આપતા મનસે નેતા સંદીપ દેશપાંડેએ કહ્યું, 'આ પરિસ્થિતિ કટોકટી જેવી છે. ગુજરાતી વેપારીઓની રેલીને પૂર્ણ સન્માન આપવામાં આવી રહ્યું છે ત્યારે અમારા નેતાઓની વહેલી સવારે ધરપકડ કરવામાં આવી હતી. શું આ મહારાષ્ટ્ર સરકાર છે કે ગુજરાત સરકાર? સરકાર ગમે તે કરે, મરાઠી લોકોની આ રેલી ચોક્કસ થશે.'આ મહિનાની શરૂઆતમાં મીરા-ભાયંદર વિસ્તારમાં એક ફૂડ સ્ટોલ માલિકને મરાઠીમાં વાત ના કરવાના કારણે માર મારવામાં આવ્યો હતો. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો હતો, જેના પછી વેપારી સમુદાયમાં ઘણો ગુસ્સો હતો. વેપારીઓએ આ ઘટનાનો વિરોધ કરવા માટે શાંતિપૂર્ણ રેલીનું આયોજન કર્યું હતું. મનસેએ તેને મરાઠી ઓળખની વિરુદ્ધ ગણાવ્યું હતું અને વિરોધમાં પોતે રેલી કાઢી હતી.

ભારત સહિત ૧૨ દેશો ગેરહાજર રહ્યા

# UNમાં અફઘાનિસ્તાન ઘેરાયું તો ભારત વહારે આવ્યું : પાકિસ્તાને દગો આપ્યો

## અફઘાનિસ્તાનમાં સુરક્ષા પરિસ્થિતિ પર નજર

પાકિસ્તાન, તા.૮

પાકિસ્તાન લાંબા સમયથી ભારત સામે જે આતંકવાદનો ઉપયોગ હથિયાર તરીકે કરતું આવ્યું છે, તે જ આતંકવાદ જ્યારે તેને અફઘાનિસ્તાન સરહદ પર ડંખ મારી રહ્યો છે, ત્યારે તે બોખલાઈ ગયું. જ્યારે સંયુક્ત રાષ્ટ્રમાં આતંકવાદના મુદ્દા પર અફઘાનિસ્તાનને ઘેરવા માટે પ્રસ્તાવ આવ્યો, ત્યારે પાકિસ્તાને તાલિબાનને દગો આપ્યો અને આ પ્રસ્તાવનું સમર્થન કર્યું, પરંતુ આ દરમિયાન ભારત અફઘાનિસ્તાનની મદદ માટે આગળ આવ્યું.UNમાં પ્રસ્તાવ લાવવામાં આવ્યો હતો કે, તાલિબાન સરકાર આતંકવાદ માટે પોતાની જમીનનો ઉપયોગ કરવાથી અટકાવે. સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં સોમવારે આ મુદ્દે મતદાન થયું. UNમાં આ પ્રસ્તાવ ૧૧૬ મતોના સમર્થનથી પસાર થયો હતો, પરંતુ ભારતે ગેરહાજર રહીને એક મોટો રાજદ્વારી સંદેશ આપ્યો છે. આશ્ચર્યજનક રીતે અમેરિકા અને ઈઝરાયલે આ પ્રસ્તાવની વિરુદ્ધ મતદાન કર્યું. જ્યારે ભારત સહિત ૧૨ દેશો ગેરહાજર રહ્યા.ભારતે કહ્યું કે, કોઈ નવા અને અફઘાનિસ્તાનને ટાર્ગેટ કરનારા આવા કોઈ પગલાની જરૂર નથી. આનાથી અફઘાન લોકોની સ્થિતિ સુધારવાના આંતરરાષ્ટ્રીય સમુદાયના લક્ષ્યમાં કોઈ મદદ નહીં મળશે. યુએનમાં 'અફઘાનિસ્તાનની પરિસ્થિતિ' નામનો પ્રસ્તાવ લાવવામાં આવ્યો હતો. યુએનમાં ભારતના કાયમી પ્રતિનિધિ પાર્વથેની હરીશે કહ્યું કે, ભારત અફઘાનિસ્તાનમાં સુરક્ષા પરિસ્થિતિ પર ઝીણવટભરી નજર રાખી રહ્યું છે. વિશ્વના દેશોએ એક થવાની અને તે પ્રતિબંધિત સંગઠનો અને વ્યક્તિઓને આતંકવાદી પ્રવૃત્તિઓ માટે અફઘાનિસ્તાનની જમીનનો ઉપયોગ કરતા અટકાવવાની જરૂર છે.

રાષ્ટ્રપતિના હુકમનામાં હેઠળ પદ પરથી બરતરફ કરી દેવામાં આવ્યા હતા

# રાષ્ટ્રપતિ પુતિને હાંકી કાઢ્યા બાદ પૂર્વ મંત્રીએ ગોળી મારી આત્મહત્યા કરી

## રશિયાએ યુક્રેન પર ૧૦૦ જેટલા ડ્રોન હુમલામાં ૧૧ નાગરિકોના મોત થયા હતા

મોસ્કો, તા.૮

રશિયાના પરિવહન મંત્રી રોમન સ્ટારોવોય (૫૩)ને ભ્રષ્ટાચારના કથિત આરોપ હેઠળ સોમવારે પદભ્રષ્ટ થયાના કલાકોની અંદર જ ગોળી મારીને આત્મહત્યા કરી લીધી હતી. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ટ્રાન્સપોર્ટ મંત્રી રોમન સ્ટારોવોયને પદથી બરખાસ્ત કર્યા હતા. રોમન મે ૨૦૨૪ સુધી આ પદ પર રહ્યા હતા. તેમને પદભ્રષ્ટ શા માટે કરાયા તેનું કારણ જણાવાયું નહતું. પ્રાપ્ત વિગતો મુજબ વિતેલા સપ્તાહમાં કિવ દ્વારા ડ્રોન હુમલાની ધમકીઓ બાદ સંખ્યાબંધ ફ્લાઈટ્સને નીચે ઉતારાતા એરપોર્ટ પર ભારે અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. સોમવારે તેમને રાષ્ટ્રપતિના હુકમનામાં હેઠળ પદ પરથી બરતરફ કરી દેવામાં આવ્યા હતા. મંત્રીની હત્યા



બાદ રશિયન આર્મીના પૂર્વ ડેપ્યુટી ચીફ ઓફ જનરલ સ્ટાફ અને પુતિનના નિકટના ગણાતા જનરલ ખલીલ આર્સલાનોવને ૧૭ વર્ષની જેલની સજા ફટકારાતા રાજકીય ભૂકંપ સર્જાયો હતો. સરકારી ન્યૂઝ એજન્સી ટાસના મતે આર્સલાનોવને રક્ષા મંત્રાલય સાથે સંકળાયેલા કોન્ટ્રાક્ટ્સમાં ૧.૬ અબજ રૂબલ (૧૨.૭ મિલિયન ડોલર)ના કૌભાંડમાં દોષી ઠેરવવામાં આવ્યા હતા. રશિયાની મિલિટરી કોર્ટમાં બંધ દરવાજે થયેલી કાર્યવાહીમાં આર્સલાનોવ અને તેના સહયોગીઓ વિરુદ્ધ પુરાવા સાબિત થયા હતા અને તેમણે વોએનટેલીકોમ નામની કંપની સાથે છેતરપિંડી આચરીને કરોડોનું સરકારી ભંડોળ સગેવગે કર્યું હતું. આ કંપની રશિયન આર્મી માટે ટેલિકોમ ડિવાઈસ તથા સેવા પૂરી પાડે છે. આર્સલાનોવને ૧૨ મિલિયન રૂબલની લાંચના અન્ય કેસમાં પણ દોષી ઠેરવવામાં આવ્યા હતા.રશિયાએ યુક્રેન પર ૧૦૦ જેટલા ડ્રોન વડે કરેલા હુમલામાં ૧૧ નાગરિકોના મોત થયા હતા તથા ૮૦થી વધુ ઘાયલ થયા હતા. ઈજાગ્રસ્તોમાં સાત બાળકોનો પણ સમાવેશ થયો હતો. રશિયાએ છેલ્લા કેટલાક સપ્તાહમાં યુક્રેન પર હવાઈ હુમલાની સંખ્યામાં વધારો કર્યો છે,

રેપના આરોપીને નિર્દોષ છોડવાનો આદેશ યથાવત રાખતાં ગુજરાત હાઇકોર્ટે નોંધ્યું

# ગર્ભાવસ્થાના એડવાન્સ સ્ટેજ સુધી પીડિતાનું મૌન રહેવું સંમતિ ગણાય

## આરોપી વારંવાર તેના ઘરમાં ઘૂસી ગયો અને તેના પર રેપ કર્યો

અમદાવાદ, તા.૮

ગર્ભાવસ્થાના એડવાન્સ સ્ટેજ સુધી પીડિતાનું મૌન રહેવું સંમતિ ગણાય એવું મહત્ત્વનું અવલોકન હાઈકોર્ટે એક કેસના આદેશમાં કર્યો છે. આ કેસમાં આરોપીને નિર્દોષ છોડવાના આદેશને બહાલ રાખતાં હાઈકોર્ટે રાજ્ય સરકારે કરેલી અપીલ રદ કરી છે. હાઈકોર્ટે આદેશમાં નોંધ્યું હતું કે આરોપી અને પીડિતા વચ્ચે શારીરિક સંબંધ વારંવાર બંધાયા હતા. જોકે, પીડિતાએ ક્યારેય તેના પરિવારના કોઈ સભ્યને જાણ કરી નહોતી કે આરોપી તેના ઘરમાં ઘૂસી ગયો હતો અને તેના પર રેપ કર્યો હતો. જ્યારે તે ગર્ભવતી થઈ ત્યારે પણ, તેણે આ ઘટના તેના પરિવારના સભ્યોને જણાવી નહોતી. ગર્ભાવસ્થા એડવાન્સ સ્ટેજ સુધી પહોંચે ત્યાં સુધી કથિત રેપ અંગે પીડિતાનું મૌન સાબિત કરે છે કે આ રેપ નહીં પણ સંમતિનો કેસ છે. તેથી આરોપીને નિર્દોષ છોડવાના ચુકાદામાં કોઈ દખલ કરવાની જરૂર નથી. આ કેસમાં પીડિતાએ આરોપ લગાવ્યો હતો કે આરોપી વારંવાર તેના ઘરમાં એકલી હતી ત્યારે ઘૂસી ગયો અને તેના પર રેપ કર્યો. તેણે કથિત રીતે તેને ધમકી પણ આપી હતી કે જો તેણી ક્યારેય આ ઘટના કોઈને જણાવી તો તેના ગંભીર પરિણામો ભોગવવા પડશે. ત્યારબાદ, પીડિતા ગર્ભવતી થઈ ગઈ હતી પરંતુ ગર્ભાવસ્થાના સાતમા કે આઠમા મહિના સુધી તેણે આ માહિતી તેના પરિવારથી છુપાવી રાખી હતી. તેણે તેના માતાપિતાને જાણ કર્યા પછી, પોલીસ ફરિયાદ કરી હતી અને પોલીસે તપાસ બાદ આરોપી સામે ચાર્જશીટ કરી હતી. ત્યારબાદ, રેકોર્ડ પરની બાબતોને ધ્યાનમાં લેતા ટ્રાયલ કોર્ટે આરોપીને તમામ આરોપોમાંથી મુક્ત કર્યો હતો. હાઈકોર્ટે એવો અભિપ્રાય આપ્યો હતો કે આરોપી દ્વારા પીડિતા સાથે સંમતિ વિરુદ્ધ બળજબરીથી શારીરિક સંબંધ બાંધવામાં આવ્યો હતો તે સાબિત કરવા કોઈ તબીબી પુરાવા રેકોર્ડ પર નથી. વારંવાર જો તેની સાથે આવી ઘટના બની હોય ત્યારે તે ખૂબ જ અસંભવિત હતું કે તે તેના પરિવારને આ ઘટનાઓ જાહેર ન કરે. આરોપીએ ટ્રાયલ કોર્ટની કાર્યવાહી દરમિયાન એવો દાવો કર્યો હતો કે તે અને પીડિતા એકબીજાના પ્રેમમાં હતા અને તેમની વચ્ચેનો શરીર સંબંધ હતા. તેણે પોતાના દાવાના સમર્થનમાં બંનેના ફોટોગ્રાફ્સ પણ રજૂ કર્યા હતા.

ડીએનએ પરીક્ષણ બાદ મૃતદેહ પરિવારને સોંપવામાં આવશે

# અમેરિકામાં વેકેશન મનાવવા ગયેલો આખો પરિવાર અકસ્માતમાં ખતમ થયો

## રોંગ સાઇડથી આવી રહેલા મિની-ટ્રકે કારને ઉડાવી : ચારેયનાં મોત

ડલાસ,તા.૮

હૈદરાબાદના એક પરિવારના ચાર સભ્યોની રવિવારે (૬ જુલાઈ) માર્ગ અકસ્માતમાં બળીને મોત નિપજ્યા હતા. આખો પરિવાર અમેરિકામાં રજા માણવા ગયો હતો. આ દરમિયાન એક મિની ટ્રકે તેમની કારને ટક્કર મારી દીધી, જેનાથી કારમાં આગ લાગી ગઈ અને અંદર બેઠેલા તમામ લોકો બળીને ખાક થઈ ગયા હતા.હૈદરાબાદના રહેવાસી વેંકટ, તેમની પત્ની તેજસ્વિની અને તેમના બે બાળકો અમેરિકાના ડલાસમાં રજા માણવા ગયો હતો. જ્યારે તેઓ અટલાંટામાં પોતાના સંબંધીથી મળ્યા બાદ ડલાસ પરત



ફરી રહ્યા હતા, ત્યારે રોંગ સાઈડથી આવી રહેલા એક મિની-ટ્રકે તેમની કારને ટક્કર મારી દીધી હતી. ટક્કર બાદ કારમાં આગ લાગી ગઈ હતી અને દંપતી અને તેમના બંને બાળકોના મોત થઈ ગયા. મૃતકોની ઓળખ સુનિશ્ચિત કરવા માટે ડીએનએ પરીક્ષણ કરવામાં આવ્યા છે. ડીએનએ પરીક્ષણ બાદ મૃતદેહ પરિવારને સોંપવામાં આવશે.

એજન્ટો દ્વારા ધર્મપરિવર્તનનો ખેલ

# જમાલુદ્દીન ઉર્ફે છાંગુર બાબાની ધર્મ પરિવર્તન ગેંગનું રેટ લિસ્ટ

## નેટવર્ક માટે વિદેશથી ૧૦૦ કરોડથી વધુનું ફંડિંગ

બલરામપુર,તા.૮

ઉત્તર પ્રદેશના બલરામપુરમાં ગેરકાયદે ધર્માંતરણના મોટા નેટવર્કનો પર્દાફાશ થયા બાદ અત્યંત ચોંકાવનારા ખુલાસા થઈ રહ્યા છે. ગેંગનો લીડર જમાલુદ્દીન ઉર્ફે છાંગુરબાબા અને સહયોગી નીતુ રોહરા ઉર્ફે નસરીનને યુપી એટીએસે દબોચી લીધા છે. જમાલુદ્દીન પર છોકરીઓને ફોસલાવીને જબરદસ્તીથી ધર્માંતરણ કરાવવાનો આરોપ છે. આ નેટવર્ક માટે વિદેશથી ૧૦૦ કરોડ રૂપિયાથી વધુના ફંડિંગ મળ્યાની વાતો સામે આવી રહી છે. આ નેટવર્ક બલરામપુરના ઉટરીલા કસ્બામાં લાંબા સમયથી ચાલતું હતું.

પોલીસના જણાવ્યાં મુજબ આ ગેંગમાં હિન્દુ છોકરીઓના ધર્માંતરણની કાયદેસર રીતે એક ફી નક્કી હતી. મીડિયા રિપોર્ટ મુજબ બ્રાહ્મણ, ઠાકુર અને શીખ છોકરીનું ધર્મ પરિવર્તન કરાવવા પર ૧૫થી ૧૬ લાખ રૂપિયા મળતા હતા. પછાત જાતિની છોકરીઓનું ધર્મ પરિવર્તન કરાવવા માટે ૧૦ થી ૧૨ લાખ રૂપિયા અપાતા હતા. અન્ય જાતિઓ માટે ૮થી ૧૦ લાખ રૂપિયા મળતા હતા. એડીજીપી (લૉ એન્ડ ઓર્ડર) અમિતાભ યશે જણાવ્યું કે બલરામપુરના ઉટરીલા કસ્બામાં એક વ્યક્તિ છાંગુર બાબા ઉર્ફે જમાલુદ્દીન બાબા પોતાને હાજી પીર જલાલુદ્દીનના નામથી પ્રચાર કરે છે. તે એક સંગઠિત ધર્માંતરણ નેટવર્ક ચલાવે છે. એવું જાણમાં આવ્યું કે આરોપી પોતાના એજન્ટો દ્વાર છોકરીઓને ફોસલાવીને ધર્માંતરણ માટે પ્રેરિત કરતો હતો.

આરોપી પર NDPS અને છેતરપિંડી જેવા ગંભીર આરોપો

# કારના બોનેટ પર લટકાયેલા પાલનપુરના સબ ઈન્સ્પેક્ટરને કચડવાની કોશિશ થઈ

## ઉદયપુરના સુખેરમાં ફિલ્મી સસ્પેન્સ જેવો માહોલ સર્જાયો

ઉદયપુર,તા.૮

ઉદયપુરના સુખેર વિસ્તારમાં, લૂંટના આરોપી સુરેશ રાજપુરોહિતે ગુજરાત પોલીસના એક અધિકારીને કચડી નાખવાનો પ્રયાસ કર્યો. પોલીસકર્મીએ સ્વબચાવમાં ગોળીબાર કર્યો, પરંતુ આરોપી તેની કારમાં ભાગી ગયો.મંગળવારે, ઉદયપુર શહેરના સુખેર પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક ફિલ્મી સસ્પેન્સ જેવો માહોલ સર્જાયો, જ્યારે એક વોન્ટેડ આરોપીને પકડવા આવેલી ગુજરાત પોલીસની કાર્યવાહી રોમાંચક દ્રશ્યમાં ફેરવાઈ ગઈ. ગુજરાતના પાલનપુર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ જયદીપ સરવૈયા આરોપીને રોકવાના પ્રયાસમાં



SUVના બોનેટ પર કૂદી પડ્યા, પરંતુ આરોપીએ કાર રોકી નહીં. SHO લગભગ અડધો કિલોમીટર સુધી બોનેટ પર લટકતો રહ્યો અને તે દરમિયાન તેણે સ્વબચાવમાં પણ ગોળીબાર કર્યો. આમ છતાં, આરોપી કાર લઈને ભાગી ગયો હતો.

ફરાર આરોપીની ઓળખ જાલોરના રહેવાસી સુરેશ રાજપુરોહિત તરીકે થઈ છે.

નિડર અને નિષ્પક્ષ
લોકસત્તા જનસત્તા

## પાલિકાએ પૂર નિયંત્રણ માટે આજવાની સપાટી ઘટાડી ૨૨૮ ફૂટ સુધી લઈ જવા સ્ટોર્મ વોટર ડિસ્પોઝલ સિસ્ટમ કાર્યરત કરી

# પૂર (પાણી) પહેલા પાળ!



### ૧૪માંથી ૯ પંપો કાર્યરત કરાયા : વિશ્વામિત્રીની સપાટી પર ખાસ અસર નહીં થાય : આજવામાં ૩ ફૂટ બફર ક્ષમતા મળશે

### અત્યાર સુધી આજવાની જળ સપાટી ૨૧૧ ફૂટથી નીચે લઈ જવાની વ્યવસ્થા ન હતી

ઐતિહાસિક આજવા સરોવરના ૬૨ દરવાજા માંથી અત્યાર સુધી સૂર્યા નદી થઈને વિશ્વામિત્રી નદીમાં પાણી સપાટી ૨૧૧ ફૂટથી વધુ થાય તો છોડી શકાય છે. આજવાના ગેટ ૨૧૧ કે ૨૧૩.૮૫ ફૂટે સેટ થઈ શકે છે. ત્યારે આ પંમ્પો દ્વારા આજવા માંથી પાણી ખાલી કરીને સપાટી ૨૦૮ ફૂટ સુધી લઈ જવાથી ૩ ફૂટ જેટલી સરોવરની બફર ક્ષમતામાં વધારો થશે તેમ પાલિકાના સૂત્રોનું કહેવું છે.

### સરોવરનું લેવલ ઘટાડી શકાય એવું આયોજન

આ અંગે કોર્પોરેશનના અધિકારી ધાર્મિક દવેએ જણાવ્યું હતું કે, હાલમાં વરસાદનું જોર ઘટ્યું છે ત્યારે નદીમાં આ પાણી છોડી દેવાશે અને સરોવરનું લેવલ ઘટાડી શકાશે.

વડોદરા, તા.૮

વડોદરા મહાનગરપાલિકા દ્વારા પૂર (પાણી) પહેલા પાળ બાંધી દેવામાં આવી હોય તેમ આજવા સરોવરનું લેવલ ૩ ફૂટ જેટલું ઘટાડવા માટે ૧૪ જેટલા પંપથી સૂર્યા નદીમાં પાણી ઠાલવવાનું શરુ કરાયું છે. ઉપરવાસમાં આગામી સમયમાં વરસાદ પડે તો પણ આજવા સરોવરનું લેવલ જળવાઈ રહે તેવું આયોજન છે અને તેના કારણે વિશ્વામિત્રી નદીમાં પૂરનું સંકટ ટળી શકે.

આજવા સરોવરની રચના એવી છે કે તેમાં ૨૧૨ ફૂટ જેટલું લેવલ આવે ત્યારે જ દરવાજા ખોલી તેમાંથી પાણી વિશ્વામિત્રી નદીમાં છોડી શકાય. ભૂતકાળમાં એવું પણ થયું હતું કે, એક તરફ વરસાદ પડતો હતો અને બીજી તરફ આજવા સરોવર છલકાતા તેનું પાણી નદીમાં આવી ગયું હતું અને તેના કારણે પૂરની સંભાવના વધી ગઈ હતી. ત્યારે આ વર્ષે પૂર (પાણી) પહેલા પાળ બાંધવા એવું આયોજન કરવામાં આવ્યું છે. હાલમાં આજવા સરોવરને ૨૧૧ સપાટી ઘટાડી ૨૦૮ ફૂટ કરવા માટે પંપ મુકવામાં આવ્યા છે. જેના થકી પાણી ઉલેચીને આજવા સરોવરમાં ઠાલવવામાં આવી રહ્યું છે. આજવા સરોવરમાં ૩ ફૂટ સપાટી ઘટાડવાનું આયોજન છે, જેથી આગામી સમયમાં ઉપરવાસમાં ભારે વરસાદ પડે અને પાણીની આવક થાય તો પણ જળસ્તર મેઈન્ટેન થઈ શકે.

આજવા સરોવર ખાતે પૂર શમનના ભાગરૂપે સ્ટોર્મ વોટર ડિસ્પોઝલ સિસ્ટમ કાર્યરત કરવામાં આવી છે. આ કામગીરીના કારણે આજવા સરોવરમાં ૨૧૧ ફૂટ પાણીનું લેવલ થાય તો પમ્પિંગ દ્વારા સીધું નદીમાં છોડી શકાશે. તેમજ ચોમાસાની ઋતુમાં વધુ વરસાદ થાય તેવી સ્થિતિમાં અગાઉથી પાણી છોડવાથી બફર ક્ષમતા ઉભી કરી શકાશે. અત્યાર સુધી સરોવરમાં પાણી ૨૧૧ ફૂટથી ઓછું થાય તે માટેની વ્યવસ્થા ન હતી. જો કે, હાલમાં ૧૪ પંમ્પો પૈકીના ૯ પંમ્પ ચાલું કરવામાં આવ્યા છે. આ પાણી છોડવાથી વિશ્વામિત્રીની સપાટી પર કોઈ અસર થશે નહીં તેમ પાલિકાના સૂત્રોએ કહ્યું હતું. હાલ આજવા સરોવરનું જળ સ્તર ૨૧૦.૯૫ ફૂટ છે. આજવા સરોવરનું જળસ્તર ૨૧૧ ફૂટથી વધુ ન થાય તે માટે આ સિસ્ટમ લગાવી કાર્યરત કરવાની કામગીરી માટે ૧૪ પંપ સેટ મૂકવામાં આવ્યા છે. દરેક પંપની ક્ષમતા મુજબ દૈનિક ૪૦૫ મિલિયન લિટર પાણી આજવા સરોવર માંથી ઓછું થઈ શકશે. એટલે કે આજવા સરોવરનું જળ સ્તર ૦.૧૫ ફૂટ રોજનું ઓછું થશે. અને ૧૦ દિવસમાં ૧ ફૂટ પાણીનું લેવલ ઘટાડી શકાશે.

મ્યુનિ. કમિશનર અરુણ બાબુએ જણાવ્યું હતું કે, વિશ્વામિત્રી નદીમાં પૂરની સંભવિત પરિસ્થિતિને ટાળવા માટે વડોદરા કોર્પોરેશને આજવા સરોવર ખાતે કુલ ૧૪ પંપ મૂકવામાં આવ્યા છે,. જેમાંથી ૯ પંપ આજથી કાર્યરત કરાયા છે. આ પંપ દ્વારા આજવા સરોવરનું પાણી સૂર્યા નદીમાં છોડવામાં આવી રહ્યું છે. હાલમાં આજવા સરોવરની સપાટી ૨૧૧ ફૂટ છે, જેને ઘટાડીને ૨૦૮ ફૂટ સુધી લાવવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આ પ્રક્રિયા સતત ૩૦ દિવસ સુધી ચાલુ રહેશે, જેનાથી સરોવરનું પાણીનું સ્તર ૩ ફૂટ જેટલું ઘટશે. ઉલ્લેખનીય છે કે, આજવા સરોવરની ભયજનક સપાટી ૨૧૪ ફૂટ છે. ગત વર્ષે વિશ્વામિત્રી નદીમાં આવેલા ભયાનક પૂરના કારણે સર્જાયેલી સ્થિતીથી બોધપાઠ લઈને, પાલિકાના હોદ્દેદારો અને અધિકારીઓએ ચાલુ વર્ષે વરસાદ પહેલા જ અગમચેતીના પગલાં લેવાનો નિર્ણય કર્યો છે.

આજે આજવા સરોવર ખાતે મેયર પિંકીબેન સોની, મ્યુનિસિપલ કમિશનર અરુણ બાબુ, ડે.મેયર ચીરાગ બારોટ સ્થાયી સમિતિના ચેરમેન ડો. શીતલ મિસ્ત્રી સહિત પાલિકાના હોદ્દેદારો અને અધિકારીઓએ પંપ શરૂ કર્યા હતા.

સ્થાયી સમિતિના અધ્યક્ષે જણાવ્યું હતું કે, આજથી શરૂ કરાયેલી આ પ્રક્રિયા હેઠળ, દર કલાકે ૧૯૮૦૦ ક્યુબિક મીટર પાણી સૂર્યા નદીમાં ઠાલવવાની શરૂઆત કરવામાં આવી આવી છે. આ પાણી ખાલી કરવાની કામગીરીના કારણે આગામી ભારે વરસાદની પરિસ્થિતિમાં આજવા સરોવર અને વિશ્વામિત્રી નદીમાં પાણીનું સ્તર નિયંત્રિત રાખી શકાશે. ઉલ્લેખનિય છે કે, નવલાવાલા કમિટી દ્વારા શહેરમાં પૂરને અટકાવવા માટે કેટલાક શોર્ટ ટર્મ અને લોંગ ટર્મ ઉપાયો સૂચવ્યા છે. જેમાં આજવામાં બફર ક્ષમતા અંગેનુ સુચનનો પણ સમાવેશ થાય છે.

---

### મ્યુનિ. કમિશનરે અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોની સાથે રિવ્યૂ બેઠક યોજી

# વડોદરા શહેરમાં રોડ પર પડેલાં ખાડા એક અઠવાડિયામાં પૂરી દેવા અલ્ટિમેટમ

### હોટ મિક્સ, કોલ્ડ મિક્સ ડામર, વેટમીક્સ નાખીને ખાડા પુરાણ કરાશે

વડોદરા, તા.૮

વડોદરા શહેરમાં હાલમાં ચોમાસાની સીઝનમાં શહેરના વિવિધ વિસ્તારોમાં રોડ પર પડેલા ખાડાથી લોકો ત્રાહિમામ થયાં છે. કોર્પોરેશનમાં આજે મ્યુનિસિપલ કમિશનરે અધિકારીઓ અને પાણી, ડ્રેનેજ અને રોડના કોન્ટ્રાક્ટરો સાથે સમીક્ષા બેઠક કરી રોડ પર પડેલા ખાડા એક અઠવાડિયામાં પૂરી દેવા સુચના આપી છે. કમિશનરે જણાવ્યું હતું કે વડોદરામાં પડેલા ખાડાથી લોકોને જે અસુવિધા ઊભી થઈ છે તે હવે ન થાય તે માટે રોડ મોટરેબલ બનાવવા કહ્યું છે.

જોકે, કમિશનરે કહ્યું હતુ કે, હાલ ચોમાસાની સિઝન ચાલુ હોવાથી કાર્પેટિંગ થઈ શકશે નહીં, પરંતુ હોટ મિક્સ, કોલ્ડ મિક્સ ડામર વગેરે માલ નાખીને ખાડાનું પુરાણ કરવામાં આવશે. જ્યાં લાગશે ત્યાં વેટમિક્સ નાંખીને ખાડા પુરવા સુચના આપી છે. કોર્પોરેશનનો આ મટીરીયલનો પ્લાન્ટ ચાલુ કરી માલ સપ્લાય બરાબર મળતો રહે તેવી પણ વ્યવસ્થા થશે. અગાઉ જ્યાં ડ્રેનેજ અને પાણી, વરસાદી ગટરની કામગીરી માટે ખોદકામ થયું હોય અને ખાડા પડ્યા હોય તો તે પુરવાની પણ સૂચના કોન્ટ્રાક્ટરોને આપવામાં આવી છે. ચોમાસા બાદ રોડ કાર્પેટિંગ, આરસીસી રોડ અને નવા રોડ બનાવવા સંદર્ભે અલગથી એક બેઠક કરવામાં આવશે.

વધુમાં તેમણે કહ્યું હતુ કે, હાલ જે રોડની ફરિયાદો થઈ છે તેના થર્ડ પાર્ટી ઈન્સ્પેક્શનના રિપોર્ટ મંગાવવામાં આવ્યા છે, જેના આધારે રોડ ગેરેન્ટી પિરિયડમાં છે કે કેમ તે જાણી આગળની કાર્યવાહી થશે. જો ડ્રેનેજ, પાણી, વરસાદી ગટર કે રોડના ઈજારદારે ટેન્ડરની શરતો મુજબ રોડની કામગીરી કરી નહીં હોય તો પેનલ્ટી કરવામાં આવશે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે ડ્રેનેજ અને પાણીની લાઈન માટે ખોદકામ કર્યા બાદ જે પુરાણ કર્યું હોય તેનું સેટલમેન્ટ થાય તે પૂર્વે વરસાદ ચાલુ થઈ જતા પણ ખાડા પડ્યા છે. એન્જિનિયર અને કોન્ટ્રાક્ટરોએ અઠવાડિયામાં ખાડા પૂરવાની કામગીરી થઈ જશે તેવી ખાતરી આપી હોવાનું તેમણે કહ્યું હતું.

#### કઈ એજન્સી દ્વારા ખાડા ખોદવામાં આવ્યા તેની યાદી મગાવી

પૂર્વ ઝોનમાં પાણીની લાઈન અને ડ્રેનેજની લાઈન લીકેજ વાળી ૮૧૫ જેટલી જગ્યાઓની યાદી તેમજ કઈ એજન્સી દ્વારા લીકેજ રીપેરીંગ કરવા માટે ખાડા ખોદ્યા તે તમામ એજન્સીઓની યાદી આપવા, ઉપરાંત દક્ષિણ ઝોનમાં તરસાલી બાયપાસ પાસેના માર્ગ ઉપર ડ્રેનેજ નાંખાવાની કામગીરી ચાલુ છે. જ્યાં પણ કેટલાક સ્થળો ઉપર ખાડા પડ્યાં છે તે ખાડાઓને પૂરવામાં આવે, શહેરના અનેક વિસ્તારોમાં ડ્રેનેજ લાઈન નાંખ્યા બાદ જમીન બેસી જતાં ખાડા પડ્યાં છે અને પાણી ભરવાની સમસ્યા સર્જાઈ છે. ત્યાં પણ યોગ્ય પૂરાણ કરવાની સુચના મ્યુનિ. કમિશનરે આપી છે.

---

### પિતાએ ઘર વેચીને પણ દીકરીનાં લગ્ન ધામધૂમથી કરાવ્યા

# મેરેજ બ્યૂરોમાં મળ્યાં, બે વાર લગ્ન કર્યાં ને પછી યુએસના એનઆરઆઈએ દહેજ માગ્યું

### હવે ૨૫ તોલા દેહજની માગણી : NRI પતિ સહિત સાસુ-સસરાં સામે પોલીસ ફરિયાદ

વડોદરા, તા. ૮

નેહા અને કુંજનો પરિચય 'જીવન સાથી મેરેજ બ્યુરો' દ્વારા થયો હતો. લગ્નની વાતચીત આગળ વધી ત્યારે કુંજના પરિવારે શરૂઆતથી જ દહેજની માગણીઓ મૂકવાનું શરૂ કર્યું. નેહાના માતા-પિતા સાથેની વાતચીતમાં કુંજના પરિવારે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, તેઓ દ્રઈ હોવાથી લગ્નનો તમામ ખર્ચ નેહાના માતા-પિતાએ ઉઠાવવો પડશે અને તમામ સુવિધાઓ વૈભવી હોવી જોઈએ. આ ઉપરાંત, ૨૦ થી ૨૫ તોલા સોનાની દહેજની પણ માંગણી કરવામાં આવી હતી. આ અસહ્ય માંગણીઓને કારણે નેહાના પરિવારે શરૂઆતમાં લગ્ન કરવાની ના પાડી દીધી હતી. લગ્નની ના પાડ્યાના વીસ દિવસ બાદ, કુંજ પટેલ અને તેમના માતા જૈમિનીબેન વડોદરાના જેતલપુર રોડ સ્થિત પોતાના ઘરે આવ્યા હતાં. તે સમયે નેહા અને તેમના પરિવારને મળવા બોલાવ્યા હતા. આ મુલાકાત દરમિયાન પણ કુંજના માતા-પિતાએ દહેજની માંગણી યથાવત રાખી હતી. ત્યારે કુંજે નેહા અને તેમના માતા-પિતાને આઘાત આપતા કહ્યું કે, "છોકરી પાસે કંઈ ન હોય તો પણ ૧૦ તોલા આપે છે." આખરે, નેહાના માતા-પિતાએ દીકરીનો ઘર સંસાર તૂટે નહીં તે માટે સાદાઈથી લગ્ન કરાવવાનો નિર્ણય લીધો. દુર્ભાગ્યે, નેહાના દુઃખનો અંત અહીં આવ્યો નહીં. લગ્નના બીજા જ દિવસથી તેમના સાસુએ દહેજની માંગણી શરૂ કરી અને તેમને માનસિક ત્રાસ આપવાનું ચાલુ કર્યું. નેહાના સાસુ-સસરાએ તેમના પિતાને ફોન કરીને જણાવ્યું કે, "તમે જે લગ્ન કર્યા તે સાદાઈથી કર્યા. હવે અમારે ધામધૂમથી લગ્ન કરાવો, અમારા વિદેશથી આવતા મહેમાનોને પણ સારી હોટલમાં રાખજો અને તમામ સંબંધીઓને કવરો આપવા પડશે." નેહાનો ઘર સંસાર ન તૂટે તે માટે તેમના પિતાએ મકરપુરાનું પોતાનું ઘર વેચી દીધું અને સાસરિયાઓની મરજી મુજબ ધામધૂમ પૂર્વક લગ્ન કરાવ્યા, જેમાં આવેલા તમામ ૫ રિવારજનોને ૨૫,૦૦૦ના કવર પણ આપવામાં આવ્યા. લગ્ન બાદ હનીમૂન પર ગયેલા નેહાની તબિયત સારી ન હોવાથી તેમણે શારીરિક સંબંધ બાંધવાની ના પાડી. આ વાત પર કુંજ તેમની સાથે ઝઘડો કરવા લાગ્યો અને બોલાચાલી થઈ. હનીમૂનથી પરત આવ્યા બાદ કુંજ નેહાને તેમના માતા-પિતાના ઘરે કારેલીબાગ મૂકી ગયો. થોડા દિવસ પછી કુંજે નેહાને મેસેજ કર્યો કે તે અમેરિકા જઈ રહ્યો છે. આથી નેહા અને તેમના પિતા કુંજને મળવા તેના ઘરે ગયા હતા. ત્યાં નેહાના સાસુ-સસરાએ તેમને અને તેમના પિતાને જણાવ્યું કે, "તમે કેમ અહીંયા આવ્યા? કોઈ મારું કંઈ બગાડી નહીં શકે." આટલું કહીને નેહાને ખુબ શારીરિક, માનસિક અને વારંવાર દહેજની માંગણી કરી ત્રાસ આપવાનું ચાલુ રાખ્યું. આ અસહ્ય ત્રાસ અને દહેજની સતત માંગણીઓથી કંટાળીને આખરે નેહાએ પોતાના સાસુ, સસરા અને પતિ કુંજ પટેલ સામે મહિલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. આ ઘટના સમાજમાં દહેજની લાલચ એટલી હદે સંબંધોને વેરવિખેર કરી શકે છે તેનું વધુ એક કરુણ ઉદાહરણ પૂરું પાડે છે.

---

### ઝઘડિયા વીજ કંપની કર્મીઓએ કચેરીમાં દારૂની મહેફિલ જમાવી

# ગ્રાહકો ફરિયાદ કરવા ગયાં તો કચેરીમાં દારૂની મહેફિલ જોઈ

### વીજપુરવઠો ખોરવાતાં ૩૮ કોલ કર્યા, કોઈએ રિસીવ ન કર્યા એટલે ગ્રાહકો વીજ કચેરી પહોંચ્યા ને ભાંડો ફૂટ્યો

ભરૂચ,તા.૮

ઝઘડિયાના ટાવર ફળિયામાં રહેતા ધવલ શાહના ફળિયામાં રવિવારના રોજ વીજળી ડૂલ થઈ ગઈ હતી. વીજકર્મીઓએ આવી વીજલાઈનની મરામત કરી લાઈટ ચાલુ કરી દીધી હતી, જોકે ધવલ શાહના મકાનમાં ઈન્વર્ટર ચાલુ હોઈ તેમના મકાનમાં લાઈટ આવી કે ન આવી તેમને જાણ થઈ ન હતી. બાદમાં માત્ર તેમના મકાનમાં જ લાઈટ ન હોવાનું માલૂમ પડ્યું હતું. ધવલ શાહે પોતાના મકાનમાં વીજપુરવઠો ખોરવાયો હોવાની જાણ કરવા ઝઘડિયાની વીજ કંપનીમાં ફોન કર્યા હતાં. એક કે બે વખત નહીં, પણ ૩૮ વખત કોલ કર્યા છતાંય ત્યાંથી કોઈપણ જવાબ મળ્યો ન હતો. રાત્રિનો સમય થવા આવ્યો હોઈ, અને ઘરે અંધકાળ છવાયો હતો જેથી તેઓ પત્ની અને માતા સાથે ઝઘડિયાની DGVCLની વીજ કચેરી ખાતે ફરિયાદ લખાવવા માટે રૂબરૂ પહોંચ્યા હતા. જોકે વીજ કચેરીએ પહોંચી નજારો જોતા જ તેઓ. સ્તબ્ધ થયા હતા. ૩૮ જેટલા કોલ કર્યા હોવા છતાંય ફોન નહીં ઉઠાવનારા વીજકર્મીઓ વરસાદી માહોલમાં કચેરીમાં જ જાહેરમાં દારૂની મહેફિલ માણી રહ્યા હતા. જોકે જાગૃત નાગરિકે આ કર્મીઓની કરતૂતને મોબાઈલના કેમેરામાં કેદ કરી તે વીડિયોને સોશિયલ મીડિયામાં વાયરલ કરી દીધો હતો.





એક તરફ વીજકર્મીઓએ કચેરીના ટેબલમાં દારૂના પેક બનાવી પી રહ્યા હતા. એક કર્મી તો હાથમાં રહેલી દારૂની બોટલ સંતાડી રહ્યો હોય એમ નજરે પડ્યો હતો. બંને કર્મીઓને કોઈપણ પ્રકારનું કંઈ જ ભાન ન હતું, તેઓ સરખી રીતે જવાબ પણ આપી રહ્યા ન હતા. જોક વાયરલ થયેલ વીડિયો અંગે ઝઘડિયા DGVCLના એસઈ ઉમેશ ચંદરએ જણાવ્યું હતું કે આ વીડિયો અંગે અમે અમારા ઉપરી અધિકારીઓને એની જાણ કરી દીધી છે યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. ત્યારે વીજ સપ્લાય વગર લોકો આંધળામાં મચ્છરોના ત્રાસ વચ્ચે રહેવા મજબૂર બને અને વીજ કર્મીઓ દારૂની મહેફિલ માણી દારૂની પાર્ટી કરે તે યોગ્ય ન કહેવાય જેથી આવા કર્મીઓ પર તાત્કાલિક ધોરણે ઉદાહરણરૂપ કાર્યવાહી કરવામાં આવે તેમજ ગુજરાતમાં દારૂબંધી છે તો આ દારૂ આવ્યો ક્યાંથી અને તેના માટે જવાબદાર કોણ તેની ઊંડાણ પૂર્વક તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.

---

### દેશના ૧૦ કેન્દ્રીય કર્મચારી સંગઠન દ્વારા આજે હડતાળનું એલાન

# વડોદરામાં જાહેરક્ષેત્રની ૧૨ બેંકોના કર્મચારીઓ આજે હડતાળમાં જોડાશે

### એક દિવસીય હડતાળને પગલે આજે બેન્કિંગ સેવા ખોરવાશે

વડોદરા, તા.૮

દેશના ૧૦ કેન્દ્રીય મજદૂર સંગઠનોએ સંયુક્ત ધોરણે આવતીકાલે તા. ૯ જુલાઈના રાષ્ટ્રવ્યાપી હડતાળનું એલાન આપવામાં આવ્યું છે. જેમાં બેંકિંગ, કોલસા ખાણકામ, ઈન્સ્યોરન્સ કંપની અને પરિવહન જેવા ક્ષેત્રોના દેશભરનાં કરોડો કર્મચારીઓ જોડાશે. સરકારની 'કોર્પોરેટ-તરફેણ, મજૂર-વિરોધી અને ખેડૂત-વિરોધી' નીતિઓનો વિરોધ કરતાં આ બંધનું એલાન કરવામાં આવ્યું છે.વડોદમાં આ હડતાળમાં સ્ટેટ બેન્ક સિવાયની જાહેર ક્ષેત્રની ૧૨ બેન્કોના કર્મચારીઓ જોડાશે જેના પગલે બેન્કિંગ વ્યવહારને વ્યાપક અસર થશે.

લોકલ બેંક એમ્પ્લોઈઝ કો-ઓર્ડીનેશન કમિટી વડોદરાના મહામંત્રી ડી.એલ. વ્યાસે કહ્યું હતુ કે, કેન્દ્ર સરકારની કામદાર વિરોધી અને કોર્પોરેટ સમર્થક નિતિઓના વિરોધમાં જાહેરક્ષેત્રની ૧૨ બેંકોના કર્મચારીઓ, ઓફિસર્સ આ હડતાળમાં જોડાશે. હડતાળમાં ગુજરાતના લગભગ ૧૦૦૦૦ જેટલા બેંક કર્મચારીઓ જોડાશે.તેમણે કહ્યું હતુ કે, બેન્કોમાં પર્યાપ્ત માત્રામાં ભરતી કરવી, જાહેર ક્ષેત્રમાં વધતી જતી આઉટ સોર્સીંગની પ્રથા નાબૂદ કરવી, બેંકોનું ખાનગીકરણ નહી કરવું તેમજ ખાનગી બેંકોનું રાષ્ટ્રીયકરણ કરવું, બેંકોના ગ્રાહકોને સર્વિસ ચાર્જમાં રાહત આપવા, કામદારોના હિતો સામે આવેલા ચાર શ્રમ કાયદાઓને રદ કરવા, નવી પેન્શન સ્કીમને રદ કરીને જૂની પેન્શન સ્કીમ દાખલ કરવા વગેરે માગ લઈને બેંક કર્મચારીઓ અને ઓફિસર્સ આ હડતાળમાં જોડાશે.

વડોદરામાં એસબીઆઈ સિવાયની તમામ જાહેર ક્ષેત્રની બેંકોની હડતાળથી બેન્કિંગ વ્યવહારને અસર થશે.